# સંત સમાગમનાં સંભારણાં

(મુનિશ્રી સંતબાલજી સાથેનાં સંસ્મરણો)

અંબુભાઈ શાહ

• પ્રકાશક •

**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ-૩૮૦ ૦૦૪.

# સંત સમાગમનાં સંભારણાં

## (મુનિશ્રી સંતબાલજી સાથેનાં સંસ્મરણો)

અંબુભાઈ શાહ

• પ્રકાશક •

**મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર**

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,

અમદાવાદ-૩૮૦ ૦૦૪.

❑ પ્રકાશક :
મનુ પંડિત, મંત્રી મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, શાહીબાગ રોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૩૮૧૦૪૭.

❑ પ્રથમ આવૃત્તિ : ગૂડી પડવો, ચૈત્ર સુદ ૧, ૨૦૫૩.
મુનિશ્રી સંતબાલજીની ૧૫મી નિર્વાણતિથિ

❑ નકલ : એક હજાર

❑ **કિંમત : રૂપિયા વીસ**

❑ ટાઈપસેટીંગ :
પૂજા લેસર,
એ-૧૫, બી.જી. ટાવર્સ, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ. ફોન : ૫૬૨૬૮૮૨

# અ...ર્પ...ણ

*જેના નયનોમાં છે અમૃત નિર્મળ નેહનાં,*
*જેનો મુખ-સાગર ગરજે પળપળ પ્રભુગાન,*
*જેનો આત્મા આતશ જેવો પાક ધગે સદા,*
*જેનું જીવન રંક પરંતુ વિચાર મહાન.*

*એવા સંતપુરુષ*

**પૂ. શ્રી રવિશંકર મહારાજને**

*વંદન સાથે સમર્પિતભાવે ધન્ય બન્યો.*

**- અંબુભાઈ**

ગૂડી પડવો : સંવત ૨૦૫૩

# સંતનું પ્રેરણારૂપ પાથેય

મુનિશ્રીએ સૂચવેલ તેમના સાથીદારોને આદરાંજલિ આપવાની ભાવનાને સંસ્થાના હીરક મહોત્સવ પ્રસંગે શ્રી અંબુભાઈના આ પુસ્તક 'સંત સમાગમનાં સંભારણાં'થી પૂરી થાય છે. સાચા અને સંનિષ્ઠ દેશભક્તો, પ્રજાસેવકો આજે આંગળીના વેઢે ગણાય એટલા માંડ જડી આવે. મુનિશ્રીના ધર્મદૃષ્ટિએ સમાજરચનાના પ્રયોગમાં - ભાલ નળકાંઠા જેવા પ્રદેશમાંથી, સ્થાનિક ધરતીમાંથી પણ કેટલાક સેવકો મળી આવ્યા, તેઓશ્રી તેમનું સહેજે ઘડતર કરતા ગયા એને પરિણામે કેટલાક સેવકો ગુજરાત વ્યાપી નેતૃત્વ ધરાવી શકે એવા પણ તૈયાર થયા. શ્રી અંબુભાઈ આજે આપણી સમક્ષ એમાંના એક ઊભા છે. જેઓ પોતાની ઘડતર કથાને સાદી, સરળ છતાં રોચક અને ભક્તિભાવ ભરી શૈલીથી વાચકના દિલને પણ સંત સ્પર્શમણિનો સ્પર્શ કરાવે છે.

આમાંનાં પ્રત્યેક પ્રત્યેક પ્રસંગે વસંતના નવપલ્લવિત વાતાવરણની જેમ તેમને સત્યાન્વેષી કર્યા છે. એટલું જ નહીં એક પ્રબુદ્ધ સંતના ધીર-વીર પ્રયોગ કરનાર સંતના ઉત્તરાધિકારી બની શક્યા છે. સંસ્થાનો વિકાસ ધીમે ધીમે પોષણદાયક રસથી જેમ વૃક્ષફળનો થાય તેમ અહીં વ્યક્તિ-સંસ્થાનો જોઈ શકાય છે. અંબુભાઈએ પોતાના વિવિધ કામો વચ્ચે પણ એને હપતે હપતે ચાલુ રાખીને ભાલ નળકાંઠા પ્રયોગનું એક ચિત્ર જ રજૂ કર્યું છે.

ભાઈ ઈન્દુકુમાર જાનીને વિનંતી કરતાં તેમણે પ્રસ્તાવના રૂપ બે બોલ લખી આપ્યા, તેથી તેઓ પણ અમારા આભારી છે.

ગુજરાતની અન્ય સંસ્થાઓને પણ પોતાના ઘડતરમાં આ લેખમાળા પ્રેરણારૂપ બની રહેશે એવી અમને આશા છે.

જે લોકો મુનિશ્રીના કાર્યક્ષેત્રથી જોડાયેલ છે, અથવા તો તેમના પત્ર વિશ્વવાત્સલ્યના નિયમિત વાચક હશે, તેમને આમાં કેટલાયે પ્રસંગોનું પુનરાવર્તન પણ દેખાશે, પરંતુ ઘણી વખત પ્રસંગ એક હોય અને તેમાં વેશ ભજવનાર-નાટકના પાત્રોની જેમ વિવિધ હોય છે. એટલે એવી પુનરુક્તિને પ્રબોધિની માની, સ્વીકારી લેવા નમ્ર વિનંતી છે.

વિશ્વવાત્સલ્ય કાર્યાલય,
ધૂળેટી : તા. ૨૩-૩-૧૯૯૭

**- મનુ પંડિત**
મંત્રી,
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર

# જૈન પરંપરા અને ગાંધીવિચારનો વિરલ સમન્વય

"પ્રથમ તો આપણે બધાં મનુષ્યો છીએ, તે રીતે આપણે બધાં એક જ જાતનાં છીએ. કોઈ પણ ધર્મનો કે સંપ્રદાયનો હોય, આપણે મનુષ્યને નાતે તેની સાથે પ્રેમ રાખી શકીએ. તેને ગરીબી કે દુ:ખમાંથી બચાવી શકીએ, દલિતોનાં આંસુ લૂછી શકીએ, તિરસ્કાર પામેલાંઓને આશ્વાસન આપી શકીએ. આ તો આપણો સામાન્ય માનવધર્મ છે. આમાં ક્યાંય આત્મધર્મ અભડાય નહીં."

મુનિશ્રી સંતબાલજીએ માનવધર્મ સંદર્ભે 'વિશ્વવાત્સલ્ય'માં વ્યક્ત કરેલું આ ચિંતન 'સંત સમાગમનાં સંભારણાં' પુસ્તિકામાં પાને-પાને જોવા મળે છે.

આ પુસ્તિકાની મોટા ભાગની વાતો ચાર-પાંચ દાયકા અગાઉની દુનિયામાં આપણને લઈ જાય છે. પરિવાર ભાવનામાંથી પોષાયેલું બળ કઈ રીતે વિકસે છે તેમ જ સમાજસેવી સંસ્થાઓના પ્રશ્નો તથા વ્યક્તિ-વિકાસની સાથોસાથ સમાજ ઘડતર કેવી રીતે થાય છે; તેનાથી પુસ્તિકાનો પ્રારંભ થાય છે. એમાં જોવા મળતી અંગત વાત પણ આજના યુવાન વર્ગ માટે પ્રેરણાદાયી છે. પુસ્તિકાના ત્યાર પછીના પ્રકરણોમાં મુનિશ્રી સંતબાલજીની વિચારધારા તથા સમસ્યાઓ સંદર્ભે તેમનું આગવું ચિંતન ખૂબ જ સાદી અને હૃદયસ્પર્શી ભાષામાં વ્યક્ત થયું છે. વ્યક્તિ, પરિવાર, સંસ્થાગત કુટુંબ અને વિશ્વકુટુંબનો ક્રમિક વિકાસ અહીં તાદૃશ થાય છે.

આ પ્રસંગો વર્ષો જૂના હોવા છતાં સાંપ્રત પરિસ્થિતિની દૃષ્ટિએ આજેય પ્રસ્તુત છે. વિરમગામમાં કૉલેરા ફાટી નીકળ્યો ત્યારે લોકભાગીદારીથી સફાઈકામ થયું તેવું સુરતના પ્લેગ વખતે થઈ શક્યું હોત. આજેય લોકભાગીદારી અને સ્વચ્છતાની અનિવાર્યતા છે જ. મીરાંબહેનને માતૃજાતિનાં પ્રતીકરૂપ ગણવાની

વાત હોય કે પછી સાધ્વીજીને વંદન કરવાની વાત... આજેય મહિલાઓની જે વિષમ પરિસ્થિતિ જોવા મળે છે તે સંદર્ભે અને સ્ત્રી-પુરુષની સમાનતાની દૃષ્ટિએ તે કેટલી બધી સુસંગત છે ! વાલ્મીકિ-સમાજના લોકો છાણિયા ઘઉં ખાવાની મજબૂરીમાંથી મુક્ત થયા એ સારું થયું, એકલદોલક કિસ્સામાં તે વર્ગના લોકો શિક્ષક કે રસોયા થાય તેય સારું છે... પરંતુ કષ્ટમુક્તિના સંકલ્પો છતાં તેમનું માનવીય પુનઃસ્થાપન બાકી છે તે વાત સાંભરી આવે છે. એટલે એ બેઠી ક્રાંતિ આગળ ધપાવવાની આજેય જરૂર છે. બગડનો શુદ્ધિપ્રયોગ, ડાંગરનો નૈતિક ભાવ સ્વૈચ્છિક ધોરણે ખેડૂતો નક્કી કરે, ખેડૂતોના સવાલો, કુદરતી આપત્તિ કે વિકાસકાર્યો માટે લેવાતું દાન, આજેય જોવા મળતું ન્યાયનું નાટક, શાંતિસેનાની જરૂર, વિસ્થાપિતોના રોટલાનું સાધન એવી જમીનો ન ઝૂંટવાય વગેરે બાબતોમાંથી આજની પરિસ્થિતિનો સામનો કરવાની ગુરુચાવી પ્રાપ્ત થાય છે. આજે જે રીતે ધર્મના નામે સમાજને વહેરવામાં - વહેંચવામાં આવી રહ્યો છે, તે સંજોગોમાં 'સાચા' સંતે સમાજને કઈ રીતે દોરવણી આપવી ઘટે તેનું ચિત્રણ અહીં જોવા મળે છે. મુનિશ્રી સંતબાલજીએ શતાવધાનીનું બિરુદ છોડી દીધું... અવધાનની શક્તિને ચમત્કાર ગણી લેવાય તેવા અવૈજ્ઞાનિક અભિગમને તેઓએ ન સ્વીકાર્યો તેને આજના ચમત્કારી ગણાતાં સાધુઓ અનુસરશે ? મુનિશ્રી સંતબાલજીએ કહ્યું હતું કે, મારો કોઈ આગવો સંદેશો નથી. જૈન પરંપરાને આધુનિક યુગાનુરૂપ ગાંધીવિચારના અનુસંધાને આગળ ધપાવતા રહેવી એ જ સંદેશો છે.

આ સંદેશો અહીં સુપેરે ઝીલાયો છે. જોકે હજી વધુ સંભારણાં ઉમેરાયાં હોત તો સારું થાત એવી આજે એક ઝંખના પણ જાગે છે. 'વિશ્વવાત્સલ્ય'માં આ લેખમાળા છપાતી હતી ત્યારે જ મેં મુ. શ્રી અંબુભાઈને તેનું પુસ્તિકારૂપે પ્રકાશન કરવા વિનંતી કરી હતી. તે પ્રકાશિત થાય છે તેનો મને અદકેરો આનંદ છે.

**- ઈન્દુકુમાર જાની**

નયા માર્ગ કાર્યાલય,
ખેતભવન,
ગાંધી આશ્રમની બાજુમાં,
અમદાવાદ-૩૮૦ ૦૨૭.

# લેખકના બે બોલ

અંગત એવું કેટલુંક અનિવાર્યપણે લખવું સહજ બન્યું છે. મુનિશ્રીએ પોતે નામો લખીને 'વાત્સલ્યધારા'ની શ્રેણીમાં પ્રગટ કરવા સૂચન કરેલું, તે પૈકી એક મારા નામની (અંબુભાઈ શાહની) પુસ્તિકા પ્રગટ થઈ નથી.

સહજ ભાવે ૧૬મી એપ્રિલ, ૧૯૯૫ના વિશ્વવાત્સલ્યના અગ્રલેખમાં અંગત ઉલ્લેખ થયો અને - નાનું કુટુંબ - મોટું કુટુંબ - વિશ્વકુટુંબ - એમ બે લેખો એના અનુસંધાનમાં જ લખાયા. પણ આવી પ્રસંગ કે ઘટનાકથાઓને લેખમાળામાં વણી લેવાય તો સામાજિક મૂલ્યો, સમાજસેવી સંસ્થાઓ, કાર્યકરોને જાણવા, સમજવા, ઓળખવા અને ધારે તો આચરવામાં પ્રોત્સાહન મળે.

આમ લેખમાળા વિ.વા.માં લખાય છે તે વાંચતાં કેટલાક જિજ્ઞાસુ વાચકોએ આવા પ્રસંગો લખવાનું ચાલુ રાખવાનાં સૂચનો કર્યાં તો કેટલાક વાચકોએ એને પુસ્તકરૂપે પ્રગટ કરવા પણ સૂચવ્યું.

સંસ્થાએ આના પર વિચાર કરી, મોટા પુસ્તકરૂપે નહીં, પણ નાની પુસ્તિકારૂપે એ પ્રગટ કરવાનો નિર્ણય લીધો.

આમ હવે આ કથાઓ પુસ્તકરૂપે પ્રગટ થાય છે.

એક સાચા સંત-સાધુપુરુષ કે સત્યાર્થી, આત્માર્થી પુરુષના સત્સંગથી તેમના સમાગમથી સત્સંગ કે સમાગમ કરનાર વ્યક્તિના અંગત જીવનમાં કેવી કેવી અસરો થાય છે, પ્રભાવ પડે છે અને વ્યક્તિ તેમજ સમાજનું પરિવર્તન થતું આવે છે, વળી તે પરિવર્તન કેવું ટકાઉ નીવડે છે, તેની કંઈક ઝાંખી આમાંથી મળશે.

આવી અપેક્ષા-આશા સફળ થાઓ એ અભ્યર્થના !

સર્વોદય આશ્રમ, ગૂંદી. — **અંબુભાઈ શાહ**
જિ. અમદાવાદ

# અનુક્રમણિકા


પ્રકાશકીય - સંતનું પ્રેરણારૂપ પાથેય..... મનુ પંડિત ..... ૩
જૈન પરંપરા અને ગાંધીવિચારનો વિરલ સમન્વય..... ઈન્દુકુમાર જાની ..... ૫
લેખકના બે બોલ..... અંબુભાઈ શાહ ..... ૭
૧. નાનું કુટુંબ - મોટું કુટુંબ - વિશ્વકુટુંબ ..... ૯
૨. ધરતીનો છેડો ઘર ..... ૧૫
૩. આજે સમાજ શીર્ષાસનથી ચાલે છે ..... ૧૯
૪. સફાઈકામ ..... ૨૨
૫. આચાર્ય દેવો ભવઃ ..... ૨૬
૬. મૂળીમાંથી મીરાં ..... ૨૮
૭. પળેપળની જાગૃતિ ..... ૩૪
૮. નિસર્ગમાં સહુ સરખાં સૃજેલાં ..... ૩૬
૯. છાણિયા ઘઉં ..... ૪૦
૧૦. તપનું સામાજિકરણ ..... ૪૨
૧૧. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે...' ..... ૪૫
૧૨. એકતાનું ગણિત ..... ૪૮
૧૩. લોકશાહી અને અધ્યાત્મ ..... ૫૦
૧૪. તત્ત્વજ્ઞાનની બાળપોથી ..... ૫૪
૧૫. ભાલ પાઈપલાઈન યોજના ..... ૫૬
૧૬. 'જીવરાજ' - વ્યક્તિનું નામ કેમ ? ..... ૬૦
૧૭. સોનાની ડાંગર ..... ૬૨
૧૮. ઘઉં-જુવારનો અદલો બદલો ..... ૬૪
૧૯. બનાસકાંઠાને બી ..... ૬૭
૨૦. "નાણાં લઈએ પણ..." ..... ૭૨
૨૧. સાથીની ભૂલ નિવારવા અને તેને જોવાનો માર્ગ ..... ૭૭
૨૨. ન્યાયનું નાટક ..... ૭૮
૨૩. નબળાઈની ખતવણી બીજાને ખાતે ન કરીએ ..... ૮૪
૨૪. શાંતિસેનાની કામગીરી ..... ૮૭
૨૫. અવધાન એ ચમત્કાર નથી, સ્મરણશક્તિ છે ..... ૮૯
૨૬. રોટલાનું સાધન ઝૂંટવાય નહીં ..... ૯૧
૨૭. સેનાપતિ અને સંતોનો અભિગમ ..... ૯૫

# ૧ નાનું કુટુંબ-મોટું કુટુંબ-વિશ્વકુટુંબ

**[તા. ૧૬-૪-૯૫ ના 'વિશ્વવાત્સલ્ય' પાના ૬૭ ઉપર 'સંતબાલ પરિવાર સંમેલન' મથાળા નીચેના લખાણમાં પા. ૬૮ ઉપર અંબુભાઈના વક્તવ્યમાં 'પરિવાર ભાવનામાંથી પોષાયેલું બળ'ની વાતનો અછડતો ઉલ્લેખ છે.**

**આમાં અંગતતા હોવા છતાં આ બળ કઈ રીતે વિકસે છે અને સમાજસેવી સંસ્થાઓમાં કેવા કેવા પ્રશ્નો હોય છે; નવા ઊભા થાય છે; નવી નવી સમસ્યાઓ સર્જે છે અને એમાં વ્યક્તિ, સંસ્થા, સમાજ અને સંતપુરુષોનું પ્રત્યક્ષ પરોક્ષ માર્ગદર્શન કઈ રીતે કેવું કેવું કામ કરે છે. ખાસ તો સમાજ ઘડતર કેમ થાય છે તે જાણવા સમજવા અને આચારમાં મૂકવા જેવું લાગ્યું છે. આ દૃષ્ટિએ થોડા હપતાઓમાં અહીં જ એ આપવા ધાર્યું છે.]**

બરાબર ૪૭ વર્ષ થયાં એ ઘટનાને રાણપુરની ભાદર નદીમાં રેત કાંકરીના પથારામાં અમે બેઠા હતા. મુનિશ્રી સંતબાલજી, શ્રી મણિભાઈ પટેલ, શ્રી જયંતીલાલ ખુશાલદાસ શાહ અને આ લખાણ લખનાર અંબુભાઈ શાહ એમ અમે ચાર હતા.

ધોમ તાપ તપવાની શરૂઆત થઈ ગઈ હતી. પણ અમારી વાતનો અંત ન આવ્યો. ચર્ચા અધૂરી જ રાખવી પડી. જોકે વાતના મુદ્દાઓ સ્પષ્ટ હતા અને નિર્ણયાત્મક ભૂમિકા માટેનાં બંને બાજુનાં મંતવ્યો પણ ખુલ્લા મનથી રજૂ થઈ ગયાં જ હતાં, પણ નિર્ણય થઈ શક્યો નહોતો. મુનિશ્રીનો વિહાર સૌરાષ્ટ્ર તરફ હતો. તડકો આકરો થાય તે પહેલાં વાતનું જાણે સમાપન થતું હોય એમ મુનિશ્રીએ મને કહ્યું :

"જુઓ વિચારજો. નિર્ણય હવે તમારે જ કરવાનો છે. વાત તો બધી થઈ જ ગઈ છે."

એ મતલબનું કહીને મુનિશ્રી અને મણિભાઈએ સૌરાષ્ટ્ર ભણી પ્રયાણ કર્યું. જયંતીભાઈ અને હું રાણપુરથી બસમાં ધંધૂકા થઈ ટ્રેનમાં ગૂંદી ગામમાં આવ્યા. ત્યારે હજુ આશ્રમ નહોતો. ગૂંદી ગામની ધર્મશાળામાં કે ગામના વેપારી શ્રી હરિલાલ ચતુરભાઈ શાહને ત્યાં અમે જતાં આવતાં રોકાતા.

ડિસેમ્બર ૧૯૪૭માં મુનિશ્રીના પ્રયોગમાં જોડાયાને પાંચ છ મહિના થઈ ગયા હતા. નૈતિકભાવે ડાંગર અને ઘઉં ખરીદવા, સંઘરવા અને વેચવાનું કામ પુરજોશમાં ભાલનળકાંઠા ખેડૂત મંડળે શરૂ કરી દીધું હતું. ખેડૂત મંડળના મંત્રી તરીકે મારે સતત ગામડાંનો પ્રવાસ કરવાનો રહેતો. ખેડૂતોનો સહકાર ઘણો

સારો હતો. હવે ખેડૂત મંડળની ઑફિસ ક્યાં કરવી ? મારે પણ હવે રસોડું શરૂ કરીને ક્યાં રહેવું ? મારા ખર્ચનું કેમ ? કેટલું ? ક્યાંથી મેળવવું ? વગેરે પ્રશ્નો હતા જ. એનો નિર્ણય કરવા માટે રાણપુરની ભાદર નદીમાં વાતો થઈ હતી.

મારું મંતવ્ય હતું કે -

'કાપડનો ધંધો તો હવે મારે બંધ જ કરવાનો છે. મારાથી બે નાના ભાઈઓ સાથે અમદાવાદમાં મારાં માતા-પિતા રહે છે. બંને ભાઈઓ મિલમાં નોકરી કરે છે. મધ્યમ વર્ગનું સામાન્ય સ્થિતિનું અમારું સંયુક્ત કુટુંબ. મારે માથે બે વર્ષની દીકરી અને મારાં પત્ની કમળાના ખર્ચનો બોજો જ હતો. પરંતુ માતા-પિતાનું ઋણ અદા કરવાની મારી ફરજ, એમનો બોજો બે ભાઈઓને માથે નાખી દઉં એ બરાબર નથી. મારું ખર્ચ નીકળે ઉપરાંત મહિને ૨૫-૫૦ રૂપિયા ઘેર મોકલું તો ઋણ અદા કર્યાનું સમાધાન મળે. આ ગણતરીએ મારા ખર્ચનો બોજો સંસ્થા ઉપાડે." આવું મારું મંતવ્ય.

મુનિશ્રીનું મંતવ્ય હતું કે -

"ત્રણ ભાઈઓમાંથી એક ભાઈ સમાજનું કામ કરવા માટે આપવા તમારું કુટુંબ તૈયાર થયું જ છે તો એની પ્રતિષ્ઠા પણ તમારા પરિવારનેય મળશે જ. એ જ ઋણ ચૂકવણું છે. ઋણ ધનથી જ ચૂકવાય એવું નથી."

મેં દલીલ તો કરી જ હતી કે -

"મહારાજશ્રી, મારે બચત કરીને બૅંક બેલેન્સ કરવું નથી કે કોઈ અંગત મિલકત ઊભી કરવી નથી, પણ કરકસર કરી થોડી રકમ બચાવું તે મારા કુટુંબને આપું એમાં વાંધો શા માટે ?"

"પ્રશ્ન ધનથી મૂલ્યાંકન કરવાનો છે. કરકસરથી રહો તે તો સારું જ છે. પણ તો તેટલો જ ખર્ચ સંસ્થામાંથી લેવો જોઈએ ને ? પૈસા આપો તો જ ઋણ ચૂકવાય એ પૈસાનો ગજ જ બરાબર નથી. ધર્મ દૃષ્ટિએ સમાજની રચના કરવાનો આ પ્રયોગ છે. પ્રયોગની પાયાની સંસ્થા 'નૈતિક ગ્રામ સંગઠન'ના તમે મંત્રીપદે છો. જો પૈસાના ગજે જ માપવાનું રાખશો તો આ પ્રયોગને ન્યાય નહીં આપી શકો."

શબ્દો આ જ હતા એમ નથી, પણ ભાવ અને મતલબ આ જ હતા ! આમ છતાં મને સમાધાન નહીં મળવાથી મેં દલીલ ચાલુ રાખી હતી. છેવટે મહારાજશ્રીએ મૃદુતાથી ધીમેથી કહ્યું હતું :

'ઠીક છે; તો એમ કરો. પૈસા કમાઓ. માતાપિતાનું ઋણ પૈસાથી ચૂકવ્યું એમ સમાધાન મળે, પછી આવવાનું વિચારજો.' મને બરાબર યાદ છે કે, ગૂંદી ગયા પછી ત્રણ દિવસ મારા ભારે ચિંતન મંથનમાં ગયા હતા. એક લાંબો કાગળ મુનિશ્રીને લખ્યો હતો અને એમાં સ્પષ્ટ લખ્યું હતું કે, હવે અંગત કમાણી કરવા જવાનો તો કોઈ સવાલ જ નથી. આપના પ્રયોગમાં જોડાયો છું એ તો બરાબર વિચાર કરીને જ જોડાયો છું અને ચાલુ જ રહેવાનો છું. પરંતુ માતાપિતાનું ઋણ ચૂકવવાની આ બાબત વિચાર કરીને સંમતિ આપવા આ પત્રમાં વિનંતી કરી હતી.

આ પત્રના જવાબમાં મુનિશ્રીએ પોતાના મંતવ્યને દોહરાવ્યું હતું. પણ તેમ છતાં જો પોતાના (મુનિશ્રીના) મંતવ્યની ગડ હાલ ન બેસતી હોય તો ભલે, થોડું કુટુંબને મોકલશો તો તેને ક્ષમ્ય ગણવામાં આવશે. એવી મતલબનું લખીને મને મોટું આશ્વાસન અને હૂંફ આપ્યાં હતાં.

મુનિશ્રીનો પત્ર આવ્યા પછી મહિનાઓ બાદ શ્રી મણિભાઈને મળવાનું થયું. એમણે વાત કરી ત્યારે મુનિશ્રીએ મને ક્ષમ્ય ગણવાનું શા માટે લખ્યું તે જાણવા મળ્યું.

મારો પત્ર મણિભાઈએ વાંચ્યો હતો. એ અંગે મુનિશ્રી સાથે ચર્ચા થઈ હતી. ત્યારે મણિભાઈએ મુનિશ્રીને એ મતલબનું કહ્યું કે -

"મહારાજશ્રી આપણે મોટા પાયે કામ ઉપાડ્યું છે. એમાં આ ખેડૂતમંડળના કામમાં વેપારી સૂઝ સમજવાળા કામ કરનારાઓ જોઈશે. માંડ આ એક અંબુભાઈ જેવા મળ્યા છે. આપની દૃષ્ટિ તો સાચી જ છે. પણ એની ગડ જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી થોડું બચે તે ઘેર મોકલાવે તો તેમાં વાંધો ન લેવો જોઈએ. આદર્શના અંતિમ છેડાને પકડીને શરૂમાં તો કોઈ જ નહિ મળે."

મણિભાઈએ કહ્યું કે, મારી આવી દલીલ ઉપર વિચાર કર્યા પછી મહારાજશ્રીએ તમને પત્ર લખ્યો હતો.

મેં મનોમન મણિભાઈને ધન્યવાદ આપ્યા અને આભાર માન્યો. મને એમ પણ થયું કે, ક્યાં કોણ, કઈ રીતે, નિમિત્ત બને છે અને કુદરત કેવી કેવી અનુકૂળતા કરી આપે છે ? ખાસ તો મુનિશ્રીએ આદર્શના લક્ષ્ય તરફ ભારપૂર્વક ધ્યાન ખેંચીને મારી કક્ષાને પણ ધ્યાનમાં રાખવાનું વ્યવહારુ વલણ અપનાવ્યું તે જોઈને પ્રયોગમાં ખૂંપવાને મન વધુ તૈયાર થયું તે મોટો લાભ મને થયો.

ભાલ નળકાંઠા ખેડૂતમંડળની સ્થાપના ૧-૪-૪૮ના થઈ હતી. ડાંગર ઘઉંની ખરીદી વગેરેની વ્યવસ્થા અને ગામડાંના સંપર્ક માટે શરૂના છ મહિના એકધારા ભાલ નળકાંઠાના ગામડાંઓમાં મોટા ભાગે પગપાળા પ્રવાસ કરીને ફરવામાં ગયો હતો. મુનિશ્રીનો આશ્વાસન પત્ર આવ્યા પછી બાવળામાં ખેડૂતમંડળની ઑફિસ શરૂ કરી. રહેવાનું પણ એ જ મકાનમાં રાખ્યું હતું. એટલે રસોડા ખર્ચ સિવાય બીજો ખર્ચ નહોતો. પરિવારમાં મારાં પત્ની કમળા અને બે વર્ષની દીકરી જ્યોત્સ્ના. મારા આશ્રિત પરિવારના યોગક્ષેમના ખર્ચની સંપૂર્ણ જવાબદારી સંઘે સ્વીકારી હતી. તે ખર્ચ કેટલું લેવું તે નિર્ણય મારા પર છોડ્યો હતો. અલબત્ત, તેને સંસ્થામાં ઠરાવિક સ્વરૂપ તો આપવાનું રાખ્યું જ હતું. તે વખતની જરૂરિયાતો અને ભાવોની ગણત્રી કર્યા પછી મહિને ૩૦-૪૦ રૂપિયા જેવું અમદાવાદ માતાપિતાને મોકલી શકું તેવી ધારણાથી મહિને રૂપિયા ૧૫૦ હું લેતો હતો. શરૂના છ મહિના રસોડું ચાલુ નહોતું કર્યું તેથી તે ગાળાના બચેલા રૂ. ૮૦૦/- મેં અમદાવાદ ઘેર આપ્યા હતા. બસ, આ એક જ વખત અપાયા તે આપ્યા, પછી આજ સુધીના ૪૮ વર્ષમાં નથી તો બચત થઈ કે નથી તો પરિવારમાં એક પણ વખત આ પ્રશ્ન ચર્ચાયો, કે કેમ બચત થતી નથી કે આપતા નથી.

બાવળામાં છ એક મહિના રહીને અમે ગૂંદી આશ્રમમાં ૧૯૪૮ના ચોમાસા પછી તરત રહેવા આવી ગયા. ભાઈ નવલભાઈ ૧૯૪૬-૪૭ થી સંસ્થામાં જોડાયા હતા. અને હઠીભાઈની વાડી અમદાવાદમાં રહીને 'વિશ્વવાત્સલ' પાક્ષિકનું સંપાદન કાર્ય સંભાળતા હતા. પણ એ તો ગામડાંનો જીવ. અમદાવાદમાં શેં ગમે ? ગૂંદી આશ્રમની સ્થાપના શ્રી રવિશંકર મહારાજના પવિત્ર હાથે થઈ. શ્રી નવલભાઈ, લલિતાબેન અને મુક્તિ એટલો પરિવાર નવલભાઈનો અને અમારું કુટુંબ એમ બે પરિવાર શરૂમાં ગૂંદી આશ્રમમાં રહેવાં ગયાં.

ગૂંદી આશ્રમ એટલે તે વખતનું કાશ્મિર ! કપડાં ધોવાં, વાસણ ઉટકવાં, ઘર સફાઈ, પથારી પાગરણ, છાણાં બળતણ વીણવાં, બધાં જ કામો સાથે મળીને કરતાં. દૂધ ત્રણ આને શેર (૪૦ રૂપિયા ભાર આપતા.) એક માઈલ દૂર ગૂંદી ગામમાંથી રોજ સવાર સાંજ લઈ આવતા. નવલભાઈએ શિક્ષણનું કામ મુખ્યપણે અને મેં ગ્રામસંગઠનનું કામ હાથ ધરેલું. મારે ગામડાંનો સંપર્ક વધુ એટલે ટાઈમ બે-ટાઈમ ગ્રામજનો મળવા પણ આવે. જમવાનો વિવેક કમળાએ પરંપરાગત

સંસ્કાર એટલે સાચવેલો તેને પરિણામે બચત થવી તો એક બાજુ રહી, પણ કમળાને મળેલા છાબના (લગ્ન પ્રસંગે) અને બીજી ભેટ સોગાદ સગાંઓમાંથી મળેલી તે અંદાજે ત્રણેક હજાર, એમનું સ્ત્રીધન પણ ઘર ખર્ચમાં જ પૂરું થઈ ગયેલું. શરૂમાં પેટી રેંટિયા પર અને પછી અંબર ચરખા ઉપર મુખ્ય કમળા અને ગૌણ સ્થાને હું એમ કાંતતાં. જરૂર કરતાં પણ વધુ અંબર કતાઈ થતી. તે પૂરક બનતી. ભંગી પરિવારો તો ગૂંદી આશ્રમની શરૂઆત થઈ ત્યારથી અમારા ઘરના રસોડા પાણિયારા સુધી આપ્તજન તરીકે જ પહોંચી ગયા હતા.

વીસ વર્ષ એક ધારાં ગયાં. દરમિયાન કુલ ત્રણ દીકરી એક દીકરો અને એમનો અભ્યાસ તથા મારી માંદગી અને ઑપરેશનો તથા સારવાર માટે - હવાફેર માટે ચોરવાડ, પૂના, ઉરૂલીકાંચન, અમદાવાદમાં વૈદ્યરાજ રસિકલાલ પરીખની સંજીવની હૉસ્પિટલ એમ બબ્બે ત્રણ ત્રણ અને ચચ્ચાર મહિના સુધી રહેવાનું. છેલ્લે ૧૯૬૮માં ડીયોડીનલ અલ્સરનું હોજરીનું ભારે ઑપરેશન મુંબઈ હરકીસનદાસ હૉસ્પિટલમાં કરાવ્યું અને લાંબો સમય મુંબઈ-ચિંચણમાં આરામ માટે રહેવાનું થયું. ત્યારે મારા પરિવાર સહિતની યોગક્ષેમની સંપૂર્ણ ખેવના ભાલ નળકાંઠા પ્રયોગ પરિવારે અને સંસ્થાઓએ જે પ્રેમ, ઉષ્મા અને આત્મીય ભાવે રાખી છે તે શબ્દોમાં વર્ણવી શકાય એમ જ નથી.

ત્રણ દીકરી અને એક દીકરાના લગ્નો થયાં ત્યારે પણ જે હૂંફ અને મદદ મળી છે તેનું પણ એમ જ છે. દરેકે દરેક પ્રસંગે કલ્પના ન કરી હોય તે રીતે આર્થિક મૂંઝવણ સહજ રીતે ટળી ગઈ છે.

એક લગ્ન પ્રસંગે ગામડેથી એક ખેડૂતે આવીને નોટોનું બંડલ મારા હાથમાં મૂકીને કહ્યું : "આ મારી દીકરીનાં લગ્ન છે. એમાં વાપરજો."

મેં કહ્યું : "પણ હું તો આમ કોઈના લેતો નથી."

તરત કહેવા લાગ્યા : "તે, જ્યારે પાછા આપવા હોય ત્યારે આપજો ને ? અત્યારે છે તો આપું છું. બીજા પણ મોકલીશ."

મારે જરૂર નહોતી એટલે ના કહેવરાવી કે હવે ન મોકલશો. વર્ષો પછી આ રકમ પૂરેપૂરી પાછી આપી દીધી હતી.

બીજા એક લગ્ન પ્રસંગે એક ખેડૂતે રૂ. ૩૦૦૦/- મોકલ્યા અને કહેવરાવ્યું કે, "બીજા જોઈએ તો કહેવરાવજો, અને જ્યારે પાછા આપવા હોય ત્યારે આપજો."

બીજી વ્યવસ્થા થઈ ગઈ હોવાથી આભાર સાથે આવેલા ત્રણ હજાર પાછા મોકલાવ્યા.

ચંદ્રવદનના લગ્ન વખતે બનેલી ઘટના પણ ઉલ્લેખનીય છે.

એ ખાદી જ પહેરતો હતો. લગ્નનો પોશાક ખાદીનો લેવો જોઈએ. પણ એટલું ખર્ચ કરવાની ત્રેવડ નહિ હોવાથી અમારી મૂંઝવણનો પાર નહોતો.

"મારા મિત્ર પાસે લગ્નનાં જ કપડાં છે નવાં જ છે. એણે મને આપવાનું કહ્યું જ છે. એક જ દિવસ માટે નાહક ખર્ચ શા માટે કરવો ? તે લઈ આવીશ."

તેની સમજણે તો ભારે રાહત અને આશ્વાસન આપ્યું. પણ કમળા અને મારા મનને ભારે ચોટ લાગી. ઉછીનાં કપડાં લઈને એકના એક દીકરાનાં લગ્ન પતાવવાની વાતની ગડ ન જ બેઠી. ગૃહસ્થાશ્રમની ઊભી કરેલી જવાબદારી અને કર્તવ્યને નહિ પહોંચી વળવા જેવી શરમની લાગણી પણ થઈ આવી.

પણ એ જ દિવસે રાત્રે એક મુરબ્બી મળવા આવ્યા ખબર અંતર પૂછ્યા. આમ તેમ થોડી વાતો કરીને ઊઠ્યા. ઊઠતી વખતે એક બંધ કવર મારા હાથમાં મૂકતાં કહે :

"કવરમાં પત્ર લખેલ છે તે વાંચજો" બસ આવજો કરીને તે તો ગયા. પછી કવર ખોલતાં એમાંથી સોસોની ૫૦ નોટો અને સાથે નાની પત્રની ચબરખીમાં લખેલું કે,

"ચંદ્રવદનના લગ્નમાં વાપરવા આપું છું. પાછા લેવાના નથી. આમ છતાં એમ ન લેવાના હો તો ભલે પાછા આપજો. પણ તમારી સગવડે ગમે ત્યારે આપજો. અને ન અપાય તોયે એનો ભાર મન પર ન રાખશો."

કમળા અને હું તો આશ્ચર્ય પામ્યાં. કોઈ ઈશ્વરી ફિરસ્તો જ જાણે આવીને પાંચ હજાર આપી ગયો હોય એમ સમજી ધન્યતા અનુભવી. ચંદ્રવદને ખાદીનો નવો પોશાક એ રકમમાંથી લીધો. અને ઊછીનાં કપડાં લેવાની શરમમાંથી અમે બચ્યાં. ચાર-પાંચ વર્ષમાં આ રકમ પૂરેપૂરી પાછી આપી દીધી હતી.

ખાસ તો ચંદ્રવદનના અભ્યાસનો ખર્ચ અને પ્રશ્નો તથા તેનો ઉકેલ કેમ થયો તે પણ જોઈ લઈએ.

મારા મનમાં એમ ખરું કે ચંદ્રવદન પણ મારી જેમ જ સામાજિક સંસ્થામાં કામ કરે તો સારું અને તેથી તેને બહુ ભણાવવાની જરૂર નથી. ભલે મેટ્રિક સુધી ભણે પછી ગૂંદી આશ્રમની સંસ્થામાં જ ગોઠવી લેવાશે.

પણ કમળાની ઈચ્છા તેને ઉચ્ચ અભ્યાસ કરાવીને આગળ લઈ જવાની હતી. તેથી મારી માન્યતાનો જોરદાર વિરોધ કરતાં છેવટે મને કહ્યું કે -

"પેટે પાટા બાંધીનેય મારે તો એને ભણાવવો છે."

અને કમળાએ ગૂંદી આશ્રમના ભંડારમાં નોકરી કરવાનું ચાલુ કરી દીધું. મારે કહેવું જોઈએ કે ચંદ્રવદન સી.એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) થયો તે પ્રતાપ કમળાનો. તે સી.એ. થયો, લગભગ ત્યાં સુધી મુશ્કેલી અગવડ વેઠીનેય કમળાએ ભંડારમાં કામ કર્યું. પેટે પાટા બાંધીનેય કહ્યા પ્રમાણે કર્યું જ.

એક રીતે આ બધી અંગત સ્પર્શતી બાબતો-પ્રસંગો દ્વારા અંગત કુટુંબ જીવન, સંસ્થાગત કુટુંબ જીવનમાં, સહજ રીતે, અહેતુક વૃત્તિથી, ફેરવાતું ગયું. અને કેવળ આજની જ ઘડી નહિ પણ "ધન્ય બધી જ ઘડી તે રળિયામણી રે"ની જેમ પળે પળે જાણે ધન્યતાનો અનુભવ થતો હોય એમ લાગવા માંડ્યું.

# ૨ ધરતીનો છેડો ઘર

યોગક્ષેમની ખેવનામાં ખોરાક, કપડાં, આરોગ્ય અને શિક્ષણની અમારી સમસ્યાઓનો ઉકેલ સુપેરે અને સહજપણે થતો રહ્યો. રહેણાંકના મકાનનો સમાવેશ આ ખેવનામાં હતો જ. સંસ્થાગત અને વ્યક્તિગત પ્રયાસો ૨૦ વર્ષ સુધી કરવા છતાં ૧૯૬૭ સુધીમાં આ રહેણાંકના મકાનની સમસ્યા વણઉકલી જ રહી હતી.

સંસ્થા પરિવારના વડીલ શ્રી છોટુભાઈ મહેતા અને સંસ્થાના મજબૂત થાંભલા જેવા શ્રી ફલજીભાઈ ડાભીની સતત મથામણ તો ચાલુ જ હતી. સાથી મિત્રો સાથે વિચારવિમર્ષ પછી સંસ્થામાં ઠરાવ પણ થયો કે, ગૂંદી આશ્રમની સંઘની જમીન ઉપર મકાન પોતાનું કરવું હોય તે કાર્યકર પોતાના વેતનના વીસેક ટકા રકમ સંઘમાં જમા કરાવે. તેટલી જ રકમ સંઘ એમાં ઉમેરે અને એમ કાર્યકરનું પોતાનું મકાન અમુક વર્ષ સુધીમાં બની જાય.

બે કે ત્રણ વર્ષ સુધી મેં આ રીતે બચત કરી જમા કરાવ્યા. પણ પછી બીજા કોઈના એમ જમા નહીં થયા તેથી એ યોજના આગળ વધી શકી નહીં અને મેં જમા મૂકેલી રકમ પાછી લીધી.

મારા સસરા સાણંદમાં રહે. તેમણે અમારા માટે અમારી જાણ બહાર ૧૦૦ વારનો ઘરથાળનો પ્લોટ રૂપિયા આઠસોમાં વેચાતો રાખી લીધો પછી

અમને વાત કરી. પણ સાણંદમાં રહેવાનો ખ્યાલ જ નહોતો. અને મકાન બાંધકામની રકમનો પણ સવાલ હતો જ. મારા સસરાએ પ્લૉટની રકમ મારી પાસે માગી નહોતી. અને મકાન માટેની રકમનું તો ભવિષ્યમાં થઈ રહેશે, એમ હૂંફ આપી હતી. પણ અમે ના જ પાડી.

અમુક વર્ષો પછી એ પ્લૉટ મારા સસરાએ કાઢી નાખ્યો.

ફલજીભાઈએ એક વખત મને કહેલું :

"તમારા માટે પોતાના ગામ જવારજમાં થોડી ખેતીની જમીન સાણંદના કારભારી સોમનાથ દવે સાથે અમારે સારા સંબંધો છે તો એમની પાસેથી અમે રાખી લઈશું. ખેડી-વાવી આપીશું. જે ઊપજ આવે તે તમારા ખપમાં આવશે.'

પણ આમ મિલ્કત ઊભી કરવાનો કે સંસ્થા સિવાય બીજી અંગત કમાણી કરવાનો ખ્યાલ જ નહિ હોવાથી એમને ના પાડી. પણ છોટુભાઈ-ફલજીભાઈના મનમાં વાત પાકી હતી કે ચંદ્રવદન અમદાવાદ ભણે છે તે કંઈ હવે ગૂંદી આશ્રમમાં રહેવા આવવાનો નથી. એટલે એને માટે મકાન તો જોઈએ જ. અને તે અમદાવાદમાં લેવું જોઈએ.

મુનિશ્રીનું સન ૧૯૬૭નું ચાતુર્માસ શિયાળમાં હતું. ચાતુર્માસ પછી કાયમ સ્થિરવાસ માટે ચિંચણ જતાં પહેલાં ગૂંદી આશ્રમમાં છેલ્લી વખત થોડા દિવસ તેઓ રોકાયા હતા.

દરમિયાન એક દિવસ ભાલના થોડા આગેવાનો સાથે ફલજીભાઈ આશ્રમ આવ્યા. છોટુભાઈ અને બીજા સાથી કાર્યકરો પણ ત્યાં જ હતા. મુનિશ્રી રૂબરૂમાં મને બોલાવી આ મતલબની વાત કરી :

"જુઓ, તમે તો ઘર કરી શકવાના નથી. અને કહેવત છે કે, 'ધરતી છેડો ઘર' તે મુજબ ચંદ્રવદન માટે ઘર તો જોઈએ ને ? અમે ખેડૂતોએ નક્કી ક છે કે, અમારે તમને ઘર કરી આપવું. અને તે માટે હાલ રૂપિયા દસ હજાર અ એકઠા પણ કરી લીધા છે. બીજા પછી કરીશું. મહારાજશ્રીની હાજરી છે. અ આ રકમ તમને આપવાની છે."

મહારાજશ્રીએ પોતાની દૃષ્ટિ સમજાવતાં આ મતલબનું કહ્યું :

"જેણે પોતાનું આખું જીવન સમાજને સમર્પિત કર્યું તેના યોગક્ષેમ' ચિંતા જો આ રીતે સમાજ કરતો થાય એ તો સરસ દાખલારૂપ છે. નળકાંઠા પ્રયોગને માટે તો આ ઘટના ઘણી પ્રેરણારૂપ બનશે."

છેવટે મેં સંમતિ આપી. ઘેર આવી કમળાને વાત કરી. એમણે તરત જ ના પાડી. કારણમાં કહ્યું :

"મારે ફંડફાળામાંથી મકાન કરવું નથી. ચંદ્રવદનના નસીબમાં ઘરનું ઘર લખ્યું હશે તો એને મળી રહેશે. પણ કોઈ આંગળી ચીંધીને કહે કે આ ઘર ફંડફાળા કરીને બંધાવ્યું છે તો એવું ચંદ્રવદનને સાંભળવું પડે એવું મારે કરવું નથી."

મારી ઘણી સમજાવટ અને મહારાજશ્રીની દૃષ્ટિએ આ એક સારો દાખલો બને તેવું કામ થાય છે. તેમાં સંમત થાઓ વગેરે દલીલો કર્યા પછી પણ કમળાએ સંમતિ ન જ આપી. અને જોરદાર વિરોધ કર્યો.

મેં તો સંમતિ આપી જ હતી. એટલે ભોજન પછી મુનિશ્રીના સાંનિધ્યમાં ખેડૂતો-કાર્યકરોની સભામાં મારે રકમ સ્વીકારી લેવાની વાત થઈ જ હતી. બપોરે સભા મળી. ત્યારે મેં મહારાજશ્રીને નજીકમાં જઈ ધીમેથી કમળાની દૃષ્ટિ અને દલીલ સમજાવી અને કહ્યું :

"હું તો પ્રયોગના ભાગરૂપ આ વાત આવી છે, અને તેમાં સંમત છું, પણ કમળાનો ભારે વિરોધ હોઈ આ વાત પડતી મૂકવા માંગું છું. માટે આપ હવે આગ્રહ ન રાખો અને ખેડૂત આગેવાનોને પણ આપની દૃષ્ટિ સાથે મારી અને કમળાની દલીલ અને ભૂમિકા સમજાવો. જેથી અમે ખેડૂતોની ઉચ્ચ ભાવનાનો અનાદર નથી કરતા, પણ પૂરા આદર સાથે આ રકમ સ્વીકારતા નથી. એની પાછળની દૃષ્ટિ બધા સમજે અને કશી ગેરસમજ કોઈના મનમાં ન રહે."

પછી તો કમળાને પણ સભામાં બોલાવ્યાં. મહારાજશ્રીએ તેમને પાસે બોલાવીને સાંભળ્યાં. અને પછી સુંદર રીતે આખો પ્રસંગ સમજાવ્યો. આવેલી રકમ સહુ સહુને પાછી આપી દેવી એમ નક્કી કર્યું અને સહુએ ધન્યતા અનુભવી અને પ્રસન્નતાથી સહુ વિખરાયા.

આ ઘટના ભાલ નળકાંઠા પ્રયોગમાં તે વખતે શિરટોચ કલગીરૂપ બની. પ્રયોગને જીવન સમર્પિત કર્યાની અમે સાર્થકતા અનુભવી. વ્યક્તિગત જીવન, સંસ્થાગત હૂંફને લઈને વ્યક્તિગત નાના કુટુંબમાંથી સંસ્થાગત મોટા કુટુંબમાં અવ્યક્ત રૂપે ફેરવાતું જતું હોવાની ભાવનાને આ ઘટનાની પુષ્ટિ મળી. સમાજરૂપી વ્યાપક કુટુંબની ભાવના બળવત્તર થતી હોવાનો અહેસાસ પણ થયો.

## છેવટે 'ઘરનું ઘર' થયું જ

મુનિશ્રી ગૂંદી આશ્રમમાંથી વિહાર કરીને ચિંચણ તરફ સ્થિર વાસ માટે ગયા. આ તરફ છોટુભાઈ, ફલજીભાઈના મનમાં 'ધરતીનો છેડો ઘર' અને

'ઘરનું ઘર' કરી આપવાની વાત જે તેમના મનમાં ઘર કરીને પડી હતી, તેણે છેવટે વહેવારુ રસ્તો અમને સમજાવ્યો.

"ફંડફાળાથી નહિ, પણ લોન લઈને તો ઘર કરવામાં વાંધો નથી ને ?"

અમને વાંધો તો નહોતો જ, પણ એ લોન વસૂલ ક્યારે, કેમ ? એનું વ્યાજ શું ? હપતો કેટલાનો ? એમ અનેક પ્રશ્નોની મૂંઝવણ અમારા મનમાં હતી જ.

સાથી મિત્રો સાથે એમણે આ બાબતે ચર્ચા કરી સમજી લીધું હશે. ત્યાર પછી પ્રાયોગિક સંઘની કારોબારીમાં આ પ્રશ્નનાં બધાં પાસાંની છણાવટ કરવામાં આવી. અને એકાદ મિટીંગ પછી સંઘે આ અંગે ઠરાવ કર્યો.

અમદાવાદમાં પોતાને પસંદ પડે ત્યાં ઘર માટે પ્રયત્ન કરવો. હાઉસિંગ બોર્ડ કે હાઉસિંગ કો-ઓ. સોસાયટીમાં શરૂમાં થોડી રકમ ભરી નામ નોંધાવવું. મકાનનો કબજો મળે ત્યારે બાકીની અમુક રકમ આપવાની થતી હતી. હાઉસિંગ સોસાયટીમાં બૅંક લોન પણ તે ઉપરાંત મળતી હતી. ૨૦ વર્ષ જેવા લાંબા વર્ષ સુધી માસિક હપતાથી લોન ભરવાની રહે.

શરૂમાં જે કંઈ રકમ ભરવાની થાય તે સંઘ ભરે, તે રકમ વિના વ્યાજુકી લોન સંઘ મને આપે. તેના માસિક હપતા ૨૦ વર્ષના મુદતના અમારે ભરવાના. આટલી બધી સરળ વ્યવસ્થા સહજપણે અને સામે ચાલીને સર્વાનુમતિથી સંસ્થાએ આપી. પરિણામે શરૂમાં પ્રગતિનગરના હાઉસિંગ બોર્ડમાં બે ફ્લેટ ડ્રોમાં મળ્યા. પણ એકની જ જરૂર હતી. એટલે એક જ રાખ્યો. પ્રગતિનગરના કરતાં વધુ સારી સગવડવાળું અને સારા બાંધકામના ફ્લેટ પછી નવા વાડજની દેવપથ કો-ઓ. સોસાયટીમાં મળવાથી પ્રગતિનગરનું મકાન સંઘના હિસાબનીશ શ્રી મગનભાઈને આપી દીધું.

રૂ. ૨૪,૦૦૦/- સંઘે મકાનની અને રૂ. ૩૦૦૦/- ફર્નિચર માટે મળી કુલ રૂ. ૨૭,૦૦૦/-ની લોન વિના વ્યાજે આપી. અને જિલ્લા સહકારી બૅંકે રૂ. ૨૦,૦૦૦/- ની વ્યાજુકી લોન આપી. બંને લોનો ૨૦ વર્ષના માસિક હપતાથી ભરપાઈ થઈ ગઈ છે. પ્રાયોગિક સંઘ સાર્વજનિક ટ્રસ્ટ હોવાથી આમ વિના વ્યાજે આપેલી લોન બાબત સંઘ પાસે કારણો અને ખુલાસા ચેરિટિ કમિશ્નરે માંગ્યા હતા. જે ઠરાવિક સ્વરૂપે સંતોષકારક અને યોગ્ય રીતે લોન અપાઈ છે એમ ખાતરી થવાથી ત્યારબાદ ચેરિટિ કમિશ્નરે વાંધો લીધો ન હતો.

આમ 'ઘરનું ઘર' તો થયું જ, પણ વ્યક્તિ, સંસ્થા અને સમાજનો સંબંધ કેમ બંધાયો અને વિકસ્યો તેનો જીવંત અનુભવ પણ થયો.

વિશ્વને કુટુંબ માનીને જીવવું એ ભાવાત્મક જીવન છે. એવી ભાવના ભાવીએ તો એમાંથી સંવેદના અનુભવાય બાકી આખા વિશ્વ સાથે સંબંધ બાંધી શકાય નહિ. એ મર્યાદા પણ આથી સમજાણી.

મોટું કુટુંબ એટલે સંસ્થાગત કુટુંબ સાથે સંબંધ બાંધી શકાય અને પ્રત્યક્ષ સંબંધ પરિચયથી આત્મીયતા સાધી શકાય. સ્નેહ-સદ્ભાવ અને સુખદુ:ખમાં સક્રિય ભાગીદારી થઈ શકે છે અને વ્યક્તિગત લોહીના સંબંધવાળું નાનું કુટુંબ પણ નજીકના દૂરના સગાવહાલા સહિત અનુકૂળ બની અપેક્ષાઓ રાખ્યા વિના સમાજસેવાના કામમાં સાથસહકાર આપતું થઈ જાય છે એવો અનુભવ પણ થયો.

# 3 આજે સમાજ શીર્ષાસનથી ચાલે છે

તિથિ કે તારીખ કઈ હતી તે સાંભરતું નથી, પણ સન ૧૯૪૫નું ચોમાસું બેસવાને થોડા દિવસોની વાર હતી. વિરમગામમાં મારે ઘેર હું સવારે નાસ્તો કરતો હતો. ત્યાં શ્રી નંદલાલ અમૂલખ પારેખ કે જેઓ ત્યારે કરાંચી રહેતા હતા, અને ત્યારે ત્યાં એમને ટી.બી.ની શરૂઆત જેવું દર્દ છે એમ લાગવાથી હવાફેર માટે વિરમગામથી ત્રણ માઈલ દૂર વણી ગામમાં રહેવા આવ્યા હતા, તે મારા મામા થાય. સવારના પહોરમાં તે આવ્યા એટલે મેં પૂછ્યું : "મામા અત્યારમાં ક્યાંથી ?"

કહે, "લે તને ખબર નથી ? સંતબાલજીનું ચોમાસું અહીં વિરમગામમાં છે. અને તેઓ રાત વણી મુકામે હતા. આજે એમનો વિરમગામમાં પ્રવેશ છે. એમની સાથે જ ચાલતાં હું આવ્યો છું."

મેં પૂછ્યું : "સંતબાલજી કોણ ?"

કહે, "જૈન સાધુ છે. મોટા વિદ્વાન છે. મેં પણ ગઈ કાલે વણી આવ્યા ત્યારે પહેલી વખત જ જોયા-સાંભળ્યા. બહુ સારા વિચારો ધરાવે છે. એમનું અત્યારે ગોલવાડી દરવાજે સ્વાગત છે. તને કહેવા જ આવ્યો છું. ચાલ."

મેં જવાની ના પાડતાં કહ્યું : "તમે જાઓ, મારે તો દુકાને જવું છે. પછી ઘેર આવજો."

તે ગયા. હું મારી કાપડની દુકાને ગયો. થોડી વાર થઈ અને દુકાન આગળથી વિરમગામના ૧૦-૧૨ આગેવાનો જેમાં નંદલાલભાઈ પણ હતા તે નીકળ્યા. આગેવાનોમાં તે વખતની ત્યાંની કૉંગ્રેસના અગ્રણીઓ વકીલ શ્રી

છોટાલાલ ભટ્ટ, શ્રી લાલચંદભાઈ શાહ, શ્રી પુરુષોત્તમદાસ નરોડિયા, શ્રી મગનલાલ શુક્લ, શ્રી ગોવિંદભાઈ પટેલ, શ્રી મગનલાલ પંડ્યા, શ્રી મગનલાલ શાહ વગેરે હતા. હું પણ એમની સાથે જોડાયો. ગોલવાડી દરવાજા બહાર સામેથી મુનિશ્રી સંતબાલજીને આવતા જોયા. સાથે શ્રી મણિભાઈ પટેલ પણ હતા. ઊંચું શરીર, મોહક અને પ્રતિભાસંપન્ન મુખ, ખાદીનો પોષાક, એક હાથમાં પાતરાંની ઝોળી, ખભે રજોહરણ, બીજા હાથમાં લાકડી, મોંઢે મુહપત્તી, આગળ પાછળ નાની મોટી ઝોળીઓ લટકે.

પ્રથમ દશ્યે મારા મન પર પ્રભાવ પાડ્યો.

સૂતરની આંટીથી સ્વાગત થયું. ચાતુર્માસનું નિવાસસ્થાન સુતારફળીના ચોકમાં તાલુકા કૉંગ્રેસ સમિતિના મેડા ઉપર હતું. ત્યાં જતા સુધીમાં પચાસેક જણની સંખ્યા થઈ. થેલી પાત્રાં બધું નિવાસસ્થાનમાં ઉતારી તદ્દન પાસે જ આવેલ શ્રી નરોડિયાની વખારવાળા ડેલામાં રાખેલી સભામાં મુનિશ્રી આવ્યા. 'ધર્મ અમારો એકમાત્ર એ સર્વધર્મ સેવા કરવી' એ પ્રાર્થના ઝિલાવી અને પ્રાસંગિક સંબોધન શરૂ કર્યું. એટલામાં વિરમગામના જૈન સમાજના પ્રતિષ્ઠિત મોભાદાર આગેવાનો શ્રી દોલતચંદ કાળીદાસ, શ્રી રતિલાલ મણિલાલ, શ્રી રાયચંદ કેશવલાલ વગેરે સભામાં આવ્યા. આપણી પ્રણાલી મુજબ "પધારો પધારો શેઠ, આગળ આવો. અહીં બેસો" એમ આગ્રહ થવા લાગ્યો. "ના, ના, અહીં ઠીક છે." એમ આનાકાની આગ્રહ ચાલ્યાં. ઠીક ઠીક વિક્ષેપ થયો. મુનિશ્રીએ સંબોધન એકાદ મિનિટ બંધ રાખ્યું. શ્રેષ્ઠીવર્યોએ પ્રથમ હરોળમાં સ્થાન લીધું, શાંતિ થઈ. એટલે મુનિશ્રીએ પ્રાસંગિક સંબોધન ચાલુ કર્યું. એ પૂરું થયા પછી મુનિશ્રીએ કહ્યું :

"આખું ચાતુર્માસ મારે અહીં રહેવાનું છે. આમ સભાઓ અવારનવાર રાખવાની થશે. એટલે એક સ્પષ્ટતા અત્યારે કરી લઉં કે સભાની એક શિસ્ત હોય છે. વહેલા આવે તે આગળ બેસે. જેમ જેમ આવતા જાય તેમ તેમ બેસતા જાય જેથી શાંતિ જળવાય. પણ દુઃખની વાત એ છે કે, આજે સમાજમાં ધન અને સત્તાને પ્રતિષ્ઠા મળે છે. ધનિકો અને સત્તાધારીઓ ગમે તે રીતે ધન અને સત્તા મેળવે, પણ સમાજમાં તેમનું સ્થાન જ આગળ પડતું હોય છે. વધુ દુઃખદ વાત એ છે કે, ધર્મસ્થાનકોમાં પણ પ્રમુખસ્થાને આગલી હરોળમાં જ એમનું સ્થાન હોય છે. એરણ જેટલી ચોરી કરે અને સોય જેટલું દાન આપનાર દાનમાં

હજારો અને લાખો આપીને 'દાનેશ્વરી' કે 'ધર્મ ધુરંધર'ના ઇલ્કાબો મેળવતા જોવા મળે છે. લોકો સાધુસંતોને પૂજે ખરા, પણ ચાલે તો પેલા ધનિકો અને સત્તાધારીઓ પાછળ. અમે સાધુ પુરુષો ગમે તેટલી ધર્મની શીખ આપીએ. સત્ય-અહિંસા-અપરિગ્રહ-અસ્તેય-સંયમ વગેરે મહાવ્રતો પાળવાનું કહીએ, પણ અમારી શિખામણ તો 'શેઠની શિખામણ ઝાંપા સુધી' આ કાને સાંભળીને આ કાને કાઢી નાખવાની."

અહીં મુનિશ્રીએ આનંદઘનજીનો દાખલો આપતાં કહ્યું હતું કે, "જૈન સંઘના શેઠ જરા મોડા પડ્યા અને આનંદઘનજીનું વ્યાખ્યાન તો સમયસર ચાલુ થઈ ગયું હતું. શેઠ તો ધૂંવાપૂંવા થઈ ગયા. પોતે આવે અને આગલી હરોળનું પ્રથમ સ્થાન સંભાળે પછી જ જૈન સાધુઓ વ્યાખ્યાન શરૂ કરે તેવી પ્રથા અહીં ચાલી આવતી હતી. આનંદઘનજીનું વ્યાખ્યાન પૂરું થયા પછી શેઠે સંભળાવ્યું : "એવી શું ઉતાવળ હતી તે મારા આવ્યા પહેલાં વ્યાખ્યાન ચાલુ કરી દીધું ?"

આનંદઘનજીએ સમયપાલનની વાત કરી તો કહે, "આ ઉપાશ્રય મેં બંધાવ્યો છે. વસ્ત્ર પણ મેં વહોરાવ્યાં છે. ગોચરી પણ મારા ઘેરથી વહોરાવાય છે. થોડી રાહ તો જોવી'તી !" આનંદઘનજી તો મહાન ક્રાંતદૃષ્ટા હતા. તરત જ ઊભા થયા અને શેઠને સંભળાવ્યું :

"ગોચરીનું અનાજ તો પેટમાં ગયેલું પાછું આપી શકતો નથી, પણ આ તમારાં વસ્ત્ર પાછાં. અને આ તમારો ઉપાશ્રય..." ઉપાશ્રય પણ છોડ્યો.

આમ કહીને ચાલી નીકળ્યા.

આ સ્થિતિમાં સમાજ જાણે શીર્ષાસનથી ચાલતો હોય એમ ગતિ કરી શકતો જ નથી."

સભાની શિસ્ત જાળવવામાં સહુ સહકાર આપશે એવી અપેક્ષા સાથે મુનિશ્રીએ વક્તવ્ય પૂરું કર્યું.

મૃદુ ભાષામાં એવી રીતે મુનિશ્રીએ આ વાત કરી હતી કે ખુદ પેલા શ્રેષ્ઠીવર્યોને એની ચોટ તો ન જ લાગે, ખોટા પ્રત્યાઘાત પણ ન પડે, પણ દરેક સાંભળનાર, સહુને શેઠિયાઓ સહિત હૃદયને અપીલ થાય. કાનમાંથી હૃદયમાં ઊતરે. વિચાર કરતા કરે. એવી મુનિશ્રીની આ વાણીથી હું ખૂબ જ પ્રભાવિત બન્યો. મનમાં થયું.

"આ સાધુ કોઈ જુદી જ માટીના છે."

મારું ઘર નજીકમાં જ લુહારકોડ-કુંભારફળીમાં હતું. રાત્રિ પ્રાર્થનામાં જવાનું ચાલુ કરી દીધું. મેડા ઉપર ચાર-પાંચ જણ જ પ્રાર્થનામાં આવતા. એમાંના એક શ્રી શિવાભાઈ જેઠાભાઈ પટેલ તે વખતે સરકારી કપાસ સંશોધન ફાર્મમાં મુખ્ય અધિકારી હતા. તે પણ રોજ આવતા.

પ્રાર્થના પછી અર્ધોએક કલાક પ્રશ્નો પુછાતા. વાર્તાલાપ ચાલતો. હું પ્રાર્થનામાં રોજ સમયસર અચૂક જતો સહેજે થઈ ગયો. રંગ લાગવાની શરૂઆત થઈ ગઈ એમ કહી શકાય.

## ૪ સફાઈકામ

બપોરના બેએક વાગ્યા હશે. મારી કાપડની દુકાને એક વિદ્યાર્થીએ આવીને કહ્યું : "સંતબાલજી મહારાજે તમને યાદ કર્યા હતા. અને અત્યારે ત્યાં એક મિટિંગ છે તેમાં તમારે આવવાનું છે."

મને મનમાં થયું ખરું કે, મને કેમ યાદ કર્યો હશે ? શેની મિટિંગ હશે ? એમાં મારું શું કામ હશે ?

પણ મહારાજશ્રી પ્રત્યે ખેંચાણ તો થયું જ હતું. તરત ગયો. તાલુકા કૉંગ્રેસ સમિતિના મેડા ઉપર થોડા વિદ્યાર્થીઓ અને ત્રણ ચાર મોટા કૉંગ્રેસ કાર્યકરો અને છોટુભાઈ-કાશીબહેન વગેરે બેઠાં હતાં. હું પણ એમાં ભળ્યો. મહારાજશ્રીએ વિરમગામમાં ભયંકર કૉલેરા ફાટી નીકળ્યો હતો તે વાત કરી. મ્યુનિસિપાલિટી તો તે વખતે સુપરસીડ થઈ હતી. પણ પ્રજાએ પોતે જ સફાઈ કામ તરત શરૂ કરી દેવું જોઈએ. મામલતદાર મ્યુનિ.ના વહીવટદાર તરીકે કામ કરતા હતા. તેમની સાથે છોટુભાઈ અને વિરમગામના કૉંગ્રેસ આગેવાનોએ વાત કરી લીધી હતી. આરોગ્યનું કામ કરવા એક પ્રજાકીય આરોગ્ય સમિતિની રચના મુનિશ્રીની પ્રેરણાથી થઈ હતી. જે કૉલેરાના દર્દીઓની સારવારનું કામ સંભાળશે. એક શહેર સફાઈ સમિતિની રચના અત્યારે કરવાની છે. તે માટે આ મિટિંગ રાખી છે. શાળાઓ-હાઈસ્કૂલોમાં વિદ્યાર્થીઓ સાથે વાતો કરી છે. રોજ એક કલાક મહોલ્લામાં જઈને સફાઈ સમિતિના સભ્યોએ સફાઈકામ કરવાનું છે. જે કંઈ કચરો એકઠો થશે તે મ્યુનિ.નું બળદ ગાડું આવીને ભરી જશે. આખું ચોમાસું આ સફાઈકામ થાય તોય વિરમગામ શહેરની ભયંકર ગંદકીની સફાઈ

પૂરી થાય એવું નથી; પણ પ્રજા તરીકે નાગરિક ધર્મ બજાવવાની ફરજ સમજીને આ કામની શરૂઆત કરી દેવી જોઈએ. સફાઈનાં સાધનો - ઝાડુ, તબડકાં, કોદાળી, પાવડા, ટોપલા વગેરેની વ્યવસ્થા પણ કરી દીધી હતી વગેરે વાતો મુનિશ્રીએ અને છોટુભાઈએ સમજાવી.

અંતે ૧૪ નામોની વિરમગામ શહેર સફાઈ સમિતિની રચના થઈ. મેં પણ મારું નામ નોંધાવ્યું. મને તો સમિતિનો મંત્રી નીમ્યો. નક્કી કર્યા પ્રમાણે બીજે દિવસે સવારે આઠ વાગ્યે સુતાર ફળીના ચોકઠામાં મુનિશ્રીના નિવાસસ્થાનના બારણાની બહાર ચૌદમાંથી અમે નવ જણ હાજર થયા. જેમાં પાંચ વિદ્યાર્થી હતા. અને ચાર મોટા જેમાં છોટુભાઈ-કાશીબહેન પણ ખરાં.

બહાર ચોકમાં અમે નવે જણ લાઈનમાં ઊભા રહ્યા. અમારા એક હાથમાં ઊભું ઝાડું, અને તબડકું, કોદાળી કે પાવડો ગમે તે એક બીજું સાધન બીજા હાથમાં. મુનિશ્રીએ પ્રાસંગિક બે શબ્દોમાં સ્વચ્છતાના સંસ્કારનું મહત્ત્વ સમજાવી શુભેચ્છાઓ આપી. દરમિયાન મારા ઘરના નજીકના જૈનોના મોટા મહોલ્લાનાં બહેનો પાણી ભરવા જતાં આવતાં આ નવતર દૃશ્ય જોવા ઘડીભર ઊભાં રહેતાં. મને તો એ ઓળખે જ. મને એ વખતે મનમાં એટલી બધી શરમ આવી કે ધરતી મારગ આપે તો એમાં સમાઈ જાઉં એમ થયું. હું કોણ ? અને આવું ભંગીનું કામ મારે કરવાનું ? પણ આવી ભરાણા જેવું થયું હતું. ભાગી જવું પણ શક્ય ન હતું.

છોટુભાઈ-કાશીબહેન સાથે ત્યારે કશો પરિચય નહિ. પણ એમની હૂંફ-સાથ એ દિવસે એવાં મળ્યાં કે એમની નિકટ અવાયું. એક કલાક બરાબર દિલથી પૂરી મહેનત કરીને પ્રથમ વોર્ડનો પ્રથમ મહોલ્લો એકદમ સ્વચ્છ બનાવી દીધો.

નિયમિત રીતે રોજ, અમે એક કલાક આ રીતે સફાઈકામ કરતા. થોડાક જ દિવસમાં જૈન મહોલ્લો, વૈદ્ય ફળીમાં સફાઈ કરવા માટે ગયા. મહોલ્લાની વચ્ચોવચ્ચ પક્ષીઓને ચણ નાખવાનો એક ચબૂતરો છે. આખા મહોલ્લાનો એંઠવાડ અને કચરો આ ચબૂતરાની આજુબાજુમાં નંખાય. જૈનોના ઘેર ચોકડી-મોરી-નહિ. ગટર તો ત્યારે વિરમગામમાં હતી જ નહિ. પેશાબ-નાનાં બાળકોનું જાજરૂ બધું જ આ ચબૂતરાના ચોકમાં ઠલવાય. મ્યુનિ.ના કામદારો કોઈકવાર આવી ચડે તે ઉપર ઉપરથી આમતેમ હાથ હલાવીને થોડો કચરો લઈ જાય.

અમે તો ઘરમાં સફાઈ કરીએ એવી રીતે ચોક-આંગણાને ચોખ્ખાં બનાવતા. મારા હાથમાં પાવડો હતો. ચબૂતરાની બિલકુલ નજીકમાં જઈને પાવડાનો ઘા માર્યો તો ગંદકીનો પોપડો ઊખડ્યો અને બીજો ઘા કર્યો ત્યાં તો એકલા કીડાનો થર જ પાવડા સાથે બહાર આવ્યો. હું તો એકદમ ચમકીને પાવડો મૂકીને બે ડગલાં પાછો હઠી ગયો. છોટુભાઈને આ કીડાનો થર બતાવ્યો. છોટુભાઈએ પાવડો હાથમાં લઈ ઘા મારવા શરૂ કર્યા. પછી તો મેં પણ મન કઠણ કરીને એ જ રીતે કીડાના થરના થર અને ગંદકીના પોપડા ચબૂતરા ફરતા આખા ચોકમાંથી તદ્દન પૂરેપૂરા સાફ કર્યા. મહોલ્લાના લોકો તો અંદરખાને રાજી, પણ ઉપરથી નારાજી વ્યક્ત કરતા હતા. કંઈક કકળાટ અને બડબડાટ કરતા સંભળાયા. કીડા મારી કાઢવા તેનું પાપ લાગશે એવું પણ સાંભળવા મળ્યું. પરંતુ આખો મહોલ્લો એવો તો સાફ કરી નાખ્યો કે, ત્યાં કોઈને ગંદવાડ કરવાનું કે કચરો નાખવાનું મન ન થાય.

પ્રાથમિક શાળાના પાઠ્યપુસ્તકની કવિતાની પેલી કડી -

**'ચોખ્ખો મારો ઓટલો, ચોખ્ખો ઘરનો ચોક,**
**ચોખ્ખું સૌનું આંગણું, ચોખ્ખાં સૌએ લોક.'**

જાણે આજે સાર્થક થઈ એમ અનુભવ થયો.

મુનિશ્રીની રાત્રિ પ્રાર્થના હવે નીચે સુતારફળીના ચોકમાં થતી. સંખ્યા ૨૦-૨૫ની આવતી. તે દિવસે રાત્રે પ્રાર્થના પછી મહારાજશ્રીએ પોતાનું પ્રાસંગિક ન કહેતાં, મને કહ્યું કે, "અંબુભાઈ, આજે તો તમારા સફાઈકામના અનુભવ કહો."

જિંદગીમાં કોઈવાર આમ જાહેરમાં બોલેલો નહિ. છઠ્ઠી ચોપડીમાં રૂદાતલમાં ભણતો હતો ત્યારની વાત છે. મેઘાણીજીનું "શિવાજીનું હાલરડું" અને "કોઈનો લાડકવાયો" કાવ્ય કોઈકની પાસેથી મેં સાંભળ્યું. ઉતારી લીધું અને રાત્રે કણબી વાસના બે માઢ વચ્ચે થોડા ગ્રામજનોની હાજરીમાં, મારો કંઠ સારો એટલે કોઈકના આગ્રહથી મેં એ કાવ્યો ગાઈ સંભળાવેલાં. બીજા દિવસે શાળામાં મારા શિક્ષકે મને એ બદલ ઠપકો આપતાં કહેલું પણ ખરું કે, અત્યારે તારે અભ્યાસમાં જ ધ્યાન આપવું જોઈએ. આમ આઝાદીનાં ગીતો ગાવામાં અભ્યાસ બગડશે અને "સત્તા આગળ શાણપણ શા કામનું ?" એમ આઝાદી મળી જવાની ? વગેરે.

પણ બીજે જ દિવસે રજા હતી. અને તે દિવસે રૂદાતલથી પણ ચાર માઈલ દૂરના કટોસણરોડ સ્ટેશને ઢેબરભાઈની સભા અને મેઘાણી પણ આવવાના છે, એવી ઊડતી વાત આવેલી. એટલે અમે ચાર-પાંચ છોકરાઓ સવારના ચાલતા રૂદાતલથી કટોસણરોડ સ્ટેશને જવા નીકળ્યા. રસ્તામાં ફતેહપુર-નાનું ગામ આવે. ગામની બહાર રસ્તા ઉપર જ ગામનો ચોરો. ત્યાં ગામના થોડા માણસો બેઠેલા. અમે ત્યાં થોડો વિસામો લેવા બેઠા. પૂછપરછમાં અમે શા માટે કટોસણરોડ જઈએ છીએ તેની વાત કરતાં મેં માનો કે બે-ચાર વાક્યોનું પ્રવચન જ આપી દીધું. એની મતલબ એ હતી કે -

"અત્યારે આખો દેશ આઝાદીની લડત લડે છે ત્યારે આપણે પણ એ લડતને આપણી શક્તિ પ્રમાણે સાથ આપવો જોઈએ. બીજું કંઈ ન કરી શકીએ તો, સરકારી ટપાલમાં પોસ્ટકાર્ડ ન ખરીદ કરીએ, ટપાલ ન લખીએ અને એમ પોસ્ટનો બહિષ્કાર કરીને બ્રિટિશ સરકારને સાથ ન આપીએ."

આ સિવાય એકેય વાર જાહેર પ્રવચન આપ્યું નહોતું. એટલે મુનિશ્રીએ મને બોલવાનું સૂચન કર્યું ત્યારે ખૂબ જ ક્ષોભ થયો. છતાં મુનિશ્રીએ કહ્યું એટલે આજ્ઞા સમજી માંડ માંડ ઊભો થયો. અને ધીમે ધીમે ધ્રૂજતાં ધ્રૂજતાં વૈદ્યફળીની સફાઈની-કીડાના થરો નીકળ્યા અને તેના પ્રત્યાઘાતો સાંભળ્યા તે વાતો કરી.

મુનિશ્રીએ ત્યારપછી સમાપન કરતાં જૈન શાસ્ત્રોમાં ત્રણગુપ્તિ અને પાંચસમિતિ જેને અષ્ટપ્રવચનમાતા કહેવાય છે તે સાદી-સરળ ભાષામાં સમજાવી અને કહ્યું કે, જૈન પરિવારને તો આ વાત સમજાવવાની ન હોય, કારણ કે જૈન સાધુ સાધ્વીજી મહારાજો એમના ઉપદેશમાં આ બધી વાતો કરતાં હોય એટલે ખાવામાં, પીવામાં, ચાલવામાં, બેસવા-ઊઠવામાં, કોઈ વસ્તુ આપવા-લેવામાં કે મળ-મૂત્ર, થૂંક, લીંટના નિકાલમાં કેવી જાગૃતિ રાખવી કે જેનાથી કોઈ પણ જીવને હાનિ કે ઈજા ન થાય, અને તેની રક્ષા થાય, એ જૈનોને માટે નવી વાત નથી. પણ દુઃખની વાત છે કે, આજે તો મોટા ભાગે ક્રિયા જડતાને લઈને ક્રિયા પાછળનું વિજ્ઞાન ભૂલી જવાયું હોવાથી રૂઢ પરંપરાવશ સ્થૂળ ક્રિયા થાય છે. સ્વચ્છતાના સંસ્કારને ખીલવવાની અપીલ કરતાં કહ્યું કે, સ્વચ્છતા જાળવવી એ સક્રિય અહિંસાની અને ગંદકી કરવી એ સક્રિય હિંસાની દિશામાં લઈ જતી ક્રિયા છે.

મુનિશ્રીના તે રાત્રિપ્રવચનમાંથી ધર્મ-અધર્મ, પાપ-પુણ્ય અને હિંસા-અહિંસાની વાતોનો મર્મ સમજવાની એક નવી જ દૃષ્ટિ કે સૂઝ મળી.

# ૫ આચાર્ય દેવો ભવઃ

રોજિંદી નિયમિત સફાઈને દસ-બાર દિવસ થયા હશે. શ્રી શિવાભાઈ જે. પટેલે મુનિશ્રીને કહ્યું : "મહારાજશ્રી, સફાઈ કામનો પ્રભાવ આખા શહેર પર સરસ પડ્યો છે. ચોરે ને ચૌટે વાતો થાય છે : મુનિશ્રીએ આ સરસ કાર્યક્રમ આપ્યો છે. મને એક વિચાર આવે છે કે મહિનો થાય ત્યારે માસિક સમૂહ સફાઈ દિન ઉજવીએ."

મુનિશ્રી તો આવી વાતને તરત જ પકડી લે. અને નક્કી કરી નાખ્યું સવારે ચાર કલાકનો કાર્યક્રમ રાખવો. ૩૦ હજાર જેટલી વસતિના વિરમગામ શહેરના ત્રીસ વિભાગ પાડ્યા. ત્રીસ સફાઈ ટુકડીઓ બનાવવી. ઊભાં ઝાડું, ટોપલા, કોદાળી, પાવડા, તબડકાં વગેરે સાધનો લાવવા માટે આર્થિક મદદ પણ મેળવવી. મ્યુનિ. સાથે મળીને આયોજન ગોઠવવું. સફાઈકામ કરવા માટે મહોલ્લે મહોલ્લે પ્રચાર કરી સ્વયંસેવક ભાઈ-બહેનોની યાદી કરવી. એમ વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું.

રોજ બપોરના બેએક કલાક મુનિશ્રી, મણિભાઈ પટેલ, શિવાભાઈ પટેલ, છોટુભાઈ વસનજી મહેતા, બેએક વિદ્યાર્થી યુવાનો કોઈ કોઈ વખત અમે સફાઈ સમિતિના સભ્યો પૈકીનાઓ એમ મહોલ્લામાં જતા. સભા રાખતા. મુનિશ્રી સફાઈનું મહત્ત્વ સમજાવે. સ્વયંસેવા આપનારાનાં નામો લખાય.

પ્રથમ દિવસે જ એક નવતર દૃશ્ય અમારા અને રસ્તે જતા સહુ કોઈના જોવામાં આવ્યું.

સુતારફળીના ચોકમાંથી બપોરે મુનિશ્રી સાથે અમે નીકળ્યા. જાહેર રસ્તાની બાજુમાં જ નાનાં ભૂલકાંઓએ કરેલી ફૂલવડી (મળની ઢગલીઓ) ઉપર મુનિશ્રીએ હાથમાં રાખેલી ઝોળીમાંથી રખ્યા કાઢી, અને મળની ઢગલીઓ ઉપર નાખીને તે ઢાંકી દીધી.

અમે સહુ આશ્ચર્યચકિત કે દિગ્મૂઢ જેવા બનીને આ દૃશ્ય જોઈ જ રહ્યા. એક જૈન સાધુ આ રીતે ધોળે દિવસે જાહેર રસ્તા પર થતી ગંદકીને ઢાંકી સ્વચ્છતાના સંસ્કારને જાગૃત કરી રહ્યા હતા. એવી સમજણ તો થોડીવાર રહીને થઈ. શરૂમાં તો અમારે શું કરવું ? તેની કંઈ ગમ જ ન પડી. આખા રસ્તે મુનિશ્રીએ આ કામ કરીને તેઓ એક આદર્શ આચાર્ય છે તે સહેજે સિદ્ધ કર્યું. એટલી બધી સહજતાથી આ બન્યું કે, જાણે રોજિંદી કામગીરીનો આ એક ભાગ

હોય એમ સ્વસ્થતા, સ્વાભાવિકતા, શાંતતા અને સમતાના ભાવો મુનિશ્રીના મુખ પર સ્પષ્ટ દેખાઈ આવતા હતા. આચરણ કરીને જ ધર્મનો વહેવાર વ્યાપક કરી શકાય છે એ શીખ આપતા એક આચાર્યનાં દર્શન મુનિશ્રીમાં થયાં. 'આચાર્ય દેવો ભવ'નું - સૂત્ર સાર્થક થતું જોયું.

મને સફાઈકામના પહેલા દિવસે મનમાં "ધરતી મારગ આપે તો સમાઈ જઉં" એવી જે શરમની લાગણી થઈ આવી હતી તે યાદ આવી. અને તરત મુનિશ્રીનું આજનું આ આચરણ જોઈને શરમ તો ભોંમાં ભંડારાઈ ગઈ, પણ ગૌરવનો ભાર અનુભવ્યો. જાતને ધન્ય માની.

માસિક સમૂહ સફાઈમાં ૨૯૦ ભાઈઓ-બહેનોએ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો. જેમાં વિદ્યાર્થી યુવા-યુવતી-વેપારી-વકીલો-ડૉક્ટરો-મજૂરો-ખેડૂતો સહુએ સુંદર કામ કર્યું. પૂરો સમય સફાઈકામ કરીને સહુ થાકીને લોથપોથ થઈ ગયા જણાયા. પણ વિરમગામ આખું પહેલી જ વાર સ્વચ્છ બન્યું.

ગંદકી, કચરાના ઢગલા ગાડાંનાં ગાડાં ભરીને મ્યુનિ.એ શહેર બહાર ઘુસડિયામાં ઠાલવ્યાં. આખું વિરમગામ આવું ચોખ્ખું કોઈ વખત જોવામાં નથી આવ્યું, એમ લોકો વાતો કરતા હતા.

મુનિશ્રીના ચાતુર્માસ પૂરા થવાના છેલ્લા દિવસોમાં વિરમગામ શહેરના મહોલ્લાઓની સ્વચ્છ-સુશોભિત અને સુઘડ મહોલ્લાઓની સ્પર્ધા રાખી અને પ્રથમ નંબરે જે આવે તેમને પુરસ્કાર આપવાનો કાર્યક્રમ રાખ્યો. સફાઈ સમિતિના સભ્યો કે જેમણે આખા ચોમાસામાં નિયમિત રોજિંદી એક કલાકની સફાઈનું કામ કર્યું હતું તેમને પ્રશસ્તિપત્ર અને ચાંદીનો બિલ્લો પુરસ્કાર રૂપે આપી જાહેર સભામાં એમનું સન્માન કર્યું. મુનિશ્રીના વિદાયમાન અને સફાઈકાર્ય સન્માન સ્પર્ધાનો કાર્યક્રમ, શ્રી બબલભાઈ મહેતા અને ગૂજરાત વિદ્યાપીઠના શ્રી મગનભાઈ દેસાઈના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો. આ જાહેરસભા જેવી મોટી જાહેરસભા અને મુનિશ્રીને આપેલ વિદાય વખતે જોડાયેલાં ભાઈ-બહેનોની વિશાળ સંખ્યા વિરમગામમાં અગાઉ ક્યારેય જોવા ન મળ્યું હોય તેવી વિશાળ હાજરી અને ભક્તિશ્રદ્ધાથી ભરપૂર એવી યાદગાર સંભારણા રૂપ બની હતી. જિનમાં વિદાય વેળાએ મુનિશ્રીએ રચેલું કાવ્ય મુનિશ્રીએ જ ગાયું ત્યારે એ કાવ્યે શ્રોતાઓની આંખનાં આંસુ બહાર આવતાં ભાગ્યે જ કોઈ અટકાવી શક્યું હશે !

'આવો આવો ઊડીએ પંખીડાં પ્રેમની પાંખે રે કાવ્યની આ છેલ્લી કડી બોલીને મુનિશ્રી ખરેખર પાંખ પ્રસારીને જાણે ઊડી જ ગયા !

# ૬ મૂળીમાંથી મીરાં

મુનિશ્રી સંતબાલજીનું સન ૧૯૪૧નું ચાતુર્માસ બાવળાના સંતઆશ્રમમાં હતું. મુંબઈનાં શ્રી કસ્તૂરીબેન અજમેરા અને તેમના પતિ શ્રી જગજીવનદાસ અજમેરા મુનિશ્રી પ્રત્યે શ્રદ્ધા-ભક્તિનાં પ્રેર્યાં પ્રાયઃ દરેક ચાતુર્માસમાં મુનિશ્રી પાસે રહેવા જાય. સંતઆશ્રમની સામેના મહોલ્લામાં મૂળીબહેન નામે એક વિધવા કપોળવણિક બહેન રહે. તેમના મકાનમાં આ અજમેરા દંપતી ભાડેથી રહેવા આવ્યાં. મુનિશ્રી કોઈક વખત ભિક્ષા માટે ત્યાં આવે. તે વખતે મૂળીબહેન ૨૩-૨૪ વર્ષની વયનાં હતાં. પિયર વડોદરા પાસે પાદરા. નાનપણમાં જ લગન થઈ ગયેલાં. અને નવેક વર્ષની વયે લગ્ન પછી છએક મહિનામાં જ વિધવા બન્યાં. કપોળવણિકમાં પુનર્લગ્ન થઈ શકે નહિ. સસરાના પરિવારમાં માત્ર વિધવા સાસુ જ હતાં. મૂળીબેન સંતઆશ્રમમાં મુનિશ્રીની પ્રાર્થનાસભામાં કોઈ કોઈ વખત જાય. મૂળીબેને મુનિશ્રીની શીખ સાંભળીને સાસુની સંમતિ મેળવી ચા નહિ પીવાની બાધા લીધેલી. જગજીવનદાસ અજમેરાએ મૂળીબેનનો પરિચય મુનિશ્રીને આપતાં કહ્યું : 'એમનો કંઠ મધુર છે. ભજનો સરસ ગાય છે. મને એમનું મૂળી નામ ગમતું નથી. 'મીરાં' રાખવું છે.'

મુનિશ્રીએ પણ એમાં સંમતિ આપી અને 'મૂળીબહેન'માંથી તે 'મીરાંબહેન' થયાં. આ મીરાંબહેન એટલે હાલનાં મહાવીરનગર ચિંચણીનાં કેન્દ્રમાતા મીરાંબહેન.

મીરાંબહેન સાવ અભણ. છોટુભાઈ મહેતા. નંદલાલભાઈ અજમેરા (ગિરધરનગર), જયંતીલાલ ખુશાલદાસ શાહ હરિજન આશ્રમ અમદાવાદ વગેરેના ગાઢ પરિચયમાં આવ્યાં. સાસુ ગુજરી ગયાં. મુનિશ્રી સાથેનો સંપર્ક ચાલુ રહ્યો. સાવ અભણ હતાં. એટલે કોબામાં કસ્તૂરબા કેન્દ્રમાં ભણવા ગયાં. થોડું લખતાં-વાંચતાં શીખ્યાં. મુનિશ્રી અને મુનિશ્રીનાં પરિચિત વર્તુળ સાથેનો સંબંધ-પરિચય વધવા લાગ્યો. એમાંથી મીરાંબહેનની ઇચ્છા મુનિશ્રીની સાથે વિહારમાં સહપ્રવાસી થવાની થઈ. મુનિશ્રીને વાત કરી.

મુનિશ્રીએ કહ્યું : "તમારી તૈયારી હશે, પણ મારી તૈયારી નથી." મીરાંબહેનની પૃચ્છાથી વિશેષ સ્પષ્ટતા કરતાં મુનિશ્રીએ આ મતલબનું કહ્યું, પ્રાર્થનામાં રોજ "સકળ જગતની બની જનેતા, વત્સલતા સહુમાં રેડું" બોલાય છે તે મુજબ માતૃવત્ ભાવોથી મન વચન અને કાયા વડે સ્ત્રી જાતિને જોતો થાઉં

અને એ જ પ્રમાણે વર્તન કરતો પણ થાઉં એવો આત્મવિશ્વાસ દૃઢ થાય ત્યારે વાત."

આમ ઈન્કાર કર્યા જેવી વાતને વર્ષો થયાં. પછી મુનિશ્રીનું સને ૧૯૪૭નું ચાતુર્માસ સાણંદમાં હતું. અને ચાતુર્માસ આખો સાડા પાંચ મહિનાનો ચિંતન અને કાર્યશિબિર ત્યારે રાખ્યો હતો. તેમાં પૂરો સમય કેટલાંક ભાઈઓ બહેનો શિબિરાર્થી તરીકે રહ્યાં હતાં. મીરાંબહેન પણ એમાનાં એક હતાં. આ ચોમાસા દરમિયાન સારી પેઠે ચર્ચાવિચારણા કસોટી અને ચકાસણી પછી સહપ્રવાસી તરીકે મીરાંબહેન મુનિશ્રી સાથે વિહારમાં રહે તેમાં મુનિશ્રીએ સંમતિ આપી. એમાં એક સમજણ સ્પષ્ટ હતી કે, શ્રી મણિભાઈ પટેલ તો સહપ્રવાસી હતા જ. મુનિશ્રી વિહારમાં મીરાંબહેન સાથે હોય ત્યારે તે અથવા બીજા કોઈ પણ ભાઈ વિહારમાં સહપ્રવાસ કરતા હોવા જોઈએ. મતલબ જો સહપ્રવાસમાં એક બહેન હોય તો ત્રણ જણ જે પૈકી મુનિશ્રી સિવાય એક પુરુષ સાથે હોય એ અનિવાર્ય ગણાયું.

જૈન સાધુ તરીકે નારીજાતિનો સ્પર્શ ત્યાગ તો હતો જ. બીજી પણ એક મર્યાદા હતી. રાત્રિનિવાસ હોય ત્યાં એક જ મકાનમાં મુનિશ્રીના રાત્રિનિવાસ સાથે સ્ત્રીનિવાસ ન હોવો જોઈએ.

ભાવ જગતની સાથે આમ સ્થૂળ રીતે પણ કેટલીક મર્યાદાઓના પાલન સહિત મીરાંબહેને મુનિશ્રીના વિહારમાં સાથે પ્રવાસ કરવાનું રાખ્યું.

અને જૈન સમાજમાં ભારે ટીકાઓ, ઉહાપોહ, વિરોધ અને આક્ષેપો પણ થવા લાગ્યા. જૈન સાધુજીવનની ચાલુ પરંપરા અને રૂઢિગત ક્રિયાકાંડોમાં કેટલાક ફેરફારો સને ૧૯૩૭માં મુનિશ્રીએ કર્યા જ હતા. પરિણામે જૈન સંપ્રદાયે તેમને સંઘ બહાર મૂક્યા જ હતા. દશ વર્ષ પછી આમ નારીજાતિને પ્રવાસમાં સાથે રાખવાથી જૈન સાધુને ન કલ્પે તેવું વર્તન મુનિશ્રીએ કર્યું છે એમ સમજીને કેટલાક જૈનો તો કહેવા લાગ્યા કે "જૈન સાધુનાં ઓળખચિહ્નો રજોહરણ, મુહપત્તી, વગેરે મુનિશ્રી પાસેથી પાછાં લઈ લેવાં જોઈએ. પાછા ન આપે તો ખેંચી લેવાં જોઈએ." પાછાં ખેંચી લેવાની હદે તો કોઈ ન ગયું. પણ કોઈ કોઈ પાછાં સોંપી દો એમ કહેતાં ત્યારે મુનિશ્રી જવાબ દેતા "જૈન સાધુ જીવનની સમાચરીના મૂળભૂત નિયમોનું પાલન હું કરું છું. મને આ સાધુજીવન મારી સાધનામાં ઉપયોગી લાગે છે માટે તેનો ત્યાગ કરવો જરૂરી નથી લાગ્યું. મુહપત્તી કે રજોહરણ જેવાં ઉપકરણ તો ઓળખ માટેનાં અને અહિંસક વહેવારનાં પ્રતીક

રૂપ ચિહ્નો છે. એ સાધન છે સાધ્ય નથી. સાધનામાં એ હોવાં અનિવાર્ય ઉપયોગી નથી. સાધુ દીક્ષા વખતે મારા દીક્ષાગુરુએ, નાનચંદ્રજી મહારાજે એ ચિહ્નો મને આપ્યાં છે. એમણે આપ્યાં છે તો પાછાં લેવાનો એમનો અધિકાર મને માન્ય છે. એ પાછાં આપું એમ ઇચ્છતા હોય તો તરત જ પાછાં આપી દઈશ, એ સિવાય બીજા ઇચ્છે માટે મારે પાછાં આપી દેવાં એ વાત મને માન્ય નથી. સિવાય કે એ સાધનો મારી સાધનામાં બાધક લાગે તો કોઈનાયે કહ્યા વિના પણ હું એનો ત્યાગ કરી દઉં."

આમ વર્ષો સુધી આવી ચર્ચાઓ થતી રહી. દરમિયાન મુનિશ્રી સૌરાષ્ટ્ર પ્રવાસમાં જવાના હતા ત્યારે એમના દીક્ષાગુરુ નાનચંદ્રજી મહારાજે શ્રી મણિભાઈ પટેલને બોલાવી કહ્યું, "સંતબાલજી માટે લોકોને ખૂબ માન છે. એમના વિચારોને જૈન સમાજને મોટા પ્રમાણમાં લાભ મળે તે માટે તમે એને એટલું સમજાવો કે તે સૌરાષ્ટ્રના વિહારમાં આવે તે દરમિયાન એક મીરાંબહેનને સાથે ન લાવે. નાહક બિનજરૂરી ચર્ચા થાય એવું નિમિત્ત શા માટે આપવું ?"

મણિભાઈએ કહ્યું : "ખૂબ વિચાર કર્યા પછી જ મીરાંબહેનને સાથે રહેવામાં મુનિશ્રીએ સંમતિ આપી છે. એટલે હવે એ આમ સાથે નહિ લાવવામાં સંમત નહિ થાય એમ હું માનું છું."

નાનચંદ્રજી મહારાજે મણિભાઈના ભાથામાં સાત્વિક તીર બંધાવતા હોય એમ એક આધાર આપ્યો.

"જુઓ મણિભાઈ, જગદ્ ગુરુ શંકરાચાર્યે પણ કહ્યું છે કે; 'યદ્યપિ શુદ્ધમ્ લોકવિરુદ્ધમ્, નાચરણીયમ્ નાકરણીયમ્' સત્ય હોય, શુદ્ધ હોય, પણ જો લોકમત તેનાથી વિરુદ્ધ હોય તો તેવું કામ ન કરવું, ન આચરવું. આ અનુભવનું સૂત્ર છે જ ને ?"

મણિભાઈએ જો કે તરત સૂઝ્યું તે સૂત્ર નાનચંદ્રજી મહારાજને કહ્યું તો ખરું જ કે, "મહારાજશ્રી આપની વાત તો સાચી છે, પણ અનુભવનું સૂત્ર એ પણ છે જ ને કે -

**ત્યજેદેકંકુલસ્થાર્થે, ગ્રામસ્યાર્થેકુલંત્યજેત્ ।**
**ગ્રામં જનપદસ્યાર્થે, હ્યાત્માર્થેપૃથિવીંત્યેજેત્ ॥**

(કુળ સમસ્તના હિતમાં વ્યક્તિ જોખમી બનતી હોય તો તેવી વ્યક્તિને તજવી, ગામના હિતમાં કુળ આડું આવતું હોય તો કુળને તજવું, અને દેશના

હિતમાં ગામ આડું આવતું હોય તો ગામને તજવું, પણ આત્માર્થે કે સિદ્ધાંતની આડે આખી પૃથ્વીનું હિત આવતું હોય તો પૃથ્વી સમગ્રનું હિત છોડવું, પણ સિદ્ધાંત છોડવો નહિ.)

અને આપના જ શિષ્ય છે એટલે આપ એમને અમારા કરતાં વધુ ઓળખો છો. એ સંમત થાય એમ મને તો આશા નથી જ. તેમ છતાં આપનો સંદેશો એમને કહીશ."

## આવકારો આપ્યા પછી જાકારો ન અપાય

મૂંઝાતા મનની મથામણમાં મણિભાઈએ મુનિશ્રીને નાનચંદ્રજી મહારાજનો સંદેશો કહ્યો.

મુનિશ્રીએ મણિભાઈને કહ્યું : "વર્ષો સુધીની વિચારણા અને કસોટીએ કસ્યા પછી મેં મીરાંબહેનને આવકાર્યાં છે. મારી સાધનામાં માતૃજાતિનાં પ્રતીક તરીકે તે ઘણાં ઉપયોગી બન્યાં છે. એમની સચ્ચાઈ, નિર્મળતા, નિર્ભયતા અને દૃઢતા જોઈને એમના પ્રત્યે સહુનો આદર વધ્યો છે. ગમે તેવી ટીકાઓ અને આક્ષેપો વચ્ચે એ ટકી રહ્યાં છે. હવે કોઈ પણ જાતના કારણ વિના મારાથી એમને ભલે થોડા સમય માટે પણ સાથે રહેવાની ના કેમ પાડી શકાય ? એ તો જાકારો આપવા જેવું જ થાય અને એવો જાકારો મારાથી ન જ અપાય. આ સામાજિક મૂલ્યની રક્ષાનો સવાલ છે અલબત્ત, મીરાંબહેન પોતે ઈચ્છે અને પ્રવાસમાં સાથે ન રહે તો મારો આગ્રહ નથી કે તે સાથે રહેવાં જ જોઈએ."

મણિભાઈને માટે આ કંઈ નવી વાત નહોતી. પંદરપંદર વર્ષના સહવાસથી મીરાંબહેનની શક્તિની ખૂબીઓ અને ખામીઓનો સારી પેઠે અભ્યાસ એમને હતો જ એટલે મુનિશ્રીના કહેવાનો મર્મ સમજતાં એમને વાર ન લાગી.

અને મીરાંબહેનને તો મીરાંબાઈની ભજનની કડી "ભાઈ છોડ્યા બંધુ છોડ્યાં, છોડ્યાં સગાંસોઈ" ની જેમ "સંતબાલ સંગ બૈઠ બૈઠ લોકલાજ ખોઈ" જેવું જ દૃઢ મનોબળ કેળવી રહ્યાં હતાં.

મણિભાઈએ દલીલ કરવાપણું રહ્યું નહિ. મુનિશ્રીની સાથે જ મીરાંબહેન પણ સૌરાષ્ટ્ર ગયાં જ. ઉષ્માથી નાનચંદ્રજી મહારાજે આવકાર્યાં. મીરાંબહેનને 'મીરુભાઈ'નું બિરુદ પણ આપ્યું. અને થોડા દિવસ નાનચંદ્રજી મહારાજ સાથે પ્રવાસમાં પણ રહ્યાં.

મીરાંબહેને 'સંતબાલ : મારી મા' પુસ્તિકા લખી છે. એની પ્રસ્તાવનામાં આ સંદર્ભમાં અમે ધર્મરાજા અને કૂતરાનું ઉદાહરણ ટાંકતાં લખ્યું છે તેમ, ધર્મરાજા જેવા ધર્મપુરુષ સાથે થોડાં પગલાં કૂતરાએ સહપ્રવાસી તરીકે ભર્યાં હતાં. તે કૂતરાને બહાર રાખી, પોતે એકલાને માટે સ્વર્ગમાં પ્રવેશ મેળવવા સ્વર્ગના દરવાજા ઊઘડતા હોય અને કૂતરાને સાથે રાખવાથી સ્વર્ગના દરવાજા બંધ રહેતા હોય તો ધર્મરાજાનો સ્વધર્મ એમ કહે છે કે જેણે પોતાનો સત્સંગ, ભલે થોડાં ડગલાં પણ કર્યો છે તેને જાકારો આપીને પોતાને એકલાને સ્વર્ગ મળતું હોય તોપણ જોઈતું નથી.

તો સંતબાલજી જેવા સત્યાર્થી પુરુષનો સંગ વર્ષો સુધી કર્યો. અને પરિણામે અનેક અપમાનો, આક્ષેપો, મેણાં-ટોણાં અને ટીકાઓ સહી લીધાં અને પોતાનાં ઉચ્ચ ચારિત્ર્યનાં અને ભક્તિશ્રદ્ધાના બળે ટકી રહ્યાં તેમને સંતબાલજી કેમ જાકારો આપી શકે ?

છેલ્લે છેલ્લે સંતબાલજીએ કરેલી વાત અને બતાવેલું વલણ પણ સમજવા જેવું છે.

સંતબાલજી સને ૧૯૬૮ ના ચાતુર્માસથી ૧૯૮૨ના માર્ચ સુધી પૂરા ચૌદ વર્ષ ચિંચણીમાં સ્થિરવાસ રહ્યા. મહાવીરનગર આંતરરાષ્ટ્રિય કેન્દ્ર-ચિંચણીના ચાર વિભાગ : (૧) નાનચંદ્રજી મહારાજ વિભાગમાં સાધુસમાજને, (૨) શ્રીમદ્ રાજચંદ્ર વિભાગમાં નિવૃત્ત અને સાધનાલક્ષી વાનપ્રસ્થી સાધકોને, (૩) ગાંધીજી વિભાગમાં સમાજ પરિવર્તનનાં રચનાકાર્યો માટેના સમાજસેવકોને અને (૪) પંડિત જવાહરલાલ નહેરુ વિભાગમાં રાજ્ય શાસનકર્તાઓને યુગાનુરૂપ તાલીમ આપવાની યોજનાનું ભવ્ય અને સુરેખ ચિત્ર મુનિશ્રીની કલ્પનામાં હતું.

બીજી અનુકૂળતાઓ તો મળી રહેવાનો સંભવ કલ્પી શકાતો હતો પણ એક મોટી પ્રતિકૂળતાનો કેમ ઉકેલ કરવો એની કશી ગડ કોઈને બેસતી નહોતી. આ પ્રતિકૂળતા તે મીરાંબહેનની પ્રકૃતિ.

મીરાંબહેનની કસોટીનો ગજ 'સંતબાલ'.

એ ગજે મીરાંબહેન પોતે તો કસોટીમાં ઉત્તીર્ણ થાય પણ કેન્દ્રમાં આવનાર દરેકની કસોટી પણ એ ગજથી કરવા મીરાંબહેન બેસી જાય. ભાગ્યે જ કોઈક એમાં પાસગુણ મેળવી શકે. અને ટોક્યા-વઢ્યા વિના એમનાથી રહી શકાય જ નહિ. 'સત્યં વદ પ્રિયં વદ'' એ સૂત્રના પ્રથમ ભાગનો બરાબર અમલ તે

કરતાં, પણ, પાછળના ચરણનો અમલ કરવા જેવી પ્રકૃતિ નહિ હોવાથી સાચી વાત પણ અપ્રિય રીતે કહેતાં.

સહુનો એક સરખો વર્ષોનો આ અનુભવ હતો. અને સ્પષ્ટ તારણ કાઢ્યું કે, મીરાંબહેન જો પ્રકૃતિ સુધારે અને સાચું લાગે તે મધુર વાણીથી સામાને સમજાવે તો સોનું છે, તેમાં સુગંધ ભળે, અને કેન્દ્રના વિકાસમાં રહેલું આ પ્રબળ અવરોધક તત્ત્વ દૂર થઈ જાય અને તો કેન્દ્રનો વિકાસ અને પ્રગતિ પણ થઈ શકે.

છેલ્લા વર્ષોમાં (ચોક્કસ દિવસ યાદ નથી) મુનિશ્રી સાથે એકાંત ચર્ચામાં અમે મુનિશ્રીને આ વાત કરી.

મુનિશ્રીએ કહ્યું : "તમારી વાત સાચી છે, પણ છેવટે તો કુદરતનું ધાર્યું જ થાય છે, એમ સમજી સમાધાન મેળવવું રહ્યું."

અમે કહ્યું : "પણ મહારાજશ્રી અહીં તો મીરાંબહેનનું ધાર્યું જ થાય છે. એ ના પાડે પછી અહીં એમની ઇચ્છાની ઉપરવટ કોઈ જઈ શકતું નથી. એમની ના પણ વસ્તુના ગુણદોષ પર હોય છે એવું યે નથી. એ કહે છે તે સાચું છે માટે આપ સંમત થાઓ છો એવું પણ અમે માનતા નથી. મીરાંબહેનની વાત ખોટી હોય છતાં આપ એમને કશું કહેતા નથી. એમની ઇચ્છા વગર અહીં કશું પણ કામ ન થાય તો પણ આપ સાવ અનાસક્તિથી ચાલતા હો એમ અમને લાગે છે. પછી આ કેન્દ્રનો વિકાસ કઈ રીતે થશે ?"

મુનિશ્રીએ જવાબમાં કહ્યું : "આજ સુધી આપણે નારીજાતિની ભયંકર અવહેલના કરી છે એ પાપનું પ્રાયશ્ચિત કોઈકે તો કરવું પડશે ને ? મીરાંબહેન તો એક નિમિત્ત માત્ર છે. વર્ષો સુધીના સહવાસ પછી પણ તે પોતાની પ્રકૃતિ પર કાબૂ રાખી શકતાં નથી. તો પુરુષજાતિ પણ હજારો વર્ષ પછી પોતાની પુરુષપ્રધાન પ્રકૃતિ ક્યાં બદલાવી શક્યો છે ? ખરેખર તો સ્ત્રી-પુરુષ બંનેએ પોતાની આ પ્રકૃતિ બદલાવવી જોઈએ. મીરાંબહેને પોતાની પ્રકૃતિ સુધારવી જોઈએ. અને તમારા જેવાએ એમને સમજાવતા રહેવું જોઈએ. મેં તો એમને માતૃજાતિનાં પ્રતીકરૂપ માન્યાં છે. અને કેન્દ્રમાતાનું સ્થાન પણ આપી દીધું છે તે પ્રકૃતિ સુધારશે એવી આશા રાખીએ. અને કેન્દ્રનો વિકાસ થવાને જ્યારે પણ નિર્માણ થયું હશે ત્યારે થશે એમ સમાધાન મેળવીને ધીરજ ધરીએ."

છેલ્લે એક દલીલ કરવા ખાતર જ અમે કરી ! "મહારાજશ્રી આ કંઈ બુદ્ધિમાં ઊતરતું નથી."

મુનિશ્રીએ પૂછ્યું : "તમને મારામાં શ્રદ્ધા છે ?"

અમે હા પાડી.

મુનિશ્રીએ કહ્યું : "જો મારામાં શ્રદ્ધા છે તો આ કહ્યું તે મેં જ કહ્યું છે ને ? મારા કહેવામાં શ્રદ્ધા કેમ નથી ?"

ત્યારપછી કોઈ પણ વખત એ પ્રશ્નની ચર્ચા કે વાત અમારે મુનિશ્રી સાથે થઈ નથી.

એક તરફ ભવ્ય વિશ્વવ્યાપક બની શકે તેવી, આંતરરાષ્ટ્રીય કેન્દ્રના વિકાસને માટે બધી અનુકૂળતાઓ, અને બીજી તરફ માતૃજાતિને ન્યાય આપવાની વાત.

આ બેમાં પ્રથમની એક તરફવાળી વિકાસની વાત જતી કરવી અને બીજી તરફની ન્યાયની વાત પર અડોલપણે અડગ રહેવાની સહજતા. સત્યાર્થી પુરુષની આ સિદ્ધિ હતી. એના દર્શનની એક વધુ ઝાંખી તે વખતે થઈ.

# ૭ પળેપળની જાગૃતિ

મુનિશ્રીએ દીક્ષા લીધા પછી બાલંભા પ્રથમ વખત ગયા. મોસાળ બાલંભામાં નાના હતા ત્યારે નાની પાસે ત્યાં ઘણો વખત રહેલા. નાની જાણે કે શિવા (સંતબાલજીનું નામ શિવલાલ હતું)ને બાલંભાની પ્રખ્યાત મધુર ટેટી બહુ ભાવે છે. નાનીને ત્યાં સંતબાલજી ભીક્ષા વહોરવા ગયેલા. નાનીએ હોંશથી ટેટી પણ વહોરાવેલી.

શ્રી દુલેરાય માટલિયા તે દિવસોમાં બાલંભા હતા. બીજે દિવસે એમણે જોયું કે, મુનિશ્રી ગોચરી લેવા ગયા નથી. એટલે પૃચ્છા કરતાં જાણ્યું કે, મુનિશ્રીને ઉપવાસ છે. એ જાણીને સહેજે પૂછ્યું કે આજે ઉપવાસ કેમ છે ? મુનિશ્રી જવાબ ધીમા હાસ્યમાં વાળીને મૌન રહ્યા.

માટલિયાભાઈને મનમાં થયું કે, કારણ વગર તો ઉપવાસ કરે નહિ. એટલે કારણ જાણવા માગ્યું, તો પણ હસ્યા એટલે માટલિયાભાઈએ પૂછ્યું,

"અમારાથી કંઈ ભૂલ થઈ ગઈ છે ?"

મુનિશ્રીએ કહ્યું : "ના, ના, એવું કંઈ નથી."

"તો પછી શું કારણ છે તે તો કહેવું જોઈએ ને ?"

આમ આગ્રહ રહેવાથી અને બિન જરૂરી ગેરસમજ ન થાય એમ સમજી **મુનિશ્રીએ** સ્પષ્ટ કારણ કહ્યું :

"ગઈ કાલે નાનીને ત્યાં ભીક્ષા વહોરવા ગયો હતો. નાનીને ખબર છે કે મારા શિવાને ટેટી બહુ ભાવે છે. એટલે તાંસળી ભરીને ટેટી સમારેલી તૈયાર રાખેલી."

પાતરામાં વહોરાવતી વખતે વધુ ન પડે તે માટે મેં હાંઉં... હાંઉં... એમ કર્યું... પણ આખી તાંસળી ટેટી પાતરામાં ઠલવાઈ ગઈ. વધારે પડતી વહોરાવાઈ છે એમ તો લાગ્યું જ, પણ સાથે સાથે ભાવતી વસ્તુ છે ને ? ભલે વહોરાવી. આવો ભાવ પણ થયો. સ્વાદવૃત્તિ પરના સંયમની આ શિથિલ વૃત્તિ જ હતી. આવી શિથિલતાનો પસ્તાવો તો થયો જ, પણ ફરી એવી શિથિલતા ન આવી જાય તે માટે કંઈક પ્રાયશ્ચિત પણ કરવું જોઈએ ને ? એક ઉપવાસનું તપ એ આ પ્રાયશ્ચિત માટે છે મારા જ દૂષિત કર્મની નિર્જરા માટેનું આ તપ છે. બીજા કોઈની ભૂલ છે એવું નથી."

મન, વચન અને કર્મથી દોષ કરવો નહિ; બીજા પાસે કરાવવો પણ નહિ, અને કોઈ બીજું દોષ કરે તો તેનું અનુમોદન પણ મનથી વચનથી કે કાયાથી પણ કરવું નહિ. આમ નવ પ્રકારે દોષ ન કરવાનો સંકલ્પ જૈન સાધુ લેતા હોય છે. મોક્ષમાર્ગની સાધનામાં આ સંકલ્પ ઉપયોગી બને છે. સાધના કાળમાં આ સંકલ્પના પાલનમાં ક્ષતિ થવી સ્વાભાવિક પણ છે, પરંતુ ભગવાન મહાવીરે એમના પ્રથમ ગણધર પ્રકાંડ પંડિત ગૌતમને કહ્યું હતું કે, 'હે ગૌતમ એક ક્ષણનો પણ પ્રમાદ કરીશ નહિ', મતલબ પ્રમાદ ન કરવો એટલે ક્ષણે ક્ષણે જાગૃત રહેવું. જેથી મનથી પણ દોષ થઈ જાય તો જાગૃતિ હોય તો તરત ખ્યાલ આવે. અને તે દોષ ફરી ન થાય તેને માટે પણ જાગૃતિપૂર્વકનો ઈલાજ થઈ શકે.

મહાવીર ભગવાનની આ શીખનો અમલ યથાર્થપણે સંતબાલજીએ આ ટેટીવાળા દાખલામાં કર્યો તે તેમની સતત અને પળેપળની જાગૃતિનું પ્રમાણ છે.

એવો જ બીજો પણ એક દાખલો જોઈએ.

સને ૧૯૪૬ના ઉનાળામાં અરણેજ (તા. ધોળકા)માં મુનિશ્રીના સાંનિધ્યમાં 'વિશ્વવત્સલ ચિંતક વર્ગ' ભરવામાં આવ્યો હતો, તે વખતે હું ધંધાર્થે સિંધ હૈદરાબાદ હતો. પણ રંગ પાકો લાગી ગયો હતો, એટલે હૈદરાબાદથી આ દસેક દિવસના વર્ગમાં પૂરો સમય હાજર રહ્યો હતો.

શ્રી રવિશંકર મહારાજ દર વર્ષની જેમ આ વર્ગમાં વ્યાખ્યાન આપવા આવ્યા હતા. એક દિવસ મુનિશ્રી બપોરની ભિક્ષા લેવા નજીકના એક માઈલ દૂર આવેલ જવારજ ગામમાં ગયા હતા. સાથે રવિશંકર મહારાજ પણ ગયેલા. ભિક્ષા વાપરીને તેઓ અરણેજ પાછા આવી ગયા હતા. રાત્રે પ્રાર્થના પછીના પ્રાસંગિક સંબોધનમાં મુનિશ્રીએ વેદનાભરી વાણીથી પોતાની વેદના રજૂ કરતાં કહ્યું :

"આજે જવારજમાં મેં ભિક્ષા લીધી, પછી પાતરાં સાફ કરવા માટે ચણાના લોટનો ઉપયોગ કર્યો, સામાન્યપણે તો એ લોટ પછી કોઈક ઠેકાણે પરઠી દેવામાં આવે છે. પણ આજે સામે જ રવિશંકર મહારાજ બેઠા હતા. મનમાં થઈ આવ્યું કે, જૈન સાધુ કોઈ પણ વસ્તુ નકામી જવા દેતા નથી. ઉપયોગ કરવા જેવો હોય તેનો ઉપયોગ કરી જ લે છે. એ રવિશંકર મહારાજ પણ જુએ-જાણે-સમજે, આવી દૃષ્ટિથી કોઈ વખત આમ પાતરાં સાફ કરેલો લોટ ખાધો નહોતો, પણ આજે મહારાજને દેખાડવા ખાતર જ ખાધો. આમ લોટ ખાવામાં તો કોઈ દોષ નહોતો. પણ એની પાછળ વૃત્તિ ઉપયોગની નહોતી, પ્રદર્શનની દેખાડાની હતી. અને આવી પ્રદર્શન કે દેખાડવા માટેની ક્રિયા એ દોષ છે. તેની અત્યારે જાહેરમાં કબૂલાત કરીને અને મહારાજની તેમજ વર્ગનાં સહુ શિબિરાર્થીઓની ક્ષમા માગી લઉં છું. આ દોષનો પશ્ચાત્તાપ તો મુનિશ્રીએ આમ જાહેરમાં પણ કર્યો અને આછું આછું સ્મરણ છે કે, કંઈક પ્રાયશ્ચિત પણ લીધું.

ચિત્તશુદ્ધિ થાય તો જ જિનમાર્ગ કે મોક્ષમાર્ગ પર આગળ ડગલાં ભરીને ગતિ-પ્રગતિ થઈ શકે, એમ મુનિશ્રીની ઉપદેશવાણી આવાં ઉદાહરણથી સાર્થક થતી જોઈ અને તે વાણી સાંભળનાર કે વર્તન જોનારના મન હૃદય પર પ્રભાવ પડતો પણ જોયો, અનુભવ્યો.

# ૮ નિસર્ગમાં સહુ સરખાં સૃજેલાં

નર્મદા કિનારે રણાપુર ગામમાં સને ૧૯૩૭માં એક વર્ષનું કાષ્ઠ મૌન સંતબાલજીએ રાખ્યું હતું. સાધનાકાળના આ ગાળામાં તેમને જે કંઈ દર્શનવિશુદ્ધિ અને અંતઃકરણમાંથી સ્ફુરણાઓ થઈ તેમાં એક મુદ્દો સ્ત્રી-પુરુષને સમાનભાવે જોવાનો અને એ જ રીતે સમાન વર્તન કરવાનો હતો.

જીવમાત્રમાં કુદરતી ચેતનતત્ત્વ છે તે તો સમાન જ છે. ચેતનના વિકાસમાં અને તેની કક્ષામાં ભિન્નતા હોય છે. કોઈમાં એક જાતની વિશેષતા હોય તો

કોઈમાં બીજી જાતની વિશેષતા હોય પણ તેથી આ ભિન્નતા એ કંઈ કોઈની ઊંચા કે કોઈને નીચા બતાવવાનું સૂચન કરતી નથી.

મુનિશ્રીના સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ દર્શને આ વાતની સૈદ્ધાંતિક અને તત્ત્વથી પ્રતીતિ તો મુનિશ્રીને કરાવી હતી, પરંતુ પુરુષપ્રધાન પ્રકૃતિ અને પુરુષપ્રધાન સમાજરચનાને કારણે વ્યવહારમાં તો પુરુષ જાતિ નારી જાતિને પોતાથી હલકી જ માને છે, અને પુરુષ જાતિને નારી જાતિથી શ્રેષ્ઠ માને છે. વળી વધુ દુઃખદ અને શરમજનક વાત તો મુનિશ્રીને એ લાગી કે જે જૈન ધર્મ કોઈ પણ જાતના-જાતિના જ્ઞાતિના-કોમના ધર્મ સંપ્રદાયના ભેદભાવને માનતો જ નથી, અને "સકળ જીવ તે સિદ્ધ સમ" માનીને જે જીવ સમજે, પુરુષાર્થ કરે તો મોક્ષપદ પામે, કેવળજ્ઞાની થાય, અને તીર્થંકર ભગવાન થઈ શકે, એમ અનુભવ પછી કહે છે, તે જ જૈન ધર્મમાં ૨૦ વર્ષનો યુવાન આજે જ દીક્ષા લઈને જૈન સાધુ બન્યો હોય તેને ૮૦ વર્ષનાં ૬૦ વર્ષથી દીક્ષિત થયેલાં જૈન સાધ્વીજીએ વિધિસર વંદન કરવાં જ જોઈએ. જ્યારે તે સાધુએ આ સાધ્વીજીને વંદન ન જ કરવાં એવી પ્રણાલી અને પરંપરા જૈન સમાજમાં ચાલી આવે છે. આ પરંપરાના સમર્થનમાં 'પુરુષ જ્યેષ્ઠ' શબ્દ કોઈક શાસ્ત્રમાં કોઈક સંદર્ભમાં લખાયો હશે તેનો આધાર પરંપરા અને રૂઢિપૂજકો આપતા હોય છે.

આ સ્મરણો લખનાર લેખક એવા અમે તો એ પણ જોયું છે કે, ઘણી મોટી ઉંમરના અને દીક્ષા લીધે ઘણાં વર્ષો થયાં છે, તેવાં ઉચ્ચ ચારિત્રશીલ વિદુષી સાધ્વીજી, યુવાન વયના અને તાજા જ દીક્ષિત થયેલા સાધુ મહારાજને શાસ્ત્રનો અભ્યાસ કરાવતાં હતાં. સાધ્વીજી ગુરુસ્થાને હતાં, તે નીચે બેઠાં હતાં, અને સાધુજીને શીખવતાં હતાં. સાધુજી શિષ્યના સ્થાને હતા. તે બાજોઠ કે પાટ પર ઉચ્ચસ્થાને બેસીને સાધ્વીજી પાસેથી શીખતા હતા.

અમે મુનિશ્રીએ કરેલા ફેરફારનો દાખલો આપી આ અનુચિત પરંપરામાં સુધારો કરવાની વિનંતી કરતાં આદરપૂર્વક કહ્યું : "કમમાં કમ એટલું તો કરો કે જ્યારે ભણવા-ભણાવવાનું રાખો ત્યારે તો શિષ્ય ગુરુનાં યોગ્ય સ્થાને નીચા ઊંચા સ્થાને બેસવાનું રાખતા હો તો બંનેના ગુરુ શિષ્યના સ્થાનનું મહાત્મ્ય અને મહિમા છે તે તો સચવાય."

પરંતુ સંતબાલજી જેવાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર્યમાં સમ્યગ્ ભાવ ભર્યો છે તેવા સાધુપુરુષની વાણી અને ચારિત્ર્યની અસર આ પરંપરાવાદી રૂઢ

ક્રિયા પર થતી વ્યવહારમાં જોવા મળતી નથી. ત્યાં અમારા જેવા ગૃહસ્થ કહે એની અસર તો ક્યાંથી થાય ?

મુનિશ્રીએ તો સને ૧૯૩૭થી જ આ પરંપરામાં ફેરફાર કરીને સાધ્વીજીને વંદન કરવાનું ચાલુ કરી જ દીધું હતું. જાહેર નિવેદન પણ કર્યું જ હતું.

શબ્દોના અર્થઘટન અને પરંપરામાં યુગાનુકૂળ પરિવર્તન કરવાના પોતાના અભિગમ અને વલણ માટે મુનિશ્રી શાસ્ત્રોના આધારો પણ કોઈ કોઈ વખત ટાંકીને ઉદાહરણ પણ આપતા.

મતલબ, પુરુષ લિંગવાળો પુરુષ જાતિનો પુરુષ નહિ, પણ સ્ત્રી અને પુરુષમાં રહેલ 'આત્મા શ્રેષ્ઠ' છે એમ અર્થ અમને સમજાવ્યો હતો. અને તે અર્થમાં તો સ્ત્રી કે પુરુષ બંનેમાં રહેલો આત્મા કે ચૈતન્ય શ્રેષ્ઠ જ છે.

આ સ્ત્રી પુરુષ સમાનતાની મુનિશ્રીની મૌલિક વિચારણા કેટલી બધી સત્યનાં મૂળ તરફ લઈ જનારી હતી તેનો એક વધુ દાખલો જોઈએ.

શ્રીમદ્ રાજચંદ્રના વિચારોથી તો મુનિશ્રી આંતર બાહ્ય ઓતપ્રોત હતા. શ્રીમદ્ કાવ્યની એક કડીમાં "ગણે કાષ્ઠની પૂતળી તે ભગવાન સમાન" એમ શબ્દ રચના છે.

મુનિશ્રીને લાગ્યું કે ભગવદ્ભાવ માટે સ્ત્રીને લાકડાની પૂતળી રૂપે જ શા માટે જોવી ? વાસના ક્ષય માટે કે વિકાર ઉપર વિજય મેળવવા માટે સ્ત્રીપુરુષ બંનેએ પુરુષાર્થ કરવાનો છે. તો સ્ત્રીને સ્ત્રી રહેવા દેવી અને તેના પ્રત્યે માતા છે, તેમ માતૃવત્ ભાવે પુરુષે જોવું એમ શા માટે નહિ ?

એટલે એમણે શ્રીમદ્ કાવ્યની એ કડીને નીચે પ્રમાણે ફેરફાર કરીને એક પત્રમાં શ્રીમદ્ ભક્ત એવાં જિજ્ઞાસુ સાધિકા બહેનશ્રી પુષ્પાબેન અરવિંદભાઈ મહેતાને લખી.

"ગણે માતૃવત્ નારીને, તે ભગવાન સમાન" જોકે આ વ્યક્તિગત વાત અને વ્યક્તિગત કરેલ ફેરફાર વ્યાપક કરવાનો કશો પ્રયત્ન થયો નથી.

પરંપરા, રૂઢિ અને માન્યતાઓમાં વિકૃતિઓ પથરાઈને ઊંડી જડ નાખી બેસે છે ત્યારે ક્રાંતદ્રષ્ટા મહાપુરુષો કોઈ ને કોઈ નિમિત્ત પૂરું પાડીને તેમાં મૂળભૂત અને ક્રાંતિકારી ફેરફારો કરતા જ હોય છે.

સ્ત્રી પુરુષની સમાનતાની પ્રસ્થાપના માટે તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ કરેલ અભિગ્રહ અને પાંચ મહિના ને પચ્ચીસ દિવસના ઉપવાસ પછી

ભિગ્રહ પૂરો થાય છે ત્યારે ચંદનબાળાને હાથે થયેલ પારણા પ્રસંગે ચંદનબાળાના થની બેડીઓ તૂટી ગઈ. તે પ્રસંગને મુનિશ્રી રસિક અને રોચક ભાષામાં ર્ણવી કહેતા કે, આ ઘટના ઈતિહાસ હોય કે રૂપક હોય, પણ તેનો સાર તો ેક જ છે કે તે કાળે સ્ત્રીને ઢોરની જેમ જાહેર લીલામથી ગુલામ તરીકે વેચવામાં ાવતી. સ્ત્રીને શાસ્ત્ર ભણવાનો, સાધ્વી બનવાનો અધિકાર નહિ હતો. સ્ત્રીને ોક્ષનો, કેવળજ્ઞાન પામવાનો કે તીર્થંકર થવાનો અધિકાર જ નથી. કારણ સ્ત્રી જાતિમાં એ ક્ષમતા જ નથી, એવી માન્યતા એ વખતનાં સમાજમાં હતી.

મલ્લીદેવી ૧૯મા તીર્થંકર થયા તેમને મલ્લીનાથ સંબોધન લગાવી દીધું તે આવી માન્યતાનું જ સૂચક છે.

સંતબાલજી સમજાવતા તેમાંથી અમે એવું સમજ્યા કે, સ્ત્રી-પુરુષમાં રહેલા ચેતનની કે આત્માની ક્ષમતા સમાન જ છે. બન્નેની પ્રકૃતિમાં ગુણ ધર્મની ભિન્નતા છે તે તો સંસારમાં સંતાનોત્પત્તિનું સર્જન કાર્ય ચાલુ રાખવાનું છે તેને કારણે કુદરતી ગુણધર્મ સ્ત્રી-પુરુષમાં કુદરતે જ ભિન્ન નિર્માણ કર્યા છે. સ્ત્રીએ સંતાનનું બીજ ગ્રહણ કરવાનું, સંઘરવાનું, સંવર્ધન કરવાનું, ઉછેરવાનું વગેરે કામો કરવાનાં છે, તેથી તેના ગુણધર્મોમાં સમર્પણતા, ગ્રહણશીલતા, સહિષ્ણુતા, કોમળતા અને મૃદુતા, કષ્ટ સહેવાની ઘસાવાની શક્તિ એ બધું પુરુષ કરતાં વિશેષ પ્રમાણમાં છે. માટે જ સ્ત્રી સંતાનપ્રાપ્તિ અને સંતાનોનો ઉછેર સુપેરે કરી શકે છે. એ જ રીતે પુરુષ, બીજ આપનાર હોવાથી તેનામાં આક્રમકતા, શૌર્ય, કૌવત વગેરે ગુણધર્મો વિશેષપણે છે, એ છે તો તે સુપેરે બીજારોપણ કરી શકે છે. પરંતુ આ વિશેષતાઓ એ કંઈ શ્રેષ્ઠપણાનું કે હીનપણાનું અથવા ઊંચા નીચાપણાનું સૂચક નથી. શ્રેષ્ઠતા, હીનતા, ઉચ્ચતા કે નીચતા એ તો દરેક વ્યક્તિનાં કેવાં કર્મો છે તેના ઉપરથી જ તેનું માપ નીકળી શકે.

આવી સમજણ મળતી હોવા છતાં જૂના સંસ્કારવશ અને મહદઅંશે વાતાવરણ પણ હજુ પુરુષપ્રધાન સમાજરચનાને અનુરૂપ હોઈ અમે, કાર્યકરો પણ હજુ સ્ત્રી પુરુષ સમાનતાનો વ્યવહાર કરવામાં ઘણા ઊણા ઊતરીએ છીએ. ત્યારે મુનિશ્રીનું જીવનકાર્ય કંઈક દીવાબત્તીનો પ્રકાશ ફેલાવીને ફેરફાર કરવાનું સૂચવી જાય છે.

# ૯ છાણિયા ઘઉં

સન ૧૯૪૬નો "વિશ્વવત્સલ ચિંતક વર્ગ" અરણેજ (તા. ધોળકા)માં હતો. એક આખો દિવસ સવારથી સાંજ સુધી વર્ગનાં તમામ ભાઈ-બહેનો ગૂંદી ગામની સીમમાં આવેલ "અચલેશ્વર મહાદેવ" (હાલનો ગૂંદી આશ્રમ)માં મુનિશ્રીની સાથે રહ્યાં. ગૂંદી ગામની જાણીતી વેપારી પેઢી શેઠ ચતુર ગોકળના યુવાન પુત્ર હરિભાઈ વર્ગમાં દાખલ થયા હતા. તે કહેતા હતા કે, 'આ મહાદેવ અને આ તળાવ તથા રાયણ, જાંબું, આંબલીની ઘટાદાર ઝાડી, નાની એવી કૂઈનું મીઠું ધરાક પાણી એ બધું જોઈને અમે એને ભાલનું કાશ્મીર કહીએ છીએ.

સીધું સામાન સાથે જ લઈ ગયા હતા. જમી પરવારી બપોરના વર્ગનું મુનિશ્રીનું વ્યાખ્યાન સાંભળીને અમે વર્ગનાં થોડાં ભાઈ-બહેનો મુનિશ્રી સાથે ગૂંદી ગામના ભંગી વાસમાં ગયાં. તે વખતે વેપાર ધંધો વિરમગામની કાપડની દુકાન ઉપરાંત સિંધ હૈદરાબાદમાં પણ મારે હતો. એટલે ત્યારે હું હૈદરાબાદથી અરણેજ વર્ગમાં આવ્યો હતો. ગૂંદીના ભંગીવાસમાં બે લીમડાનાં ઝાડ હતાં. ત્યાં મુનિશ્રી અને અમે બેઠા. ભંગીના સાતે ઘરનાં નાનાં મોટાં સહુ તરત ભેગાં થઈ ગયાં. મુનિશ્રીએ તેમને પ્રશ્નો પૂછીપૂછીને માહિતી મેળવી. છોકરાંઓ નાગાંપૂગાં, પુરુષોનાં શરીર તદ્દન ઉઘાડાં ટૂંકા ઢીંચણ સુધીનાં પનિયાં (ધોતીને એ પનિયું કહેતા) તે પહેરેલાં. માથે મેલખાયાં, સ્ત્રીઓ લાજ કાઢીને એક છાપરાની ઓસરીમાં અવળે મોઢે ટોળે મળીને બેઠેલી. ઘર કહેવાય એટલું જ, માટીનાં પડું પડું થાય તેવાં ભીંતડાં. બારણાં તો કોઈક જ ઘરને. છાપરાં ઉપર દેશી નળિયાં. જૂનાં પતરાં. એક નાનો અંધારિયો ઓરડો. નાની ઓસરી. એકાદ ઘરમાં અમે નજર ફેરવી તો માંડ માંડ અંધારામાં જોયું કે ઓરડામાં બેએક જૂના ડબા, ચૂલો, એક વાંસડાની વળગણી ઉપર ગાભા જેવાં બેત્રણ લૂગડાં, એક માટલું એમ દેખાયું.

આવી કારમી ગરીબીમાં ખોડાભાઈ, કસુભાઈ, મોહનભાઈ વગેરે ભંગીભાઈઓએ કહ્યું : 'મજો, મજો છે બાપજી.'

'કામ શું કરો છો ?' એવા પ્રશ્નના જવાબમાં સાંભળ્યું કે -

'સારા પરતાપ ગામના. રોજ સવારે વાસીદાં વાળીએ તેનો રોટલો મળે છે. સારે માઠે ગળ્યું મોઢું કરાવે. કદીક લૂગડુંય આલે.'

'રોટલો કેટલો અને કેવો આપે ?'

'ટાઢો જ હોય ને બાપજી, કોઈ ફડશ તો કોઈ આખો યે આલે.'

'પીવાના પાણીનું કેમ છે ?'

'ગામના કૂવેથી આલે છે બાપજી.'

'છોકરાં નિશાળે ભણવા જાય છે ?'

'અમારે ભણીને સાયેબ થોડા થાવું છે ? ભણે પછી આ વાસીદાં મજૂરી કુણ કરે ?'

થોડે દૂર કંઈક ધોકાથી ઝૂડાતું જોઈને પૂછ્યું : 'આ શું ધોકાવે છે ?'

'બાપજી, એ તો ઘઉં ધોકાવીને છૂટા પાડે છે.

વધુ વિગતે જાણ્યું કે, ઘઉંના ખળામાં હાલરાંમાં બળદ હાલે ત્યારે મોઢું નાંખીને ઘઉં ખાય. થોડા ઘઉં છાણના પોદળામાં આખે આખા બહાર કાઢે. તે છાણ લાવીને સૂકવે, ઝૂડીને ઘઉં છૂટા પાડે. ધોઈને તેને દળે અને રોટલા ઘડીને ખાય, આ ઘઉં છાણિયા ઘઉંથી ભાલ આખામાં ગામે ગામ ઓળખાય અને ભંગી વર્ગના પરિવારો જ તે ખાય.

આ દૃશ્ય અને આ વાત અમે શિબિરાર્થીઓએ તો જિંદગીમાં પ્રથમ વખત જ જોયું-સાંભળ્યું.

મુનિશ્રીએ રાત્રે પ્રાર્થના પછી પ્રવચનમાં આ વાત વણી લઈને સુખી સંપન્ન વર્ગની કેટલી મોટી જવાબદારી અને ફરજ આવા પછાત અને ગરીબ વર્ગના કલ્યાણ માટે છે તે કહ્યું.

કહેવામાં ભારોભાર સંવેદન પ્રગટતું હતું. ત્રણેક વર્ષ પછી આ જ અચલેશ્વર મહાદેવમાં સર્વોદય આશ્રમની સ્થાપના થઈ અને ભાઈ નવલભાઈ શાહે શિક્ષણ કાર્યની શરૂઆત છાત્રાલયથી કરી ત્યારે આ જ ગૂંદી ગામના ભંગી બાળક ગાંડિયો (નવું નામ ગોવિંદને એ જ ખોડાભાઈ ભંગી કે જે ગોવિંદના પિતા થતા હતા) છાત્રાલયમાં મૂકવાની માંગણી કરી ત્યારે નવલભાઈને ખોડાભાઈએ કહ્યું કે -

"ઝેરો છોકરાં છે. ગાંડીયા એકને લઈ જાઓ.'

ભાલના ભડવીર આગેવાન ધોળી કમાલપુરના કાળુ પટેલે છાત્રાલય દ્વારા ફંડ એકઠું કરવામાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. આ કાળુ પટેલે છાત્રાલયમાં આ ભંગી બાળકને તળપદા પટેલના બાળકો સાથે રાખવામાં વાંધો લીધો, પણ નવલભાઈની મક્કમતા અને મુનિશ્રીની પ્રદેશ ઉપર મોટી અસર હોઈ કાળુ

પટેલનો વાંધો ચાલ્યો નહિ. કાળે કરીને તો ગૂંદી આશ્રમના ઘરે ઘરના રસોડા સુધી અને આશ્રમના સમૂહ ભોજનના રસોડાના રસોઈયા તરીકે વર્ષોથી ભંગી પરિવારનાં સ્ત્રી-પુરુષો વિના રોકટોક અને માન-આદર સાથે પહોંચી ગયાં છે.

પ્રદેશ આખો આ જાણે છે, અને આશ્રમને રસોડે ભંગી રસોઈયાના હાથે બનેલી સ્વાદિષ્ટ વાનગીઓ વિના સંકોચે બ્રાહ્મણથી ભંગી સુધીની બધી જ્ઞાતિના લોકો જમે છે. ગૂંદીનો ઝીણાભાઈ નામનો ભંગી બાળક આશ્રમમાં જ ભણ્યો, મોટો થયો અને કુશળ રસોઈયો બનીને આજે ઝીણા મહારાજ તરીકે આખા પંથકમાં ઓળખાય છે.

બેઠી ક્રાંતિ કહો કે ઉત્ક્રાંતિ કહો તેનું દર્શન અહીં થાય છે. સમાજ પરિવર્તન માટે અપાર ધીરજ અને સામસામા સંઘર્ષ કરીને નહિ પણ માનસ પરિવર્તન કરીને થતા આવા ફેરફારો પણ સમાજશાસ્ત્રીઓને એક અભ્યાસ કરવા જેવો વિષય પૂરો પાડે છે.

આજે તો સાતમાંથી ૭૦ ઘર પોતાનાં થયાં છે. છાણિયા ઘઉં તો કદાચ યાદ પણ નહિ આવતા હોય. વાસીદાં, ટાઢા રોટલા સદંતર બંધ થયા છે. કેટલાય પ્રાથમિક શિક્ષકો બન્યા. અમદાવાદ નોકરી ધંધે પણ વળગ્યા.

૫૦ વર્ષ પહેલાં થયેલા સંત સમાગમનું આ સંભારણું આજે પણ સહુને ધન્યતાનો અનુભવ કરાવે છે.

## ૧૦ તપનું સામાજિકરણ

સન ૧૯૫૨નું ચાતુર્માસ મુનિશ્રીનું ખસ (તા. ધંધૂકા)માં હતું. એક રાત્રે પ્રાર્થના સભા પત્યા પછી પડખેના ગામ બગડનાં એક કુંભાર ડોશીમા મુનિશ્રીને એકલાં મળવા આવ્યાં.

એકાંતમાં બેસી રડતી આંખે આંસુ સાથે પોતાની આપવીતી એમણે મુનિશ્રીને કરી. સાર એ હતો કે, પોતાના ઘરમાં ચોર લોકોએ રાતે ખાતર પાડ્યું. ગરીબના ઘરમાં તો બીજું શું હોય, પણ જે કંઈ હતું તે વાળી-ચોળીને સાફ કરી નાખ્યું છે. થોડાં કપડાં, થોડાં વાસણ અને ચાંદીનો દાગીનો મળી રૂપિયા પાંચસોની મતા ચોરાણી છે, બરવાળા પોલીસ થાણામાં ફરિયાદ તો કરી છે, પણ કંઈ થયું નથી. ગામમાં તો ચોર કોણ કોણ છે એનાં નામ સાથે વાતો પણ થાય છે. આ ચોરી કરનાર ગામના જ કાઠી છે. બધા જાણે છે. પણ વાઘને

કોણ કે, કે તારું મોઢું લોહીવાળું છે ? પોલીસ તો આ ચોર લોકો સાથે મળી ગઈ છે, મારું ગરીબનું કોણ સાંભળે ? ગામના સમજુ વેપારીએ મને કહ્યું કે, ડોશીમા, તમે ખસમાં સંતમહારાજ છે ત્યાં જઈને વાત કરો. તે તમને કંઈક મદદ કરે તો, બાકી તો બધું રામભરોસે, વાયે વાત મારી જશે. આમ વેપારીના કહેવાથી બાપજી તમારી પાસે આવી છું. કોઈને કહ્યું નથી, અને રાતે આવી છું. જેથી કોઈનેય ખબર ના પડે. વેપારીએ પણ એમનું નામ આપવાની ના પાડી છે. હવે તો એક તમારો આશરો છે.''

મુનિશ્રીને આ વાત સાંભળીને ભારે ચિંતન મંથન થયું. છેલ્લો અને એક માત્ર આશરો ધાર્મિક પુરુષ પાસે માગ્યો છે. ધર્મ આમાં કંઈ કરી શકે ? 'ધર્મ દૃષ્ટિએ સમાજરચના'નો મહાન પ્રયોગ હાથ ધર્યો છે. ચોરી લૂંટ એ રાજ્યશાસને જોવાની બાબતો છે. પણ રાજ્યશાસન ત્યાં કંઈ મદદરૂપ ન થઈ શકતું હોય તો શું કરવું જોઈએ ? ધર્મ દૃષ્ટિએ ધાર્મિક સંસ્થા સામાજિક સંસ્થા ગામ લોકો એમ કોઈની જવાબદારી કે ફરજ ખરી ?

કંઈ સ્પષ્ટ ચિત્ર તે વખતે થઈ શક્યું નહિ, પણ મુદ્દો હાથ ધરવો જોઈએ અને ડોશીમાને શક્ય તે સધિયારો આપવો જોઈએ એમ તો લાગ્યું. એટલે ડોશીમાને મુનિશ્રીએ કહ્યું : "એમ કરો, તમે અને ગામના એકાદ બે વેપારી એક વખત મને મળી જાઓ. પછી આગળ શું કરવું તે વિચારશું."

ડોશીમાએ કહ્યું તો ખરું કે ''બાપજી વેપારી કોઈ આવવાની હિંમત નહિ કરે. પેલા ચોર લોકોને ખબર પડે તો તે વેપારીને ત્યાં જ ખાતર પાડે એટલે ચોરના ડરથી કોઈ આવશે નહિ.''

મુનિશ્રીએ તો તોપણ કહ્યું કે, "તમે વાત તો કરજો, કહેજો કે મહારાજે ખાસ કહ્યું છે."

બીજે દિવસે બે વેપારી એકલા મુનિશ્રીને મળી ગયા. અને ડોશીની વાત સાચી છે તેનું સમર્થન કરતાં બગડમાં અને આજુબાજુમાં આમ ચોરી લૂંટ થવાની અને બરવાળા થાણાની ચોર લોકો સાથેની સાંઠગાંઠની કડીબંધ વાતો કરી.

મુનિશ્રીએ ખેડૂતમંડળના આગેવાનોને તેમજ ધોલેરાથી નાનચંદભાઈ (હાલ સાણંદ રહેતા જ્ઞાનચંદ્રજી)ને બોલાવી લીધા, બગડનાં આ ડોશીમાને ત્યાં પડેલા ખાતરની વાત કરી. અને બગડમાં જઈને આ કિસ્સાની બધી સાચી હકીકતો મેળવવા તપાસ કરીને અહેવાલ રજૂ કરવાની સૂચના આપી.

નાનચંદભાઈ બગડ ગયા. પાણી સુધ્ધાં બગડનું ન પીવું, એવા સંકલ્પ સાથે ગયા. રોજ સવારે જાય. સાંજ સુધી રોકાય. ધીમે ધીમે ગામલોકોનો સંપર્ક વધવા લાગ્યો. કુનેહપૂર્વક વાતો કરી કરીને ચોર અને ચોરી કરનાર કોણ કોણ છે તે વાતો જાણી લીધી. જાણેલી વાતો સાચી છે તેની ખાતરી પરોક્ષપણે કરી લીધી. અનાયાસે પણ ચોરી કરનારનાં નામો સાચાં હતાં તે જ જાણવા મળ્યાં. દિવસોની તપાસ પછી મળેલી તમામ માહિતી મુનિશ્રી પાસે રજૂ થઈ. મુનિશ્રીએ ખેડૂતમંડળના આગેવાનો સાથે પણ સંપર્ક ચાલુ રાખી આ કિસ્સામાં લોકશક્તિનો ઉપયોગ કરવાની પૂર્વભૂમિકા તૈયાર કરવા માંડી હતી.

ચોરી કરનાર કોણ છે તેની ખાતરી થયા પછી ધર્મદૃષ્ટિની સમાજ રચનામાં શું કરવું ? એ સવાલ આવ્યો. વળી જે કંઈ કરવાપણું આવે તેમાં લોકશક્તિ મુખ્ય રહેવી જોઈએ. લોકશાહી શાસનમાં ક્ષતિ ન પહોંચે તેમ થવું જોઈએ. રાજ્યની પોલીસ કે તંત્રને વચ્ચે ન આવવું પડે તે પણ જોવું જોઈએ. અને પરિણામ પણ આવવું જોઈએ.

આમ અનેક પાસાંઓ ધ્યાનમાં રાખી આ કામ કરવાનું હતું. ગામલોકોમાં ડર હતો. કાયરતા હતી. રાજ્યશાસન ભ્રષ્ટ અને નિંભર હતું. શાસનકર્તાઓનો ભરોસો સત્તામાં હતો. સેવાલક્ષી સેવકોની સાત્ત્વિકતા કે સજ્જનતા ઉદાસીન, નિષ્ક્રિય કે નિર્માલ્ય હતી. સાધુસંતો તો મર્યા પછીના પરલોક કલ્યાણની કથા-વાર્તાઓમાંથી ઊંચા જ આવતા નહોતા. એમને આ લોકના કલ્યાણના પ્રશ્નોમાં જાણે રસ જ નહોતો. ચારે તરફનો અંધકાર જાણે ઘેરી વળ્યો હતો.

એવી સ્થિતિમાં મુનિશ્રીએ દિવસોના મંથન પછી જાણે, અમૃત લાધ્યું હોય એમ 'બગડ સમાજ શુદ્ધિપ્રયોગ' નામ આપીને સાંકળરૂપના તપ સાથેની પ્રાર્થનાનો અન્યાય-અનિષ્ટના પ્રતિકારનો સામુદાયિક કાર્યક્રમ આપ્યો. એકેક ગામથી રોજ ચાર ચાર ખેડૂતોની ટુકડી બગડ આવે, ઉપવાસ કરે, બીજે દિવસે પાછી જાય. ગામમાં પ્રભાતફેરી, સરઘસ, સૂત્રોચ્ચાર, પત્રિકાવાચન, સમૂહપ્રાર્થના જેવા કાર્યક્રમો રાખ્યા. નાનચંદભાઈને શુદ્ધિપ્રયોગનું સંચાલન સોંપ્યું.

દિવસો તો થોડા ગયા, પણ ગામલોકોની ચેતના જાગી. ચોરી કરનારા કાઠીભાઈઓને પણ અપીલ થઈ અને ગામની જાહેરસભામાં એમણે કબૂલાત કરીને ચોરીની કિંમત જેટલી રૂપિયા ૫૦૦ની રકમનો માનેપાત આપ્યો. સુંદર અને સુખદ અંત આવ્યો.

તપોમય પ્રાર્થનાનો પ્રભાવ સમાજ જીવન પર કેવો પડે છે તે અનુભવ

**સહુને થયો**. પછી તો આ શુદ્ધિપ્રયોગ ભાલ નળકાંઠા પ્રદેશમાં અનેક પ્રસંગોમાં **થયા**. અને તે સફળ રહ્યા. થોડા પ્રસંગોનું પુસ્તક "શુદ્ધિપ્રયોગનાં સફળ ચિત્રો" **લખાયું**. તેને ગુજરાત સરકારે ગુણવત્તાની દૃષ્ટિએ પ્રથમ કક્ષાએ ગણીને પુરસ્કાર **આપ્યો**. સર્વસેવા સંઘે તેનું હિંદી ભાષાંતર કરાવીને હિંદી પ્રકાશન કર્યું.

તપનો પ્રભાવ આંતરમનની શુદ્ધિમાં ઉપયોગી બને છે, એ અનુભવ તો **ભારતના** ઋષિ-મુનિઓ અને સાધુસંતોના અનુભવોમાં હતો. વ્યક્તિગત તપનો **સામાજિક** પ્રભાવ પણ સમાજજીવન પર પડે છે : એનો સફળ પ્રયોગ ભગવાન **મહાવીરના** અભિગ્રહનાં પારણાંના પ્રસંગમાંથી જોઈ શકાય છે. અને રોલેટ **એક્ટના** વિરોધમાં અન્યાયના પ્રતિકારરૂપે ૧૨ કલાકના સામુદાયિક ઉપવાસનું **એલાન** આપીને સામુદાયિક તપનો સફળ પ્રયોગ સને ૧૯૨૧માં ગાંધીજીએ **કર્યો હતો**. ગાંધીજીના મનમાં આ તપને સાંકળરૂપે સામુદાયિક સ્વરૂપમાં સાંકળવાની **વાત** હતી જ. એ વિષે એમને થયેલી સ્ફુરણા એમણે વ્યક્ત પણ કરી હતી. **પરંતુ** તેનો પ્રયોગ તો કોઈએ પણ કર્યાનું જાણમાં નથી.

બગડની ચોરી પ્રકરણ વખતે મુનિશ્રીને ઉપવાસની સાંકળરૂપે કાર્યક્રમ **આપવાનું** સૂઝ્યું તેનું કારણ ગાંધીજીની સ્ફુરણા વાંચી કે જાણી હતી કે કેમ ? **તેનો** અમને કોઈ ખ્યાલ નથી, પણ સત્યાર્થી પુરુષોનું ચિંતન છેવટે તો સત્યના **મૂળ** તરફ લઈ જતું હોય છે. તપને આમ સામાજિક સ્વરૂપ આપવાનો આ **શુદ્ધિપ્રયોગ** સમાજ જીવનના અભ્યાસુઓ માટે અભ્યાસ કરવાને ભરપૂર મસાલો **પૂરો** પાડી શકે તેમ છે.

## ૧૧ 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે...'

તાલુકદારી જમીનના કાયમી ગણોતિયા ખેડૂતો કાયમી હોવા છતાં કાયદાની છટકબારીઓને લઈને તે કાયમી ગણોતિયા છે, એવું સાબિત કરવા શક્તિમાન નહોતા. તેથી તેમને ૧-૪-૫૭ થી 'ખેડે તેની જમીન'ના ગણોત કાયદાની જોગવાઈ લાગુ પડતી હતી. અને વળતર ઘણું મોટું આપવાનું થતું હતું. મુંબઈ સરકાર કાયદામાં સુધારો કરે તે માટે આ અંગે ભાલ નળકાંઠા ખેડૂતમંડળે શુદ્ધિ પ્રયોગ પણ કર્યો હતો. દરમિયાન મુંબઈના મહાદ્વિભાષી રાજ્યની રચના થઈ ગઈ હતી. અને મહેસૂલખાતું શ્રી રસિકલાલ પરીખના હસ્તક આવ્યું હતું. શ્રી રસિકભાઈ આ તાલુકદારી જમીનના પ્રશ્નથી સારી રીતે માહિતગાર થયા હતા

અને કંઈક રસ્તો નીકળે તો કાઢવો જોઈએ એ મતના હતા. તેના અનુસંધાનમાં મુનિશ્રી ગૂંદી આશ્રમમાં હતા ત્યારે શ્રી રસિકભાઈ અને મુંબઈ રાજ્ય મહેસૂલ સચીવ શ્રી દલાલ સાહેબ ગૂંદી મુનિશ્રીને મળવા આવ્યા. ભાલ નળકાંઠા ખેડૂતમંડળના આગેવાનો, મુનિશ્રી અને શ્રી રસિકભાઈ તથા શ્રી દલાલ સાહેબે બેએક કલાકની વાટાઘાટો પછી સર્વ સંમતિથી કાયમી ગણોતિયા છે તે કાયમી ગણોતિયા બની શકે, તેવો કાયદો મુંબઈ સરકાર કરશે તેવું નક્કી થયું.

આ નાની સરખી સભામાં મંચ પર શ્રી રસિકભાઈની સાથે જિલ્લા અને પ્રદેશના કૉંગ્રેસી મોવડીઓ બેઠા હતા. મુનિશ્રીની બેઠક તો એક ખુરશીમાં અલગ હતી જ. સામે નીચે સભામાં પ્રાયોગિક સંઘના મોવડીઓ, ખેડૂતમંડળના આગેવાનો, આશ્રમના કાર્યકરો અને ઈતર ગ્રામજનો બેઠા હતા. સભાને અંતે સહુ વિદાય થયા. રાત્રે આશ્રમમાં સમૂહપ્રાર્થના પછી મુનિશ્રીનું પ્રાસંગિક સંબોધન થયું. તેમાં મુનિશ્રીએ અમારા સહુનું ધ્યાન દોરીને સભાના આયોજનની બેઠક વગેરેમાં રાખવા જોઈતા વિવેકનો અમને બોધ આપ્યો.

મુનિશ્રીના કહેવાની મતલબ એ હતી કે —

મંચ પર રસિકભાઈ બેઠા તે તો બરાબર જ હતું કારણ કે તે મુખ્ય અને એક જ વક્તા હતા. પરંતુ પછી બીજા પણ કૉંગ્રેસી આગેવાનો રસિકભાઈ સાથે જ બાજુમાં મંચ પર જ બેઠા હતા, અને સંઘના પ્રમુખ શ્રી કુરેશીભાઈ, મંત્રી છોટુભાઈ, આજીવન સેવાના ભેખધારી નવલભાઈ, ખેડૂતમંડળના પ્રમુખ ફુલજીભાઈ, મંત્રી અંબુભાઈ વગેરે નીચે સભામાં બેઠા હતા. સભાનું આયોજન આશ્રમનું હતું. કૉંગ્રેસનું નહોતું. લોકોનું માનસ તો સત્તાપૂજક છે, ધનપૂજા અને સત્તાપૂજાનો તો આપણે વિરોધ કરીએ છીએ. લોકો બહુ ચતુર અને ચાલાક હોય છે. મંચ પર રાજ્યસત્તાના પ્રતિનિધિ એવા એક શાસનકર્તા પ્રધાનની સાથે, શાસનકર્તા પક્ષના અન્ય મોવડીઓને બેઠેલા જુએ એટલે લોકોના મન પર રાજ્યસત્તાનો પ્રભાવ છે તે જ વધુ જોર પકડે. રાજસત્તાને ઊંચું સ્થાન અને સેવાનું ગૌણ સ્થાન. આ ઊલટો ક્રમ સુલટાવવાનો આપણો પ્રયોગ છે, તે આપણે ભૂલવું ન જોઈએ. એને સતત યાદ રાખીને જ સભા સંચાલન આશ્રમમાં કરવાનું હોય ત્યારે તો આ વિવેક ભૂલવો નહિ જોઈએ ને ? કૉંગ્રેસની સભાનું આયોજન કૉંગ્રેસના કાર્યકરો કરતા હોય ત્યાં પણ મોખરાનું સ્થાન તો સેવકોનું જ હોય, પણ હજુ એ સ્થિતિ આવી નથી. તો કમમાં કમ સેવાવ્રતધારીઓ વસે છે તે આશ્રમમાં તો આ જાતની આચારસંહિતાનું પાલન થાય એ જોવું જોઈએ.''

અમારામાંથી કોઈકે દલીલ કરી કે, "મહારાજશ્રી, આપની વાત સાચી છે, પણ મંચ પર થોડી બેઠકો જ હતી. અને અમે નીચે બેસીએ અને કૉંગ્રેસી આગેવાનો ઉપર બેસે એમાં વિવેકદૃષ્ટિ પણ હતી."

મુનિશ્રીએ વિવેકદૃષ્ટિ સમજાવતાં કહ્યું :

"આમાં વ્યક્તિગત કોઈ સવાલ જ નથી. વિવેકદૃષ્ટિ સાચવવા તો એમ પણ કરી શકાય કે, માત્ર રસિકભાઈ એક જ વક્તા હતા તો તેમના પૂરતી એક જ બેઠક મંચ પર રાખવી જોઈતી હતી. બાકી બધા નીચે બેસત. આપણો પ્રયોગ વ્યક્તિગત સાધના સાથે સમાજગત સાધનાનો પણ છે. અને તેથી સમાજનાં મૂલ્યો સુરક્ષિત રહે એ માટે સમાજમાં લોકમાનસ કઈ રીતે કામ કરે છે તે પણ ધ્યાનમાં રાખવા પૂરતી આ વાત છે."

લોકમાનસની પરખ, સામાજિક અસરો, અને કાર્યાનુસાર યોગ્યાયોગ્યતાનો વિવેક સમજાય તો જ મુનિશ્રીની આ વાતની ગડ બેસે, નહિતર મુનિશ્રી વિષે પણ ગેરસમજ થવાપણું નકારી શકાય નહિ. આ સંદર્ભમાં જ એક ઉલ્લેખ અહીં કરી લેવા જેવો છે.

શ્રી બાબુભાઈ જસભાઈ પટેલ ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના જનરલ સેક્રેટરી કે એવા જ કોઈ ઉચ્ચ હોદ્દા પર હતા ત્યારે ગૂંદી આશ્રમમાં આવ્યા હતા. ગપશપ ચાલતી હતી એમાં બાબુભાઈએ પ્રસંગોપાત નિમિત્ત મળતાં કહી નાખ્યું કે -

"સંતબાલજી પોતાને ઉચ્ચ તો માને જ છે, પણ એમની બેઠક પણ બધા કરતાં ઉચ્ચસ્થાને હોય તેવો આગ્રહ રાખીને બેઠક ઊંચી જ રખાવે છે."

આ અંગે આગળ પાછળ અમારે સંતબાલજી સાથે થયેલી ચર્ચામાં અમારી સમજણ વધુ સ્પષ્ટ થઈ. આ સમજ આ જાતની છે. સમાજમાં પ્રથમ સ્થાન સાચા સાધુ સંતોનું હોય. (વેશધારી નહિ) પછીના સ્થાને સેવાવ્રતધારી લોકસેવકો રહે. ત્યાર પછી ઘડાયેલાં નૈતિક લોકસંગઠનો આવે અને સહુથી છેલ્લે લોકશાસન કર્તાઓનો નંબર આવે તો એ સમાજ વધુ ચેતનવંતો, તેજસ્વી અને પ્રગતિશીલ રહી શકે.

આજે આ ક્રમ સાવ ઊલટો થઈ ગયો છે. સહુથી પહેલા ક્રમમાં સત્તાધારીઓ રહેતા હોય છે. ધનિકો તો તેમની સાથે સાંઠગાંઠથી બંધાઈને તે પણ પ્રથમ હરોળમાં જ ગોઠવાઈ જતા હોય છે. મતબેંકમાં ઉપયોગી લોકટોળાં (નૈતિક લોકસંગઠન નહિ) બીજે નંબરે, સત્તાના રાજકારણના હાથારૂપ લોકસેવકો ત્રીજે નંબરે, અને સાચા સાધુ સંતો તો ત્યાં હોય જ શાના ? પણ વેશધારી સાધુઓનો ક્રમ તો ત્યાં છેલ્લો જ. આશીર્વાદ કે મંગલ પ્રવચનનો લાભ (કે ગેરલાભ) લેવા પૂરતો જ હોય છે.

આવી દુઃખદ પરિસ્થિતિ સૂલટાવીને શ્રીમદ્ કહે છે તેમ -

**જ્યાં જ્યાં જે જે યોગ્ય છે, તહાં સમજવું તેહ;**
**ત્યાં ત્યાં તે તે આચરે, આત્માર્થી જન એહ.**

આમ ગોઠવવાનો ભાલ નળકાંઠા પ્રયોગનો નમ્ર પ્રયાસ છે. એમાં કોનું, ક્યાં, કેવું સ્થાન, અને કોને, ક્યાં, કેટલી પ્રતિષ્ઠા આપવી એ વિવેક દષ્ટિથી નિર્ણય કરીને તે પ્રમાણે તેનો અમલ કરવા-કરાવવાનો હોય ત્યાં પ્રત્યક્ષ પરોક્ષ પ્રેરણા કે માર્ગદર્શન આપવાપણું પણ આવે અને સાધુજીવનની મર્યાદા સાચવીને મુનિશ્રી તે આપતા. અને એનો અમલ સંસ્થા કરતી. એમાં કોઈ વખત આમ સમજફેર કે ગેરસમજ પણ થતી. સરગવાળા સમાણી ગામના બંધની હજાર હેક્ટર ખાર પડતર જમીનની ગૂંદી આશ્રમ પછાત વર્ગના મજૂરોની સહકારી મંડળી બનાવી હતી. ૧૯૭૩-૭૪ની સાલમાં તે વખતના ગવર્નરના સલાહકાર શ્રી સરીનના હાથે એ જમીન ખેડાણનું ઉદ્દ્ઘાટન હતું. શિયાળ મજૂર સહકારી મંડળીના સેક્રેટરી વાઘરી કાવાભાઈ રણછોડભાઈના પ્રમુખસ્થાને આ મેળાવડો હતો. ભોળાદના વાઘરી આગેવાન શ્રી ભૂરાભાઈ પણ મંચ પર બેઠા હતા. પ્રદેશના ઉજળિયાત ગણાતા વર્ગના આગેવાનો નીચે બેઠા હોય તે તો આ જોઈને સમસમી ઊઠે ને ? પણ આમ આગ્રહો વારંવાર રહ્યા અને ધીમે ધીમે કાંધ પડવા લાગી. પછાત ગણાતા વર્ગમાં પણ થોડી સભાનતા અને જાગૃતિ થઈ.

અલબત્ત, એક સંતપુરુષની વર્ષોની સાધના અને તપનું પરિણામ હતું.

## ૧૨ એકતાનું ગણિત

બકરાણા (તા. સાણંદ)માં મુનિશ્રીની રાત્રે જાહેર પ્રાર્થનાસભા હતી. પ્રાર્થના પછી પ્રવચનની શરૂઆતમાં મુનિશ્રીએ એક દાખલો પૂછ્યો અને તેનો જવાબ માગ્યો.

"બે એકડે કેટલા થાય ?"

સભામાંથી ઘણા લોકો બોલી ઊઠ્યા :

"અગિયાર."

મુનિશ્રીએ કહ્યું : "બરાબર, પણ બે એકડે બે થાય. બે એકડે એક થાય. અને બે એકડે શૂન્ય પણ થાય. એ ખબર છે ?"

કોઈ બોલ્યું નહિ. એટલે મુનિશ્રીએ જવાબ સમજાવતાં કહ્યું : "જુઓ, ૧ + ૧નો સરવાળો કરો તો બે થાય. ૧ X ૧ નો ગુણાકાર કરો તો જવાબ

એક આવે. ૧ અને ૧ નો ભાગાકાર કરો તો પણ જવાબ એક આવે. અને ૧ માંથી ૧ બાદ કરો તો જવાબ શૂન્ય આવે. બરાબર ને ?"

જવાબમાં ઘણાએ હા પાડી. પછી મુનિશ્રીએ સમજાવ્યું :

બે એકડે અગીઆર ત્યારે જ થાય કે બે એકડાની વચ્ચે કશું જ હોય નહિ. બંને એકડા કશું ચિહ્ન રાખ્યા વગર પડદો કે અંતર રાખ્યા વિના તદ્દન પાસે પાસે બેઠા હોય ત્યારે એકડા બે, પણ અગીઆર બની જાય. પરંતુ જો વચ્ચે વત્તા, ગુણ્યા, ભાગ્યા, બાદ એમ કોઈ ને કોઈ આવરણ ચિહ્ન હોય તો જવાબમાં આપણે જોયું તેમ બે, એક કે શૂન્ય આવે. ખરું કે નહિ ?"

'હા હા' એમ અનેક અવાજો આવ્યા. પછી મુનિશ્રીએ બીજો દાખલો આપ્યો.

"એક ગામ તમારા જેવું નાનું. વસ્તી હશે હજાર અગીઆરસો માણસોની. એક રાત્રે પાંચ ધાડપાડુઓએ ગામમાં ધાડ પાડી અને ગામને લૂંટ્યું. આમ કેમ બન્યું ? કહો જોઈએ ?" મુનિશ્રીએ જવાબ માગ્યો.

સભામાંથી કોઈ બોલ્યું નહિ. બધા મૌન બેઠા રહ્યા. પછી મુનિશ્રીએ સમજાવ્યું :

"ધાડપાડુ હતા માત્ર પાંચ. પણ એમની વચ્ચે કોઈ અંતર નહોતું. એકતા હતી, એટલે પાંચ હોવા છતાં એમની શક્તિ ૧ ૧ ૧ ૧ ૧ જેટલી થઈ ગઈ.

જ્યારે ગામની વસ્તી ૧૧૦૦ની હોવા છતાં સહુની વચ્ચે સંપ નહોતો. અંતર હતું. સહુ સાંઠો સાંઠો જુદા હતા. મારે શું ? પડશે તે ભોગવશે, એમ સમજી કોઈ ઘરની બહાર નીકળ્યા નહિ; એટલે અગીઆરસો હોવા છતાં એકલા જ રહ્યા. અને ગામ લૂંટાયું."

આજે રાષ્ટ્રની-દેશની એકતાની-અખંડિતતાની ખૂબ જરૂર છે. કોમ, જ્ઞાતિ, જાતિ, ધર્મ-સંપ્રદાય, પ્રદેશ એમ અનેક પ્રકારની સંકુચિતતાઓની લાગણીઓથી દેશ ઘેરાયેલો છે. ગામડું આમાંથી મુક્ત બને અને એક બને તો દેશ એક બને. બકરાણાએ તો વિશ્વવત્સલ ચિંતકવર્ગ ભરીને એ દિશામાં જવાની પહેલ કરી છે. રવુભાભાઈ જેવા ગણિતજ્ઞે અવધાનની સિદ્ધિ પ્રાપ્ત કરી છે તેવા આગેવાન પણ બકરાણામાં તો વસે છે. એટલે બકરાણા માટે આમ એકતાનું ગણિત સમજવું કઠણ નથી. વર્ગ ભરવામાં નિમિત્ત બનેલા જયંતીભાઈ અને દેવીબહેન આજે ભલે બકરાણા વતન હોવા છતાં, બકરાણામાં રહેતાં નથી, અને ગાંધીજીના

હરિજન આશ્રમ, અમદાવાદ અને ધોળકા રહે છે, પણ બકરાણા એમના હૈયેથી છૂટી ગયું નથી. બકરાણા એક બને અને એકતાનો એકડો ઘૂંટે તો મીડાં તો એના પર ચડશે અને દેશ એક અને અખંડ રહેશે.

રાષ્ટ્રીય સમસ્યાને આમ સાવ સાદી રીતે સમજાવતા આ સંતની ક્રાંતદૃષ્ટિનો પરિચય અમને આવી ગ્રામસભાઓમાં થતો ગયો.

# ૧૩ લોકશાહી અને અધ્યાત્મ

સન ૧૯૪૬નો 'વિશ્વવત્સલ ચિંતક વર્ગ' અરણેજ (તા. ધોળકા) બુટમાતાના મંદિરની વિશાળ જગામાં ચાલ્યો હતો. વર્ગના પ્રેરકપ્રણેતા હતા મુનિશ્રી સંતબાલજી. તે વખતે હું સિંધ હૈદરાબાદ ધંધાર્થે રહેતો હતો. પણ સન ૧૯૪૫ના મુનિશ્રીના વિરમગામ ચાતુર્માસથી મને મુનિશ્રીના વિચારો અને કાર્ય પ્રત્યે થયેલ આકર્ષણથી ખાસ આ વર્ગમાં પૂરા દિવસો શિબિરાર્થી તરીકે રહ્યો હતો. બુટમાતાના ટ્રસ્ટી ધોળકાના વકીલ શ્રી શાન્તિલાલ શાહને મુનિશ્રીમાં શ્રદ્ધાભક્તિને લઈને બુટમાતાનાં બધાં સાધન સગવડો વર્ગને મળ્યાં હતાં. ભોજનખર્ચની વ્યવસ્થા સંસ્થાના વડીલ શ્રી છોટુભાઈ મહેતાએ કરી હતી. તે વખતે અનાજ ઉપર કન્ટ્રોલ હતો, વર્ગ માટે સરકારી અનાજનો કોટા ઘઉં ચોખા-રાતડીઓ મકાઈ જે કંઈ મળતું તેના પર ચાલતું.

બુટમાતાના ટ્રસ્ટી શ્રી શાન્તિભાઈ વકીલે વર્ગપૂર્ણાહુતિનું છેલ્લું ભોજન પોતાના તરફથી આપવાનું નોતરું ખૂબ જ ઉષ્મા અને પ્રેમથી આપ્યું. વડીલ શ્રી છોટુભાઈ અને શિબિર સંચાલક મોડાસાના ડૉક્ટર શ્રી રસિકલાલ હરજીવનદાસ શાહે સ્વીકારી લીધું. વાત સાંભળી કે આ ભોજનમાં લાડવા બનાવવાના છે. આ જાણીને કેટલાક ખૂબ ખુશ થયા. તો કેટલાકને એમ લાગ્યું કે, 'આપણે શિબિરાર્થી છીએ. શિબિરના દિવસોમાં તો સરકારી અનાજની સાદી રસોઈ જે શિબિરમાં રોજ ખાઈએ છીએ તે જ ખાવી જોઈએ. ભલેને શાન્તિભાઈ યજમાન બન્યા હોય, પણ આપણાથી આ દિવસોમાં લાડવા તો ખવાય જ નહિ.' જ્યારે મોટાભાગનો મત એવો હતો કે 'આમંત્રણ સ્વીકાર્યું છે. પછી યજમાન જે રસોઈ કરીને ખવરાવે તે ખાવું જોઈએ. આરોગ્ય, વ્રત કે અપથ્ય-અખાદ્ય-વાનગી વગેરે કારણે અપવાદ હોઈ શકે, પણ અમુક જ રસોઈ કરો એમ કહેવું ઉચિત નહિ કહેવાય.'

આમ ભિન્ન અભિપ્રાયના બે જૂથ પડી ગયાં. બંને બાજુ પોતાનો અભિપ્રાય જ સાચો છે અને તે પ્રમાણે થાય તો જ બરાબર કહેવાય, એવો આગ્રહ પણ બંધાઈ ગયો.

શ્રી શાન્તિભાઈ વકીલે પણ લાડુનું જમણ કરવાનો આગ્રહ રાખ્યો. એમની દલીલ હતી કે "રોટલી તો રોજ ખાઓ જ છો, મને લાડવાની હોંશ છે, માટે તો આમંત્રણ આપ્યું છે. અને લાડવા ખાવા-ખવરાવવામાં કોઈ દોષ તો છે નહિ. જેમને વ્રત કે બાધા હોય કે 'લાડવા ન ખાવા' તો તેમને માટે બીજું તે ખાતા હશે તે બનાવી આપીશું. પણ મારી હોંશ છે તો તે પૂરી કરવા દો."

પણ શિબિરમાં તો આ પ્રશ્ન કેટલાકને મન સિદ્ધાંતનો બની ગયો. એમ પણ વાત ચાલી કે જો લાડવા હશે તો કેટલાક ત્યાં જમવા જ નહિ જાય. અને એમ પણ સાંભળ્યું કે કેટલાક તો ઉપવાસ જ કરશે. વાત બરાબર જાણે કે વટે ચડી ગઈ. બંને બાજુએ કોઈ ટસના મસ ન થાય.

મુ. શ્રી છોટુભાઈ અને ડૉ. રસિકભાઈએ બન્ને જૂથોને એકમત થવા ઘણાં સમજાવ્યાં. પણ એકમતી થઈ નહિ. એ પણ ખૂબ મૂંઝાયા. ઓચિંતાનો જ એમણે વિચાર મૂક્યો કે 'એમ કરીએ, મુનિશ્રી ઉપર છોડીએ. એ જે કહે તે પ્રમાણે આપણે કરવું.'

આમ તેમ થોડી દલીલને અંતે છેવટે સર્વાનુમતે દિલથી સહુએ કહ્યું કે 'ભલે મુનિશ્રી કહેશે એમાં અમારી સંમતિ છે. એ પ્રમાણે અમે કરીશું.' વાત જાણીને મુનિશ્રીએ તમામ શિબિરાર્થીઓની સભા રાખી અને એ મતલબનું કહ્યું કે -

'તમે સર્વાનુમતિ જેમ આ કરી શક્યા તેમ ભોજન બાબતમાં સર્વાનુમતિ કરી શકત. અને તો તે મને વધુ ગમત. તમારે શું કરવું તે નિર્ણય તમારે જ કરવો જોઈએ. કોઈ એક વ્યક્તિ પર છોડવું એ પરંપરા અપવાદ રૂપે ઠીક છે, બાકી એમાં પણ જોખમ છે જ.

હવે એમ કરો. તમે સહુએ મારા પર છોડ્યું છે તો મારું કહેવું જે હોય તે, એ પ્રમાણે કરવા સારુ તૈયાર છો ને ?"

બધાએ હા પાડી.

પછી મુનિશ્રીએ આવું કંઈક સમજાવ્યું.

જેમનો મત 'લાડવા ભલે કરે' એવો છે એમને લાડવા ખાવા છે માટે એમ કહે છે એવું માનવાની જરૂર નથી. અને સાદી રસોઈનો આગ્રહ રાખે છે

તેમને લાડુ ભાવતા નથી એવું માનવાની જરૂર નથી. બંને બાજુના અભિપ્રાયોમાં વાજબીપણું અને પ્રામાણિકતા હોય. તેમ આપણે સહુ હજુ અહંતા-મમતાથી મુક્ત નથી થયા તેથી આપણા બંધાયેલા અભિપ્રાય કે માન્યતા આપણા અહંથી કે 'મમત્વ'થી મુક્ત જ છે એવું યે માનવાની જરૂર નથી.

જે હોય તે, છેવટે તમે સહુ આ પ્રશ્નનો અંતિમ નિર્ણય કરવા સંબંધમાં આટલા પૂરતા પણ આગ્રહ-અહં કે મોહ મમત્વ બાજુ પર રાખીને સર્વાનુમતિ પર આવી શક્યા તેથી હું ખૂબ રાજી થયો છું. પણ હવે એમ કરો. 'નિર્ણય તમે જ કરો. અને તે માટે બે ચિઠ્ઠીઓ લખો. એકમાં "સાદું ભોજન" અને બીજામાં "મિષ્ટાન્ન" એમ લખીને શિબિરાર્થી ન હોય તેવા કોઈ બહારની વ્યક્તિ પાસે એક ચિઠ્ઠી ઉપડાવો. એમાં જે લખ્યું હોય તે પ્રમાણે રસોઈ થાય અને સહુ શિબિરાર્થી જમવા જાય. શાન્તિભાઈની સંમતિ પણ લઈ લેવી. માનું છું કે તે પણ સંમત થઈ જશે.

અહીં શિબિરાર્થીમાંથી કોઈકે દલીલ તો કરી કે, "આ તો જાણે બુદ્ધિનું દેવાળું કાઢવા જેવું છે. શું આપણામાં આટલીયે બુદ્ધિ નથી ? કાગળની ચબરખી પર છોડીએ છીએ ?

મહારાજશ્રીએ જ આનો નિર્ણય કરવો જોઈએ."

મહારાજશ્રી (મુનિશ્રી)એ સુંદર રીતે આ વાત અમને શિબિરના સભ્યોને સમજાવી. એની મતલબ આવી હતી.

"સમુદાયને સ્પર્શતા પ્રશ્નનો નિર્ણય મતભેદ હોય તોયે કરવો તો પડે જ. નિર્ણય બહુમતીથી થાય. કોઈ એક વ્યક્તિ ઉપર પણ છોડાય. (જેમ તમે આ બાબતમાં છોડ્યું છે) અને સર્વાનુમતિથી પણ થાય. આમાં સર્વાનુમતિથી નિર્ણય થાય તે રીત શ્રેષ્ઠ ગણાય. તમે સર્વાનુમતે જ નિર્ણય કર્યો. પણ તે એવો કર્યો કે, નિર્ણય કરવાનું એક વ્યક્તિ પર છોડ્યું. હું ગમે તેમ પણ વ્યક્તિ છું. એટલે તમે કુદરત પર છોડો. કુદરતે ધાર્યું હશે તે પ્રમાણે ચિઠ્ઠીમાં નીકળશે એમ સમજીને સમાધાન મેળવજો. અને એમાં તમને સમાધાન મળશે પણ ખરું એમ માનું છું. બાકી સર્વાનુમતિ ન થાય તો અને બહુમતી-લઘુમતીથી કાયમ નિર્ણય થાય કે બહારની કોઈ એક વ્યક્તિ નિર્ણય કરે એમાં સહુને સમાધાન નહિ મળી શકે. જૂથબાજી જેવું ઊભું થશે. જે સરવાળે નુક્સાન કરે. આ ભલે શિબિર છે, પણ હવે આઝાદી વહેલી-મોડી મળશે જ. અને ત્યારે રાજ્યની ધુરા દેશના

નાગરિકોએ જ સંભાળવાની આવશે. તે વખતે આ શિબિરમાં જે વિચારો અને કાર્ય સંબંધી તમે જે નિર્ણય કરવાની રીત અપનાવી, અનુભવ કરશો તો તે આઝાદીના રાજ્યશાસનમાં ખપ લાગશે. આમાં બુદ્ધિના દેવાળાનો સવાલ જ નથી. 'તુંડે તુંડે મતિર્ભિન્ના.' રહેવાની જ અને સમાજનાં કામ કરવા માટે કોઈ ને કોઈ નિર્ણય તો કરવો જ પડે. તેથી નિર્ણય કરવામાં બધાની સંમતિ મળે તેવી કોઈ મહત્ત્વની દરેક વાતમાં મતમતાંતરોમાં તડાં પડી જશે. જે છેવટે દેશની એકતાને પણ નુક્સાન કરશે. એટલે તડાં ન પડે અને સહુ સામેલ થાય તે રીતે કામ કરવાની રીત એ બુદ્ધિનું દેવાળું નથી પણ એમાં બુદ્ધિમાની છે. અલબત્ત, ચિઠ્ઠી એ એક જ રીત નથી. પંચ પણ નીમી શકાય. આ તો અનુભવે ફેરફાર કરવાનો અને શોધ કરતા રહેવાનો સવાલ છે."

મુનિશ્રીની સલાહને સહુએ સ્વીકારી ને તે પ્રમાણે ચિઠ્ઠીઓ બનાવી ઉપડાવી તો "મિષ્ટાન્ન" લખેલી ચિઠ્ઠી નીકળી. શાંતિભાઈ વકીલ ખૂબ જ રાજી થયા.

બીજે દિવસે ભાલિયા ઘઉંના અને ચોખ્ખા ઘીના લાડવા સહુએ હોંશે ખાધા. છોટુભાઈના સંકલ્પ મુજબ એમના માટે ગાયનું ઘી અને ગોળના લાડુ પણ બનાવ્યા હતા. શાંતિભાઈ વકીલે પ્રેમથી આગ્રહ કરીને મોઢામાં બટકાં મૂકીને લાડુ ખવરાવ્યા. શિબિરના આઠ કે દસ દિવસના સાદા ભોજન પછી છેલ્લે દિવસે આમ મિષ્ટાન્નનું જમણ મળવાથી સહુ શિબિરાર્થી ખૂબ પ્રસન્ન હતા, પણ એથીયે વધુ પ્રસન્નતા તો અમારી જેમ કેટલાય શિબિરાર્થીઓને ચિઠ્ઠી નાખીને સર્વાનુમતિથી નિર્ણય કરાવ્યો તે અંગે મુનિશ્રીએ જે સમજણ આપી તેનાથી થઈ.

તે વખતે આજના જેટલી સ્પષ્ટ સમજણ તો નહોતી પણ આજે સમજાય છે કે, આજની લોકશાહી શાસનપ્રથામાં તે તત્ત્વ ખૂટે છે તે ખૂટતું તત્ત્વ 'અધ્યાત્મ'ની પૂર્તિ અને તે માટે શાસનપ્રથા સાથે અહંતા મમતા અને રજસ્-તમસ્ પ્રકૃતિથી થોડા ઉપર ઊઠેલા સાત્ત્વિક પ્રકૃતિવાળા પ્રતિનિધિઓ શાસનમાં જાય. અને તેમને રજસ, તમસ્ અને સત્ત્વગુણથી ઉપર ઊઠેલા એટલે કે ત્રિગુણાતીત એવા સત્યાર્થી સંતપુરુષોનું માર્ગદર્શન મળતું રહે તો આજની પોકળ લોકશાહી અસરકારી લોકશાહી બને.

મુનિશ્રીએ લોકશાહી સાથે અધ્યાત્મને જોડવાની દિશામાં એક પ્રત્યક્ષ ઉદાહરણ દ્વારા સુંદર બોધપાઠ આપ્યો છે.

# ૧૪ તત્ત્વજ્ઞાનની બાળપોથી

"તમે ગમે તેટલા અને ગમે તેવા પ્રયત્ન કરો. અમારાં પ્રારબ્ધ જ એવાં હોય ત્યાં શું થાય ?" સભામાંથી એક ખેડૂત આગેવાન બોલ્યા.

"પણ આમાં અમારે તો કંઈ કરવાનું જ નથી. જે કરવાનું છે તે તો તમારે જ કરવાનું છે. એમાં વચ્ચે પ્રારબ્ધ ક્યાં આવે છે ?" અમે કહ્યું.

એ ખેડૂત આગેવાને જવાબમાં કહ્યું : "જુઓને, અત્યારે કાલાંના ભાવ પાંચ-છ રૂપિયા થઈ ગયા છે. કોઈ હાથમાં ય ઝાલતું નથી. શરૂમાં વેચ્યાં તેમને ૯ થી ૧૦ રૂપિયાના ભાવ મળ્યા. એ તો જેવાં જેનાં પ્રારબ્ધ !"

ધંધૂકા તાલુકામાં ખેડૂતોનાં કાલાં કપાસ એકઠાં કરી તેને લોઢાવી રૂ વેચવા માટે સહકારી જિન પ્રેસ કરવાનાં હતાં, તેના પ્રચાર માટે અમે ગામડે ફરતા હતા. લગભગ પ્રારબ્ધવાદી આવી મનોદશામાં કામ લેવું કઠણ તો હતું, પણ ખેડૂતમંડળે એક ઝુંબેશરૂપે ગામેગામ સભાઓ કરીને પ્રચાર કાર્ય ચાલુ રાખ્યું હતું.

મુનિશ્રીની બોધવાણીમાંથી થોડુંક સમજાયેલું તે અમને પ્રચારમાં ઘણું ઉપયોગી થતું, આ પ્રારબ્ધવાળી વાત અમે પકડી લીધી અને વાતો ચાલી.

"તમારી એ વાત સાચી કે પ્રારબ્ધ આપણા હાથમાં નથી. પણ પ્રારબ્ધ સિવાય પણ બીજું ઘણું સમજવા જેવું છે. તે જો સમજીએ તો પણ લાભ મેળવવામાં તે ઉપયોગી બની શકે" અમે કહ્યું.

"તે સમજાવોને ? સમજવા તૈયાર છીએ" ખેડૂતો બોલી ઊઠ્યા.

"તમારે ઘઉંનો સારામાં સારો પાક લેવો હોય તો શું કરો છો ?"

"ખેતર ખેડીને સાફ કરીએ. હળ, લાકડાં, વાવણીઓ, બધો સંચ બરાબર તૈયાર રાખીએ. બળદને તાજામાજા બનાવીએ. ઘઉંનું બિયારણ પણ સંઘરીએ. અને વરસાદ આવે, જમીન વરાપે કે તરત ઘઉં વાવીએ' ખેડૂતોએ કહેવા માંડ્યું.

"બરાબર, પણ ઘઉંનું બી સડેલું હોય કે કસ વિનાના મોળા ઘઉં હોય તો ?" અમે પૂછ્યું.

"સડેલા ઘઉં તો ઊગે જ નહિ. અને મોળા કસ વિનાના ઘઉંનો પાક પણ સારો ન થાય. ઉતારો પણ ઓછો ઊતરે-એટલે ઘઉંનું બિયારણ તો સારું સત્ત્વવાળું

જ જોઈએ.'' ખેડૂતોએ કહ્યું.

"બરાબર, હવે બીજો સવાલ. તમે બધું તૈયાર સરસ રીતે રાખ્યું હોય પણ વરસાદ જ ન આવે તો ?'' અમે પ્રશ્ન કર્યો.

"એ તો અમે કહીએ જ છીએ ને ? વરસાદ ના આવે તો દુકાળ જ પડે, ઘઉં વવાય જ નહિ. વરસાદ થોડો આપણા હાથમાં છે ? એ તો પ્રારબ્ધ ઉપર આધાર છે.'' ખેડૂતોએ જવાબ આપ્યો.

અમે તરત પ્રશ્ન કર્યો :

"માનો કે વરસાદ આવ્યો, પણ ઘણો આવ્યો; ઘઉં વાવવાની તક જ ચાલી ગઈ. વાવણી જ થઈ શકી નહિ. અથવા વાવણી થઈ તો પણ ઘણી મોડી પાછેતર થઈ શકી તેથી ઘઉંનો ઉતાર ઓછો થયો. અને ઘઉં પણ ફૂટલા કોડિયા થઈ ગયા. તેથી ભાવ પણ ઘણા ઓછા મળ્યા. આવુંયે બને ને ?''

"હા, હા, એવું બને જ છે. એટલે જ અમે કહીએ છીએ કે અમારા ખેડૂતનાં પ્રારબ્ધ જ ફૂટલાં હોય પછી કોઈ શું કરે ?'' ખેડૂતો બોલ્યા.

"તમારી આ વાત સાચી કે, વરસાદ કુદરતને આધીન એટલે એ આપણા કાબૂમાં નથી. અને તેથી જે માણસના કાબૂ બહાર છે તે પ્રારબ્ધ ગણીએ, પણ માનો કે વરસાદ બધી રીતે અનુકૂળ છે પણ તમે જમીન, બિયારણ, વાવણિયો-બળદ વગેરેની કશી તૈયારી જ કરી નથી, મતલબ પુરુષાર્થ કર્યો જ નથી તો ?''

અમે જવાબ માગ્યો.

તરત ખેડૂતો બોલ્યા :

"આળસુનું નશીબ પણ આળસુ જ હોય ને ? પુરુષાર્થ તો કરવો જ પડે ને ?''

અમે કહ્યું : "બરાબર. બિયારણ સારું મતલબ સ્વભાવ ઊગવાનો છે તેવા ઘઉં હોય, પુરુષાર્થ બરાબર કર્યો હોય, પ્રારબ્ધવાળો વરસાદ પણ બધી રીતે અનુકૂળ હોય, તો પણ ઘઉં વાવ્યા પછી તરત પાકે છે ?''

અમે પૂછ્યું.

"એ તો સમય થયે જ પાકે ને ? પૂરા દિવસો થાય ત્યારે જ ફળે. એથી વહેલું તો કોઈપણ ફળ પાકે જ નહિ ને ?'' આમ વાર્તાલાપ ચાલ્યા પછી અમે કહ્યું :

"જુઓ ફળ પરિપક્વ અને સારામાં સારું મળે એમાં પુરુષાર્થ, પ્રારબ્ધ,

સ્વભાવ અને કાળ એટલે સમય એમ ચાર તત્ત્વો તો જોઈએ જ. એ ચારે તત્ત્વો પણ પોતપોતામાં સંપૂર્ણ યોગ્યતા ધરાવનારાં હોવાં જોઈએ. તો જ ફળ પણ સંપૂર્ણ મળે એમ નિયત થયેલું જ છે તે થાય જ. આમાં કશો મીનમેખ થઈ શકે નહિ ખરું ને ?"

"હા, એ તો ખરું જ છે ને ?" ખેડૂતો બોલી ઊઠ્યા.

"આમાં એક પુરુષાર્થ કરવાનો આપણા હાથમાં છે. અને તે આપણે બુદ્ધિપૂર્વક કરવો જોઈએ. પછી બાકીનું નિયત હશે તેમ થશે એમ સમજીને સમાધાન મેળવીએ પણ પુરુષાર્થમાં કચાશ નહિ રાખવી જોઈએ, બરાબર ?"

ખેડૂતોએ આ વાત સ્વીકાર્યા પછી ભાવમાં તેજી મંદીના ઊથલા આવે છે તે સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બજારો પર આધાર રાખનારી બાબત છે. એના પર માણસ કાબૂ કરી શકે એવો એ મુદ્દો છે. એ પ્રારબ્ધની વાત નથી. સહકારી પદ્ધતિથી સમૂહમાં કાલાં કપાસ એકઠાં કરીને કઈ રીતે તેજી મંદીના લાભાલાભથી બચી શકાય કે લાભ મેળવી શકાય એ સમજાવ્યું. અને તે આખું ગામ એમાં ભળ્યું. અને વર્ષોથી એ ગામ એનો લાભ મેળવે છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં "પાંચ સમવાય" તત્ત્વની વાત આવે છે તે વાત કોઈક વખત પ્રસંગોપાત મુનિશ્રીએ કરેલી તે આ રીતે બાળપોથી ભણતા-ભણાવતા હોઈએ એમ કરી અને સામાન્ય ભણેલા-અભણ સહુ તેનું હાર્દ સમજ્યા. એટલું જ નહિ, આ ભાવ પૂરતો સ્વાર્થ સધાતો જોઈ તેનું આચરણ પણ કર્યું.

## ૧૫ ભાલ પાઈપ લાઈન યોજના

તા. ૨૩ ડિસેમ્બર ૧૯૪૭ અને આજે ૨૩ ડિસેમ્બર ૧૯૯૫. પૂરાં ૪૮ વર્ષ થયાં એ વાતને. પણ આજે દૃશ્ય એવું જ નજર સામે દેખાય છે.

શિયાળ (તા. ધોળકા) ગામનું મંદિર, તેની પરસાળમાં પચાસેક માણસો બેઠા છે. સામે મુનિશ્રી સંતબાલજી, શ્રી છોટુભાઈ મહેતા અને શ્રી કાશીબેન મહેતા બેઠાં છે. મુનિશ્રી લોકોને સમજાવે છે.

"જીવરાજ ભાલ નળકાંઠા જલસહાયક સમિતિ"એ વર્ષો સુધી મહેનત કરીને 'ભાલ પાઈપ લાઈન યોજના ' તૈયાર કરી હતી. મુંબઈ સરકારે મંજૂર કરેલી આ યોજનાનું તે વખતનું અંદાજી ખર્ચ રૂપિયા એક કરોડને ચાર લાખ હતું. ભાલના ૭૮ ગામને પાઈપ લાઈનથી પીવાનું મીઠું પાણી આ યોજનામાં મળવાનું

હતું. તેમાં શિયાળ ગામનો પણ સમાવેશ થતો હતો. આ યોજનામાં એક શરત હતી, ૫૦ ટકા ખર્ચ મુંબઈ સરકાર ભોગવે અને ૫૦ ટકા ખર્ચ લોકો ભોગવે. આ મૂડીખર્ચ ઉપરાંત રનીંગખર્ચ જિલ્લા લોકલબોર્ડ ભોગવે, જે ઠીક લાગે તે રીતે લોકો પાસેથી વસૂલ કરે. આ રનીંગખર્ચની વસૂલાત માટે માણસ દીઠ એક રૂપિયો અને પશુદીઠ એક રૂપિયો લોકલબોર્ડે લેવો એવી ગોઠવણ વિચારવામાં આવી હતી. લોકો આ મૂડીખર્ચ આપવા તૈયાર નહોતા. અને તે કારણે મંજૂર થયેલી યોજના એ જ ધોરણે મુંબઈ રાજ્યના બીજા કોઈ ભાગમાં ચાલી જાય તેમ હતું. તેથી મુનિશ્રી અને છોટુભાઈએ લોકોને સમજાવીને લોકફાળાની રકમ ભરવામાં સંમતિ આપે અને વિરોધ ન કરે તે માટે ગામલોકોની આ સભા રાખી હતી.

ત્યાં સભામાંથી કોઈ બોલ્યું : "બાપજી (એટલે મુનિશ્રી) અમે તો આદો-અદાયથી ખારાં કે ડોળાં પાણી પીતા આવ્યા છીએ. મીઠું પાણી નહિ પીવા મળે તોયે તનકારા છે. એ જીવતા હશું એમ જીવશું. આટલા બધા પૈસા લાવવા ક્યાંથી ?"

કોઈ બીજું બોલ્યું :

"આ તો લાખે લેખાં થાય એવી યોજના છે. કરોડ તો શું લાખની બૂમ પડાય એવી યે શક્તિ નથી. લાખ રૂપિયાનો ઢગલો કરીએ તો એના છાંયે ઊંટ બેસે એમ ઘૈડિયા વાતું કરતાં. ગામ વેચાય તો ય આટલી રકમ ના આવે. એ તો, છીએ તે બરાબર છે."

મુનિશ્રીએ અનેક રીતે સમજાવ્યું. કલાકેકની સમજાવટ પછી ગામના આગેવાનોએ કેશુભાઈ શેઠ, મેઘા મતાદાર, (ભરવાડ), કનુ મુખી (ગરાસિયા) નારણ પટેલ (તળપદા) વીહા ગંગાદાસ (પઢાર) એમ સહુ સહમત થયા. છોટુભાઈએ લખાણ તૈયાર જ રાખ્યું હતું. આગેવાનોએ લોકફાળો ગામ આપશે તેમાં સંમતિની સહી કરી અને પછી તો ટપોટપ બધાએ જ મોટા ભાગે અંગૂઠા, થોડાકે સહીઓ કરી આપી.

સમજાવટમાં મુનિશ્રીની એક વાત આજે પણ યાદ આવે છે.

"આવા આખા ગામના હિતમાં કામ થતું હોય છે ત્યાં સારાં કામો પૈસાના અભાવે અટકતાં નથી. કુદરત છે ને ? એ કંઈક ને કંઈક રસ્તો કાઢી આપશે."

એ વખતે "કુદરત રસ્તો કાઢી આપશે" એવા મુનિશ્રીના કહેવાનો અર્થ સમજાયો નહોતો.

પાછળથી છોટુભાઈએ આ પાઈપ લાઈન યોજનાની માંડીને વાત કરી ત્યારે મુનિશ્રીની વાતનું રહસ્ય સમજાયું અને સંકેત કંઈક અંશે પકડી શકાયો.

વાતનો સાર આ હતો.

મુનિશ્રી નળકાંઠામાંથી ભાલમાં (આવ્યાને આજે ૧૯૯૬ માં તો ૫૫ વર્ષનાં વહાણાં વાયાં) પ્રથમ વખત આવેલા. ધોળી (કમાલપુર) (તા. લીંબડી-જિ. સુરેન્દ્રનગર) ગામના તળાવની પાળ ઉપરથી પસાર થતાં એમણે અચરજ થાય એવું એક દૃશ્ય જોઈને ધોળીના આગેવાન તળપદા પટેલ કાળુ પટેલને પૂછ્યું તો જાણવા મળ્યું કે –

"પીવાના પાણીના માટે તળાવમાં ખાડા કરેલા છે તેના પર ઊંધા ખાટલા નાખીને લોકો રાત્રે સૂઈ જાય છે જેથી ખાડાનું પાણી કોઈ બીજો ભરી ન જાય. સવારે છાલિયે ઉલેચી લોકો ભરી જશે."

મુનિશ્રીએ ધોળી ગામના તળાવનું દૃશ્ય જોયું. કાળુ પટેલને મોઢેથી પીવાના પાણીની મુશ્કેલી જાણી. અને મુનિશ્રીની કરુણાએ એક કાવ્યની કડીનું ત્યાં જ સર્જન કર્યું.

**તળાવમાં કૂપ અનેક ગાળી**
**ચોકી કરે રાત્રિદિને ખડાંખડાં**
**તૃષા છીપાવા જળની અહા હા !**
**ત્યારેમળે પાવળું માત્ર પાણી.**
**મૃગજળ ભાળી ભાલમાં ભૂલ્યો તું ભગવાન,**
**જળમીઠે વંચિત રહ્યાં જન પશુ ખડ ને ધાન.**

ભાલ નળકાંઠા પ્રયોગની શરૂઆતના વરસોમાં ગૂંદી ગામના મધ્યમવર્ગના પ્રતિષ્ઠિત વેપારી શ્રી હરિભાઈ ચતુરભાઈ શાહ, ખેડૂત સંગઠન અને સહકારી પ્રવૃત્તિમાં એક પાયાના કાર્યકર હતા. તે તેમની રમૂજી શૈલીમાં એક કાલ્પનિક કથા કહેતા.

ભગવાને પૃથ્વીની રચના કરી. પૃથ્વીને પાણીની કરતા હતા. ઓચિંતા ઝબકીને જાગ્યા, આંખ ઊઘડી ગઈ. પૃથ્વી પર નજર કરી. ભાલમાં તો જળ-બંબાકાર દીઠું. માન્યું કે જ્યાં આટલું બધું પાણી છે તેને પાણી આપવાની જરૂર નથી. ભાલને ભાગે પાણી આવ્યું જ નહીં. પણ ભગવાને દીઠેલું તે તો મૃગજળ હતું. આમ ભાલ નપાણિયો જ રહ્યો. આવા નપાણિયા ભાલની તળપદી લાક્ષણિકતા કેટલીક લોકોક્તિઓમાં સચોટ રીતે દેખાઈ આવે છે.

**ધૂળગામ ધોલેરા ને બંદર ગામ બારા,**
**કાઠા ઘઉંની રોટલી ને પાણી પીવાં ખારાં,**
**તોય ધોલેરા સારા ભાઈ સારા !**

ભાલનું ધોલેરા બંદર, ધૂળની ડમરીઓથી આખું ગામ છવાઈ જાય. જમવા બેસે ત્યારે ભાણામાં છાપરાની ધૂળ ખરે. પાણી સાવ ખારાં, છતાં કહે છે કે, ધોલેરા સારું જ છે. કારણ ! ભાલના દાઉદખાની કાઠા ઘઉં અને વાગડનો રૂનો ધીખતો ધંધો તે વખતે ચાલતો. વલસાડી ઈમારતી લાકડું પણ મોટા પ્રમાણમાં વહાણો મારફત આ બંદરે આવતું. રૂપિયે એક પાઈ પ્રમાણે તે વખતે વેપારી લાગો લેવાતો. તેની લાખ્ખો રૂપિયાની આવક થતી.

એવી જ બીજી ઉક્તિ છે :

**સાંગાસર ગામ ને સાંઢીડા પાણી,**
**ઊઠને રાણી ભૂંજને ધાણી**
**ફાકતો ફાકતો જાઉં હું પાણી.**

સાંગાસર અને સાંઢીડા બે ગામ વચ્ચે ખાસ્સું ત્રણ માઈલનું અંતર છે. સાંગાસરમાં મીઠું પાણી મુદલ ન મળે, સાંઢીડાના તળાવમાં થોડું ઝમાનું પાણી ખરું. સાંગાસરના લોકો પાણી ભરવા સાંઢીડા જાય, જવા-આવવામાં સમય ઘણો જાય ભૂખ લાગે એટલે પતિ, પત્નીને કહે છે, થોડી ઘણી ધાણી શેકી આપ, જેથી ભૂખ લાગેથી ફાકવા કામ લાગે.

આવા નપાણિયા મુલકમાં ગામડાંઓમાં મુનિશ્રી સંતબાલજી વિહાર કરતા હતા. જેનું વર્ણન આગળ આપણે જોયું.

**ખાડે ખાડે ખાટલા ઊંધા ઢાળીને**
**લોકો છાલિયે ઉલેચી પાણી ભરતા રે...**
**અમરત ચોરાય ના મારું મોંઘેરા મૂલનું**
**એ ચિંતા ચિત્તમાં કરતા રે...**

ગામ લોકોએ મુનિશ્રીને સમજાવ્યું કે તળ ખારાં છે, મીઠા પાણીનો કૂવો નથી. તળાવમાં ઝમાનું પાણી આ ખાડામાં રાત્રે થોડું જમા થાય, તે બીજો કોઈ વહેલો આવીને ભરી ન જાય તે માટે ખાટલા ઊંધા નાખીને તેના પર લોકો સૂએ છે. કેટલાક ખાડા ઉપરનાં પતરાનાં ઢાંકણ મૂકીને તાળાં મારે છે.

પાણી માટે ઉજાગરા કરીને ચોકી કરવી પડે ! તાળાં મારવાં પડે ! પાવલા પાણી માટે વલખાં મારતા લોકોની આ દુઃખદ અને કરુણ સ્થિતિ જોઈ સંતના હૃદયમાંથી કરુણા કાવ્ય સ્ફુર્યું.

**તળાવમાં કૂપ અનેક ગાળી**
**ચોકી કરે રાત્રિદિને, ખડાંખડાં...**

શહેરમાં જ્યાં મીઠાં પાણી પુષ્કળ છે ત્યાં ઘેર ઘેર નળ દ્વારા પાણી અપાય છે અને એની પાછળ પુષ્કળ પાણી ખર્ચ કરવામાં આવે છે. આ પુષ્કળ ખર્ચ જરૂરિયાત માટે નથી, વધારાની સગવડ માટે છે. જ્યારે ગામડાંમાં તો પાણી એ પ્રાથમિક જરૂરિયાત છે તે જ મળતું નથી. જો શહેરોમાં સગવડ માટે ખર્ચ થાય છે તો ગામડાંમાં અનિવાર્ય એવી પ્રાથમિક જરૂરિયાત માટે ખર્ચ કેમ નહીં ?

મુનિશ્રીની ભાવના ઈશ્વરી પ્રેરણાથી ફળી. ૭૮ ગામને પાણી પુરવઠાની એક કરોડ ચાર લાખ રૂપિયાની-ભાલ પાઈપ લાઈન યોજના ૧૯૪૫માં મુંબઈ સરકારે મોકલી આપી.

ગુલામીના એ કાળમાં કોઈ કલ્પના સરખી કરી શકે તેમ ન હતું કે આવા સાવ પછાત વિસ્તારમાં આવડી મોટી રકમની યોજના મંજૂર થાય. પણ સંતપુરુષની સંકલ્પશક્તિ અને સત્પુરુષાર્થ શું નથી કરતાં ?

સ્વરાજ મળ્યું અને સ્વરાજ સરકારે આ યોજના મંજૂર કરી. આ વાત જાણી આખો પ્રદેશ આશ્ચર્ય પામ્યો, જાણે કે ચમત્કાર થયો ! એ રીતે પાવળા પાણી માટે વલખાં મારવાનું દૃશ્ય ભૂતકાળનું સ્વપ્ન બની ગયું.

# ૧૯ 'જીવરાજ'-વ્યક્તિનું નામ કેમ ?

'વિશ્વવાત્સલ્ય'ના ૧-૩-'૯૬ના અંકમાં 'સંત સમાગમનાં સંભારણાં'માં 'ભાલ પાઈપ લાઈન યોજના' કઈ રીતે સાકાર બની તે પ્રસંગ ટાંક્યો છે. આ યોજના તૈયાર કરનાર સંસ્થા હતી : 'જીવરાજ ભાલ નળકાંઠા જલ સહાયક સમિતિ' તેના પ્રેરક મુનિશ્રી હતા. પ્રમુખ શ્રી ગુલામરસુલ કુરેશી અને મંત્રી શ્રી છોટાલાલ વસનજી મહેતા હતા. આ સમિતિમાં 'જીવરાજ' નામ કેમ જોડાયું ? અને મુનિશ્રીએ પોતાની પ્રેરણા કે માર્ગદર્શન નીચે સ્થપાયેલી સંસ્થાના નામમાં આમ વ્યક્તિનું નામ કેમ જોડ્યું ? એ ઈતિહાસ જાણવા જેવો છે.

મુનિશ્રી નળકાંઠામાંથી ભાલમાં પ્રવેશ્યા ત્યારથી શિયાળના શેઠ શ્રી જીવરાજભાઈની મુનિશ્રીમાં શ્રદ્ધા—ભક્તિ પેદા થઈ. પછી તો એમના પુત્ર શ્રી કેશવલાલભાઈ અને આખો શેઠ પરિવાર ખેંચાયો. મુનિશ્રી તો કોઈ વખત આ શેઠ કુટુંબને ભાલ નળકાંઠા પ્રયોગ એ સંસ્થાના કાર્યકરોનું મોસાળ છે એમ ઉપમા આપતા. પ્રેમ અને લાગણી સભર ઉષ્માભર્યું એમનું આતિથ્ય લગભગ બધા કાર્યકરોએ અનેક વખત માણ્યું હશે.

આ જીવરાજ શેઠે વીલમાં લખેલું કે પોતાની પાછળ રૂપિયા સાત હજાર કારજમાં વાપરવા. એમના અવસાન પછી એમના પુત્રોએ કારજની પૂર્વ તૈયારી કરવાને વિચાર્યું. મુનિશ્રીને આની જાણ થઈ. શ્રી કેશુભાઈ શેઠને બોલાવ્યા, સમજાવ્યા.

કારજનો અર્થ કાર્ય, મૃત્યુ થાય તેની પાછળ કંઈક પણ સારું કાર્ય કરવું એ તો સારું જ છે. જ્યારે એમ કામ કરવા સહુ એકઠા મળે ત્યારે રોટલી-રોટલા કરવામાં સમય જાય, અગવડ પડે. એટલે સુખડી શીરો આવ્યાં, પણ એ મુખ્ય લક્ષ હતું નહિ. લક્ષ તો કાર્ય હતું. કાળે કરીને લક્ષ હતું તે ભુલાયું, રૂઢિ અને પરંપરા તો રહી જ. આમ શીરો સુખડી ખાવાં એટલે કારજ કર્યું એવી વિકૃત માન્યતાએ જડ નાખી છે. જીવરાજ શેઠની સ્મૃતિ રહે તેવું કંઈક સારું કામ કરો અને તેમાં આ રકમ વાપરો તો શેઠના આત્માને તો શાંતિ મળશે જ, પણ એક નવો સુધારો કરવા લોકોને પ્રેરણા મળશે, વિચારો.''

શ્રી કેશુભાઈ સમજુ, અને વિચારક હતા. એમણે કહ્યું : 'મહારાજ સાહેબ, આપ કહો તે કામમાં આ રકમ દાનમાં આપી દઈએ.'

મુનિશ્રીની પ્રેરણાથી આ રૂ. ૭૦૦૦/ની રકમ પાણીની સગવડો ઊભી કરવાનાં કામો કરવા માટે દાન મળ્યું. ૫૫ વર્ષ પહેલાં સાત હજાર એટલે આજના સાત લાખ ગણી શકાય. એમાંથી "ભાલ નળકાંઠા જલસહાયક સમિતિ"ની રચના થઈ. પણ એ વખતે મુનિશ્રીએ એક વાત સમજાવી કે "ધનને આપણે પ્રતિષ્ઠા નથી આપતા. ધનિક પોતે પોતાનું નામ જોડવાની શરતે દાન આપે તો, એવું દાન નહીં લેવાની પ્રણાલી છે. પણ કેશુભાઈએ કશી જ અપેક્ષા વિના જ બિનશરતી દાન આપ્યું છે, વળી એક રૂઢ પરંપરા છોડી છે. લોકોને પ્રેરણા મળે તેવું સારું કામ કરવાની શરૂઆત કરી છે. શ્રી જીવરાજ શેઠમાં સંસ્કાર હતા. અને એક આબરૂદાર વેપારી તરીકે આખા પંથકમાં ગણના હતી. જો એમનું નામ આ સમિતિ સાથે જોડાય તો તે પ્રેરણારૂપ બનશે.''

સહુ સભ્યો રાજી થયા, સંમત થયા, અને સમિતિનું નામ "જીવરાજ ભાલ નળકાંઠા જલસહાયક સમિતિ" રાખવામાં આવ્યું. પછી તો એ નામે લાખો રૂપિયાનાં ફંડો થયાં. તળાવો ઊંડાં કરવાં, ઓવારા, હવાડા, કૂવા બંધાવવા, પરબો બેસાડવી વગેરે ઘણાં કામો થયાં. 'જન્મભૂમિ'ના તંત્રી અમૃતલાલ શેઠે ઘણો સહકાર આપ્યો. લેખો લખ્યા પ્રચાર કર્યો. મુનિશ્રીએ આ કામમાં ગામનો શ્રમફાળો અને સ્થાનિક લોકોની કામમાં સક્રિય સામેલગીરીનું તત્ત્વ ત્યારે ૧૯૪૩-૪૫ ના વર્ષોમાં પણ દાખલ કરાવી અમલ કરાવવામાં પ્રેરણા આપી હતી.

પછી તો પાઈપ લાઈન દ્વારા જ ગામેગામ પાણી આપવાની યોજના કરવી એ જ કાયમી ઉપાય છે એમ સમજીને તે યોજના સમિતિએ તૈયાર કરી. મુંબઈ સરકારે મંજૂર કરી. અને હવે તો માત્ર ભાલમાં જ નહિ જ્યાં જ્યાં જરૂર છે ત્યાં ત્યાં આવી પાઈપ લાઈન યોજના દ્વારા પાણી પહોંચાડવાનું કામ ગુજરાતમાં અને દેશભરમાં ચાલે છે.

મૂળમાં શું છે ? એ સમજીએ શુભને સંકોરીએ તો ચેતના વહેલીમોડી જાગે જ છે.

## ૧૭ સોનાની ડાંગર

મુનિશ્રી સંતબાલજીના ચાતુર્માસ સાણંદમાં ચાલતા હતા. ભાલ નળકાંઠાના ખેડૂતોએ મુનિશ્રી પાસે આવીને વેદના રજૂ કરતાં કહ્યું : 'અમે તો બંને બાજુથી લૂંટાઈએ છીએ. અમારા ઘઉં અને ડાંગર સરકાર બાંધેલ ભાવે લઈ જાય છે. પણ અમને એકેય વસ્તુ બાંધ્યા ભાવે મળતી નથી, કરવત જતાંયે વહેરે અને વળતાંયે વહેરે એમ અમારે તો બંને બાજુથી વહેરાવાનું જ છે. કાં તો અમને બાંધ્યા ભાવે વસ્તુ આપે, અને કાં તો ઘઉં ડાંગર છૂટાં કરે, મહારાજશ્રી આનું કાંક કરો.'

ખેડૂતોનું દુઃખ સાચું હતું. મુનિશ્રી અનાજના અંકુશોની પરિસ્થિતિ વિશે ચિંતિત હતા. તેમણે ગુજરાતના ટોચના રચનાત્મક કાર્યકરોને સાણંદ બોલાવી આ પ્રશ્નની છણાવટ કરી, અને એક નિવેદનમાં અંકુશ ઉઠાવી લેવાની અને ખેડૂતોને પોષાતા ભાવ આપવાની માગણી કરી. સરકારની દલીલ એ હતી કે અંકુશો ઉઠાવી લેવામાં આવે પછી વાજબી ભાવથી ખાનારને અનાજ મળશે અને કાળા બજાર કે સંગ્રહખોરી નહીં થાય એની ખાતરી શું ?

મુનિશ્રીની દલીલ એ હતી કે ઉત્પાદકોને પરવડે તેવા ભાવો મળવા જ જોઈએ, એ વસ્તુનો સિદ્ધાંતમાં સ્વીકાર થવો જોઈએ અને બીજી વાત અંકુશના કાયદાથી કાળા બજાર કે સંગ્રહખોરી પર અંકુશ આવેલ નથી અને અનીતિ ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. તો સહુ પ્રથમ સરકારે અંકુશ ઉઠાવી લેવા જોઈએ.

દરમ્યાન ગાંધીજીએ અંકુશો વિરુદ્ધ ઝુંબેશ ચલાવી દેશભરનો લોકમત પ્રબળ કર્યો હતો. પરિણામે ૧૦મી ડિસેમ્બરે ૧૯૪૭ના રોજ ભારત સરકારે દેશભરમાંથી અનાજ ઉપરના અંકુશ ઉઠાવી લીધા.

મુનિશ્રીને થયું કે પ્રથમ પગલું સરકારે તો ભર્યું હવે બીજું પ્રજાએ ભરવું જોઈએ. બાવળામાં એક મિટિંગ બોલાવી તેમાં ડાંગર પકવતા ગામોના ખેડૂતો, આગેવાનોને બોલાવી સમજાવ્યું કે 'સરકારે પોતાની ફરજ બજાવી છે, સરકારી અંકુશ ન જોઈતા હોય તો સ્વૈચ્છિક અંકુશ સ્વીકારી લો.'

એક કમિટી બની. તેણે ડાંગરના પરવડતા ભાવ નક્કી કર્યા. સરકારે અંકુશ ઉઠાવી લીધા તે દિવસે ફરજિયાત લેવીના બાંધેલા ભાવ મણના રૂપિયા ૮ અને ૩ આના હતા. કમિટીએ દસ નક્કી કર્યા. એને નૈતિકભાવ એવું નામ આપ્યું. આ ભાવે ખેડૂતો પોતાની ડાંગર વેચે, તેથી વધુ ભાવ ન લે. હાજર ખેડૂતોએ આ નિર્ણય સર્વાનુમતે કર્યો.

પણ આ ભાવે ખરીદે કોણ ? ખરીદ્યા પછી ખાનાર ગ્રાહકને ચોખા બનાવી વેચવાની વ્યવસ્થાનું શું ? ક્યા ભાવે વેચાણ કરવું ? વધુ ભાવ ન લેવાય, સંગ્રહખોરી ન થાય એનું શું ?

નળકાંઠાની ડાંગર નજીકના કસબામાં વેચાતી હતી. તે કસબાના અનાજના વેપારીઓની સભા મુનિશ્રીના સાંનિધ્યમાં બોલાવી પણ તેમાં માત્ર ૪ સભ્યો જ આવ્યા અને કોઈ નિર્ણય થઈ શક્યો નહીં. લાખો મણ ડાંગર ખરીદવી, સંઘરવી, વેચવી, મૂડી રોકાણનો પણ સવાલ, ઘણો વિશાળ પ્રશ્ન હતો.

મુનિશ્રીનું ચિંતન આ દિવસોમાં, આ પ્રશ્ન પર વધુ એકાગ્ર બન્યું. છેવટે ૧ લી જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે ડાંગર પકવતા ગામોના આગેવાન ખેડૂતોનું સંમેલન ઝાંપ ગામમાં બોલાવવાનું નક્કી કર્યું. તેમાં ગુજરાતના ટોચના આગેવાનો રવિશંકર મહારાજ, બબલભાઈ મહેતા, લક્ષ્મીદાસ આસર, ભોગીલાલ લાલા, પરીક્ષિતલાલ મજમુદાર જેવા હાજર હતા. મુનિશ્રીએ એક યોજના રજૂ કરી. ખેડૂતોનું એક ખેડૂત મંડળ બનાવવું. મંડળનો સભ્ય કોણ બને ? જે ખેડૂત રૂપિયા

દસના નૈતિક ભાવે પોતાની ડાંગર મંડળને આપે તે આ મંડળનો સભ્ય બની શકે. આવા સભ્યોની ખેતીની અને જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ વાજબી ભાવથી તેમને મળે તેવા પ્રયાસો ખેડૂત મંડળે કરવા.

રૂપિયા દસના નૈતિક ભાવથી ડાંગર આપનાર ૧૬ સભ્યો તે દિવસે બન્યા. તેમાંથી ભાલ-નળકાંઠા ખેડૂત મંડળની રચના થઈ. આમ તે દિવસથી નૈતિક ગ્રામસંગઠનના શ્રી ગણેશ મંડાયા. મૂડી રોકાણ કરવાનું ગાંધીહાટ તરફથી શ્રી લક્ષ્મીદાસ આસરે સ્વીકાર્યું. પછી તો મંડળ તરફથી ગામડે ફરીને પ્રચાર થયો. તેમાંથી કુલ ૧૭,૫૦૦ મણ (૯૩૫૦ ટન) ડાંગર રૂપિયા દસના નૈતિક ભાવથી મળી. બાવળાના ગોડાઉનમાં બધી ડાંગર સંઘરવામાં આવી. પણ એ દરમ્યાન ડાંગર ખેડૂતોના ઘરમાં જ પડી હતી. વ્યવસ્થા તાત્કાલિક કેવી રીતે ગોઠવી શકાય ? છેવટે વ્યવસ્થા ગોઠવાઈ તે દરમિયાન એક પણ કોથળો ઘટયો નથી કે વજન ઘટ પણ પડી નથી.

ખેડૂતોની પ્રમાણિકતાનું આ એક ઊજળું પાસું આ પ્રસંગથી જોવા મળ્યું.

# ૧૮ ઘઉં-જુવારનો અદલો-બદલો

ભાલની જમીનની અને ખેતીની કેટલીક વિશિષ્ટ ખાસિયતો છે. ભાલના 'દાઉદખાની ઘઉં'ના નામે ઓળખાતા ઘઉંની ઉત્તમ જાત અને એના રોટલાની મીઠાશ બીજે નહીં મળે. એવી બીજી ખાસિયત છે, શિયાળુ કડબની. ભાલની ખેતીમાં બળદ કદાવર અને જોરાવર જોઈએ. દિવાળી પહેલાં વાવેલી જુવાર શિયાળામાં લીલી ઉખેડીને રોજ બળદને ખવડાવે. ઉપરાંત પકવ્યા વિના જ લીલી વાઢીને તેના પૂળા સંઘરી રાખે. એને ભાલમાં 'શિયાળુ' કહેવામાં આવે છે. કેટલાક એને બાંટું કહે છે. બળદને માટે આ શિયાળુ કડબ એટલે લાડવાનું જમણ. આવા પૌષ્ટિક ચારાથી ભાલના બળદોમાં કૌવત રહે છે. આ જુવારનું બી કાયમ દર વરસે મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાંથી અને તેમાંય મહોલ વિસ્તારમાંથી આવે. એ સિવાયનું બી ભાલની જમીનને અનુકૂળ જ ન આવે.

૧૯૪૯ના વરસનું ચોમાસું ભાલમાં સરસ હતું. સોલાપુર જિલ્લામાં અછતની પરિસ્થિતિ હોવાથી ત્યાંના કલેકટરે જુવારની જિલ્લાનિકાસબંધી કરી હતી. આ જાણીને ભાલના ખેડૂતો ચિંતામાં પડયા. જુવાર મળશે ? નહિ મળે ?

નહિં મળે તો બીજું તો કોઈ બી કામ નહીં લાગે. બી વિના શું કરીશું ? આગલી સાલ તો દુષ્કાળ હતો. પણ આ સારા વરસે પણ બી વિના ઢોરને તો ચારોલા વિના જ રહેવું પડશે કે શું ? એવી મૂંઝવણ ખેડૂતોને થઈ.

ભાલ-નળકાંઠા ખેડૂતમંડળની કારોબારી તરત મળી. સોલાપુર જુવારના બીનો પ્રશ્ન ચર્ચાયો. કારોબારીએ આગ્રહ રાખ્યો : ગમે તે ભાવ આપવા પડે પણ સોલાપુરી જુવાર જ જોઈએ. સરકારને લખવામાં આવ્યું. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસના આગેવાનોને પણ લખ્યું. પરંતુ સોલાપુરમાં નિકાસબંધી છે એ મુદ્દા પર ના આવી. એમાં છૂટછાટ મૂકવા-મુકાવવાની કોઈની તૈયારી ન હતી.

મુનિશ્રી સંતબાલજીના ચાતુર્માસ તે વખતે ગૂંદી ગામમાં ચાલતા હતા. તેઓશ્રીએ એક નવો વિચાર ખેડૂત આગેવાનો પાસે મૂક્યો. સોલાપુરમાં દુષ્કાળ હોઈ અનાજની અછત હોય એ સ્વાભાવિક છે. ત્યાંના કલેકટરે આ કારણે નિકાસબંધી કરી હોય તો તમે ભાલના ખેડૂતો એમ કરો : 'જુવારના બદલામાં ઘઉં આપો.' જેટલી જોઈએ તેટલા જ ઘઉં આપો ત્યાં અનાજની અછત નહીં પડે, અને અહીં જરૂરિયાત મુજબ જ સહુ લેશે. અને ગેરલાભ નહિ લેવાય.'

કારોબારી મળી. જુવારના બદલામાં ઘઉં આપવાની દરખાસ્ત મુંબઈ સરકારને મોકલી આપી, થોડા દિવસોમાં જાણવા મળ્યું કે એ દરખાસ્ત સ્વીકારવી શક્ય નથી. કારણ એવું આપવામાં આવ્યું કે સોલાપુર વિસ્તારના લોકોનો ખોરાક જુવાર છે, ઘઉં નથી. ફરી મંડળ તરફથી લખવામાં આવ્યું, કે મહારાષ્ટ્રમાં મોટાં શહેરોમાં જુવારના કોટામાં કાપ મૂકી ઘઉંનો કોટા વધારી આપે તો તેમાંથી બચાવેલો જુવારનો જથ્થો ભાલને આપી શકાય. અને ભાલનો ઘઉંના જથ્થાની સામે જુવારના જથ્થા બદલાની માગણી કરી.

ઠીકઠીક લખાપટ્ટી અને મહેનત પછી છેલ્લે મુંબઈ સરકાર સંમત થઈ. તેમાં ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના તે વખતના બુઝર્ગ આગેવાન મુ. શ્રી ભોગીલાલ લાલા (લાલાકાકા)એ સારી મદદ કરી.

ખેડૂત મંડળે ભાલના ૬૦ થી ૭૦ ગામોમાં ફરી સાચી જરૂરિયાત જાણીને એકેએક ખેડૂતને જમીનના પ્રમાણમાં બીનો કેટલો જથ્થો જોઈએ તેની નોંધ કરી પત્રકો બનાવ્યાં. કુલ જરૂરિયાત ૩૦ થી ૩૫ હજારમણની ૫૦૦ થી ૬૦૦ ટનની હતી. માગણી મુજબનો કુલ ૬૦૦ ટન-તે વખતના ૩૩,૦૦૦ હજાર મણ જુવારનો જથ્થો મંડળના નામે સરકારે મંજૂર કર્યો. સમયસર સોલાપુરથી

રવાના થયો. અરણેજ અને ધંધૂકા સ્ટેશને માલ ઉતારવામાં આવ્યો. સરકારી ગોડાઉનમાં ઘઉં તોળી લેવાની અને તેની સામે જુવાર આપવાની વ્યવસ્થા કરવામાં આવી. મંડળે તૈયાર કરેલાં પત્રકો મુજબ જ સમયસર વહેંચણી પણ થઈ ગઈ.

વિશેષમાં નહીં ધારેલું કે નહીં માગેલું એવું લાભદાયી પગલું સરકારે એ લીધું કે ઘઉં અને જુવારના સરકારી બાંધેલા ભાવના તફાવતની રકમ ખેડૂતોને તે જ વખતે રોકડી આપવામાં આવી. આમ ૬૦૦ ટન જુવારનું બી તો મળ્યું જ ઉપરાંત લાખ રૂપિયા ઉપરાંતની રોકડ રકમ દિવાળીના ટાંકણે ખેડૂતોને વાપરવા મળી. ભાલની ખેતીની ઊપજ ઠેઠ મહા-ફાગણમાં આવે ત્યાં સુધી પાંચ-પચાસ રૂપિયા માટે પણ ખેડૂતને ભારે મુશ્કેલી. નીચા ભાવે કાલાં કે ઘઉં મંડાવવાં પડે એવી સ્થિતિ. એટલે દિવાળી ટાંકણે લાખ રૂપિયાની રોકડ રકમ ખેડૂતોના હાથમાં આવી, તે તો તેમને એક ભારે મોટા આશીર્વાદ જેવી થઈ પડી. ૬૦-૭૦ ગામના ચારેક હજાર ખેડૂતોમાં આ બી વહેંચાયું પણ એકેય ફરિયાદ આવી નથી.

ભાલના ઇતિહાસમાં આમ બદલાથી બી મેળવવાનો પ્રથમ અને નવો બનાવ હતો. ત્યાર પછી તો ફરીથી સંપૂર્ણ અંકુશો વરસો સુધી દાખલ થયા હતા છતાં દર વરસે પરમિટથી સોલાપુરી જુવારનું બી ભાલને માટે નિયમિત અને સમયસર મળતું જ રહ્યું. અલબત્ત, બદલાથી નહીં, પણ રોકડેથી, અને પછીના વર્ષોમાં આ કામગીરી સંસ્થાઓએ સંતોષકારક રીતે જારી રાખી હતી.

આમ આ પ્રશ્નની અગત્ય સરકારને સમજાણી અને વ્યવસ્થિત આયોજન થયું તો પ્રશ્ન સાવ સરળ બની ગયો. પરંતુ આમાં પહેલ ખેડૂતોએ સમજપૂર્વક કરી, અને નિરાશ થયા વિના પ્રયત્નો ચાલુ રાખ્યા, અને એમાં સંતનું માર્ગદર્શન, ઘડતર પામેલી સંસ્થાના કાર્યકરો, શાસન ચલાવનારી સંસ્થાની સક્રિય મદદ હતી તો છેવટે સરકારી તંત્ર પણ સંપૂર્ણ અનુકૂળ બની ગયું.

- તુ તારા માટે જે ઇચ્છે છે, તેવું બીજા માટે પણ ઇચ્છજે. તારા પોતાને માટે જે નથી ઇચ્છતો, તેવું બીજાને માટે પણ ન ઇચ્છતો.
- રાગ અને દ્વેષ આપણું જેટલું ભૂરું કરે છે, એટલું તો બળવાન શત્રુ પણ નથી કરી શકતો. એ બે જ આપણને અન્ય પાપોમાં દોરી જાય છે

# ૧૯ બનાસકાંઠાને બી

'આ વરસે કુદરતે ભારે મહેર કરી છે. બનાસ નદી મન મૂકીને રેલાણી છે. ખેતરોમાં સરસ મઝાનો કાંપ ઠાલવ્યો છે. એક લાખ એકર જમીન ઘઉંની વાવણી માટે તૈયાર પડી છે. પણ બીજવારો ખેડૂતો પાસે નથી. વાવણી આડે માંડ વીસ પચીસ દિવસ છે અને ઘઉંનો કંઈ પત્તો નથી.

શ્રી રવિશંકર મહારાજ(દાદા)ના શબ્દોમાં ભારોભાર વ્યથા અને ચિંતા હતી.

મુનિશ્રી સંતબાલજીના ૧૯૫૦ના ચાતુર્માસ ધોળકા તાલુકામાં ભાલના કોઠ ગામમાં ચાલતા હતા. ઑકટોબર માસના દિવાળી પહેલાંના દિવસો હતા. દાદા મુનિશ્રીને મળવા આવ્યા હતા, શ્રી ફલજીભાઈ ડાભી મુનિશ્રીની પ્રેરણાથી સ્થપાયેલા અને ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘના સંચાલન નીચે ચાલતા આ ખેડૂત મંડળના ત્યારે પ્રમુખ હતા. ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખ તે વખતે દાદા હતા. દાદાનું પ્રત્યક્ષ કાર્યક્ષેત્ર તે વખતે બનાસકાંઠા. મુનિશ્રીનું પ્રત્યક્ષ કાર્યક્ષેત્ર ભાલ નળકાંઠા.

શ્રી ફલજીભાઈ અને હું એ દિવસે મુનિશ્રીને મળવા કોઠ ગયા હતા. ઓચિંતા દાદા પણ ત્યાં આવ્યા હતા. પરસ્પર વાતોમાં દાદા મુનિશ્રીને બનાસકાંઠાની પરિસ્થિતિ કહી રહ્યા હતા.

તે દિવસોમાં દેશભરમાં અનાજ પર અંકુશો હતા.

'સરકાર પાસે ઘઉં નથી ?' અમે પૂછ્યું.

'ના, હું દિનકરભાઈને(તે વખતના મુંબઈ રાજ્યના પુરવઠા મંત્રી) મળ્યો. તેમણે કહ્યું કે સરકાર પાસે ઘઉં નથી. તગાવી લોન આપું. પણ પૈસાને શું કરું ? મારે તો ઘઉં જોઈએ. પછી સરદારને મળ્યો. (સરદાર વલ્લભભાઈ પટેલ) સરદારે મુનશીને કહ્યું. (કનૈયાલાલ મુનશી તે વખતે કેન્દ્રના ખેતી અને ખોરાક ખાતાના મંત્રી હતા.) હું મુનશીને મળ્યો તો તેમણે કહ્યું કે 'સરકાર પાસે તમારે જોઈએ તેવા ઘઉં નથી. કેનેડિયન કે ઑસ્ટ્રેલિયન પરદેશી ટુકડા ઘઉં છે.' મુનશી પણ છૂટી પડ્યા. આ તરફ ખેડૂતો મારી તરફ કાગને ડોળે રાહ જુએ એમ મીટ માંડીને બેઠા છે. બનાસકાંઠાની જમીનમાં તો ચાસિયા દેશી ઘઉં જ જોઈએ. ટુકડા કે પરદેશી કામ ન લાગે અને દેશી દાઉદખાની ઘઉં તો ક્યાંય દેખાતા નથી. જમીન કાં તો પડતર રહેશે.'

દાદાએ વિસ્તારથી વર્ણન કરીને પરિસ્થિતિ સમજાવી.

મુનિશ્રીએ અમારી સામે જોયું અને ફલજીભાઈને પ્રશ્ન કર્યો : 'કેમ ? કંઈ થઈ શકે ?'

ફલજીભાઈ ક્ષણેક અટક્યા થોડું વિચારીને બોલ્યા : 'દાદા, ઘઉં જોઈએ કેટલા ?'

રવિશંકર મહારાજને સૌ દાદાના નામથી જ સંબોધતા.

'એકરે મણનો વાવો છે, લાખ એકરમાં વાવણી થશે. એક લાખ મણ જોઈએ.' દાદાએ કહ્યું.

વળી ફલજીભાઈ થોડું અટક્યા અને બોલ્યા : ' એક વાત છે, ભાલના ખેડૂતોમાં કેટલાક એવા નીકળે કે જે બમણું બી સંઘરે છે. એક વખતનું વાવેતર નિષ્ફળ જાય કે ખપેડી ખાઈ જાય તો બીજી વખત વાવવા જોઈએ. સુખી અને પહોંચતા ખેડૂત આમ બી સંઘરે છે ખરા. બીજા ખેડૂતો પણ બી કે ખાવાના સંઘર્યા હોય એમાંથી થોડો વધારો પાડી શકે, અને આ તો પડોશી ખેડૂતને બીની મદદ કરવાની વાત છે. એટલે ભાલનો ખેડૂત જવાબ તો આપે, પણ એ વાતનો વિચાર કરવા જેવો લાગે છે કે,

દિવસો ખૂબ ટૂંકા છે. કહેવત છે કે 'ઘી તાવણી અને ઘઉં વાવણી' એમાં એક દિવસનુંયે મોડું - વહેલું ન ચાલે. સ્વાતિનક્ષત્રમાં તો વાવવા જ જોઈએ. અને એ તો દાદા કહે છે તેમ પંદર - વીસ - પચ્ચીસ દિવસ બાકી છે.ગામેગામ ફરવું, ખેડૂતોને સમજાવવા, ઘઉં ગામડાઓમાંથી ભેગા કરવા, અને રાધનપુર તરફ (બનાસકાંઠામાં) પહોંચાડવા એ કામ એટલા ટૂંકા દિવસોમાં પૂરું થાય કે કેમ ?

છતાં પ્રયત્ન કરી છૂટીએ, પણ દાદા, એક કામ કરો. અમને એક જીપ લાવી આપો, તો ઝડપથી થોડા ગામોમાં અમે જઈ આવીએ, અને કેવો જવાબ મળે છે એ જરા જોઈ લઈએ એટલે ખ્યાલ પણ આવી જાય - આમાં કેટલું થઈ શકે એમ છે ?

ફલજીભાઈએ વિસ્તારથી વિચારો જણાવ્યા. દાદાએ મોં મલકાવતાં કહ્યું, 'જીપ તો કાલ આવી જાણોને !' તરત જ ફલજીભાઈ બોલ્યા : તો પછી એક-બે વાતો બીજી પણ છે. દિવાળીનાં પરબ આવે છે. કારતકી પૂનમનો વૌઠાનો મેળો પણ આવશે. ખેડૂતોના હાથમાં અત્યારે પૈસા ના હોય. એટલે ઘઉં ના

પૈસા રોકડા તરત ચુકવાઈ જાય એમ કરવું પડે. બીજી વાત છે, ઘઉંના તોલની. ચોમાસામાં રસ્તા ખરાબ થયા હશે. ગામે ગામથી તાલુકા ગોડાઉન ઉપર કોઈ ઘઉં લઈને જશે નહિ. વળી બધા જ ખેડૂતો અત્યારે ઘઉંનું બી કૂંવળિયામાંથી કાઢી સાફ કરવાની તૈયારીમાં હશે. એટલે કોઈને તાલુકે જવાની ફુરસદ પણ નહીં હોય. ગામડે બેઠા જ ઘઉં તોલવા પડે ત્યાં લઈ જવાની વ્યવસ્થા આપણે જ કરવી પડે. જોકે આ તો પેલી કહેવત જેવું છે : છાશ છાગોળે, ને ઘેર ધમાધમ. હજુ તો આપણે ગામડે જઈએ અને ખેડૂતો શું જવાબ આપે તેના પર જ બધો આધાર છે.' ફલજીભાઈના કોઠાડહાપણે આવનારી વહેવારુ મુશ્કેલીઓ અને સાથે સાથે એનો ઉકેલ પણ બતાવી દીધો.

એમના કહેવામાં સાવધાની સાથે આત્મવિશ્વાસ પણ હતો.

મુનિશ્રીએ કહ્યું : 'તમારા મંડળનો પાયો જ નૈતિકભાવથી મંડાયો છે. એટલે ખેડૂતો આવા કામમાં જરૂર સહકાર આપશે જ એવી શ્રદ્ધા સાથે પુરુષાર્થ કરી છૂટો.' પછી તો તરત એક નાની સરખી અપીલ ભાલના ખેડૂતોને ઉદ્દેશીને ખેડૂત મંડળ તરફથી તૈયાર કરવામાં આવી. મુનિશ્રી અને દાદાએ પણ એ અપીલનું સમર્થન કર્યું. છપાવીને ભાલનાં લગભગ ૭૦-૮૦ ગામોમાં પહોંચાડવી એમ નક્કી કર્યું. દાદાયે બીજા જ દિવસે જીપ મોકલે. તેમાં ભાલનાં મોટાં મોટાં બધાં ગામોમાં ફરી લેવું. ખેડૂતોને ઘઉંના રોકડા પૈસા આપવા. ઘઉંનો તોલ કરવો અને બનાસકાંઠામાં પહોંચાડવા. એ બધી જવાબદારીને ટૂંકા ગાળામાં આપણે નહીં પહોંચી શકીએ. આપણે મદદ પૂરેપૂરી કરીએ પણ એ બધી જ જવાબદારી તો સરકારે જ સંભાળવી જોઈએ. આમ વિચારણા કરીને તરત સાંજની ગાડીમાં ફલજીભાઈ જવારજ ગયા અને દાદા સાથે જીપ લેવા હું અમદાવાદ ગયો. એક મિલ માલિક શ્રી રતિલાલ ખુશાલદાસ શાહની જીપનું નક્કી કર્યું. અમદાવાદ જિલ્લાના કલેકટર તે વખતે પિમ્પુટકર એક અક્ષર પણ બોલ્યા વિના અમારી વાત સાંભળી રહ્યા. પછી એક જ પ્રશ્ન પૂછ્યો : 'આમાં મારે શું કરવાનું ?'

અમે નીચે પ્રમાણે વ્યવસ્થા કરી આપવાની વાત કરી :

૧. ધંધૂકા અને ધોળકા એમ બન્ને તાલુકામાં ઘઉં ખરીદવાનાં કેન્દ્રો ગામડામાં શરૂ કરી દેવાં.

૨. ઘઉં તોલવાનાં સાધનો, માણસોનો જરૂરી સ્ટાફ અને મોટર ટ્રકોની વ્યવસ્થા દરેક કેન્દ્ર પર કરવી.

૩. ધંધૂકાથી હારીજ (બનાસકાંઠાનું રેલવે સ્ટેશન) સુધી રેલવેમાં ઘઉં લઈ જવા વેગનોની વ્યવસ્થા કરાવવી.

૪. ઘઉંના પૈસા તરત ખેડૂતોને ગામડે બેઠા જ રોકડા મળી જાય તેમ વ્યવસ્થા કરવી.

પિમ્પુટકર અમારી વાત એકચિત્તે સાંભળી રહ્યા હતા. એમના પર અમારા કહેવાની શું અસર થઈ તે કળાયું નહીં. મોંની એક પણ રેખા કે આંખોના ભાવમાં કશો જ ફેરફાર બતાવ્યા સિવાય તદ્દન શાંતિથી અને ધીમેથી તેમણે કહ્યું : ઘઉં ખરીદવાનાં કેન્દ્રો દરેક ગામડે તો ન થઈ શકે, પણ તમે સૂચવશો તેમાંથી શક્ય હશે તેટલાં વધુ કેન્દ્રો શરૂ કરવા હું મામલતદારને જણાવું છું અને બાકીની વ્યવસ્થા માટે ગોઠવણ કરીશું.'

મને થયું કે અમારા કહેવા પર એમને કાં તો ભારોભાર અવિશ્વાસ છે કે આટલા ઘઉં ક્યાં મળવાના છે ? કંઈ કરવાપણું નથી. અથવા કાં તો પૂરો વિશ્વાસ હતો કે દાદા કહે છે તેમ ઘઉં મળશે જ. અને તો પોતે બધી જ વ્યવસ્થા કરી શકશે, તેવા આત્મવિશ્વાસનો રણકાર પણ તેમના શબ્દમાં હતો.

આમ કલેક્ટર સાથે વાત કરીને અમે જીપ લઈને અમદાવાદથી વહેલી સવારે નીકળ્યા. પેલી અપીલની પત્રિકા પણ છપાવી લીધી હતી. દાદાની સાથે રાસવાળા શ્રી આશાભાઈ પટેલ પણ હતા. અમે જવારજ ગયા. ફલજીભાઈને સાથે લીધા અને જવારજ, ગુંદી, સરગવાળા, ઉતેલીયા, લોલીયા, ફેદરા એમ એક દિવસમાં થોડાં ગામોમાં ફર્યા. ખેડૂતોને એકઠા કરી બનાસકાંઠાના ખેડૂતોને બીની કેવી મુશ્કેલી પડી છે, તેમને ઘઉંનું બી મેળવવા માટે કેવા પ્રયત્નો થયા અને સરકાર જેવી સરકાર પણ છૂટી પડી. હવે એકમાત્ર ભાલના ખેડૂતો પર જ આધાર છે વગેરે વાતો દાદા અને ફલજીભાઈ એમની આગવી તળપદી ભાષામાં સમજાવતા. છેવટે દાદા કહેતા, તમે ભાલનકાંઠામાંથી એક મણ ઘઉં બનાસકાંઠાને આપશો તો બનાસકાંઠો મણના દશ મણ પેદા કરીને દેશને આપશે.

ધારવા કરતાં ઘણો સારો જવાબ ખેડૂતો આપવા લાગ્યા.

'આ તો અમારું ખેડૂતનું કામ છે અને ક્યાં મફત આલવા છે ? પણ તોલ તરત કરાવજો. કારણ કે અત્યારે અમે ઘઉં કૂંવળિયામાંથી બહાર કાઢ્યા છે એટલે બારોબાર જોખી આપીએ.'

અમે કાગળ ઉપર ક્યો ખેડૂત કેટલા ઘઉં આપશે એની યાદી કરવા માંડી. કોઈએ પચ્ચીસ મણ તો કોઈએ ૨૦૦ મણ ગામે ગામ નોંધ શરૂ થઈ.

બીજા દિવસે દાદાએ અમને કહ્યું : "હવે હું બનાસકાંઠા જાઉં છું. ત્યાં કલેકટર અને મામલતદારને મળીને ગામે ગામ તગાવી લોન આપવાની અને હારીજ સ્ટેશનેથી ગામડે ગામડે ઘઉં પહોંચાડવાની વ્યવસ્થા પણ કરાવવી પડશે અહીંનું તમે પતાવજો."

ફલજીભાઈએ દાદાને કહ્યું : "પણ દાદા ! ખેડૂતોને સમજાવવામાં તમે સાથે હોવ તો ફેર પડે."

રાસવાળા આશાભાઈ ગઈ કાલથી મૂંગા મૂંગા આ બધું જોઈ રહ્યા હતા. તેમણે ફલજીભાઈ ને કહ્યું : "તમે એકે હજારા છો કોઈની જરૂર નથી. મને શ્રદ્ધા છે કે ભાલમાંથી જ બધું બિયારણ મળી રહેશે."

આમ કહીને દાદા અને આશાભાઈ પાછા ગયા. ને બીજે દિવસે બીજા ગામડાઓમાં જતાં પહેલાં ધોળકા અને ધંધૂકા તાલુકાના મામલતદારોને અમે મળ્યા. કલેકટરની સૂચના એમના પર આવી ગઈ હતી પણ એ તો જાણે સાવ નફકરા હતા. એમને તો આ રીતે ખેડૂતો ઘઉં આપે અને આ બધી વ્યવસ્થા કરવાની આવે એવી કશી કલ્પના જ આવી શકતી ન હતી. પણ કલેકટરનો હુકમ હતો અને અમે વાતો કરી એટલે ઘઉંનાં ખરીદ કેન્દ્રો અને બીજી ખેડૂત મંડળની સૂચના પ્રમાણે ગોઠવવામાં આવશે, એવું ઉપરછલ્લું આશ્વાસન તો એમણે આપ્યું.

અમે પાંચેક દિવસમાં ચાલીસથી પચાસ ગામોમાં ફરી વળ્યા. પત્રિકાઓ તો આ પહેલાં ગામેગામ મોકલાવી દીધી હતી. પ્રચાર ઘણો સારો થયો. એક હવા ઊભી થઈ ગઈ. બિયારણની વાત ખેડૂતને માટે નવું જીવન આપવા જેવી વાત હતી. એ માટે બહુ સમજાવવાની જરૂર ન પડી. ગામે ગામથી ઘણો સારો જથ્થો નોંધાવવામાં આવ્યો. કોઈ ગામમાંથી ૫૦૦ મણ તો કોઈ ગામમાંથી ૫૦૦૦/- મણ પણ નોંધાયા. તાલુકા મામલતદારને અમે ક્યાં ક્યાં ખરીદ કેન્દ્રો કરવાં તેની યાદી આપી અને તોલ કરવાની, ટ્રકોમાં માલ સ્ટેશને પહોંચાડવાની તેમ જ તરત પૈસા ચૂકવવાની વાત કરી. તાલુકા અધિકારીઓ તો આશ્ચર્ય પામ્યા, આટલા બધા ઘઉં સરકારી બાંધેલા ભાવથી મળે એવું એમના માન્યામાં જ આવતું ન હતું. પરંતુ પછી એમણે પણ ભારે ઝડપથી વ્યવસ્થા ગોઠવી અને

સાંગોપાંગ પાર ઉતારી દીધી, કશો જ પ્રશ્ન ઊભો ન થયો દરેક ખેડૂતને ગામ બેઠા ચુકતે પૈસા તરત મળી ગયા. ખેડૂતોને પણ સંતોષ થયો.

આમ કારતક સુદ પૂનમ પહેલાં ૯૩૦૦૦ મણ ઘઉં (૧૮૫૦ ટન) સમયસર રેલવે સ્ટેશને પહોંચી ગયા અને ધંધૂકાથી હારીજ સ્ટેશન સુધી રેલવેની સ્પેશિયલ માલ ગાડીમાં આ તમામ જથ્થો રવાના થઈ ગયો. બનાસકાંઠાના ગામડાંઓમાં ખેડૂતોને તગાવી રૂપે ઘઉંનું બિયારણ સમયસર પહોંચતું થયું. દાદાના માર્ગદર્શન નીચે બનાસકાંઠાના ગામે ગામ બિયારણનાં પત્રકો બન્યાં, લોન મંજૂર થઈ અને તમામે એક લાખ એકર જમીનમાં ઘઉંની વાવણી સમયસર કરવામાં આવી.

દાદા આ દાખલો ઘણી વખત આપીને છેલ્લે ઉમેરતા, 'ભાલ-નળકાંઠાએ એક લાખ આપ્યા તો સામે બનાસકાંઠો દશ લાખ આપી શક્યો.' આમ કહીને દાદા ભાલ નળકાંઠાના ખેડૂતોની કદર કરીને ગૌરવ વધારતા.

આમ સંતો ઉપરનું શ્રદ્ધાબળ, સંસ્થાનું સંગઠન બળ, સમાજસેવકોનું સુયોગ્ય સંચાલન અને શક્તિનું સંકલન થઈને એક ચમત્કાર કહી શકાય એમ ભગીરથ કાર્ય સરળતાથી સાંગોપાંગ પાર પડ્યું.

## ૨૦ "નાણાં લઈએ પણ..."

"ધનિકો ફંડ આપે તે પોતાનું કર્તવ્ય સમજીને આપે. ધન જરૂર કરતાં વધુ છે તો ફંડ આપવું એ મારું કર્તવ્ય છે. માટે ફંડ આપું છું. ધન વધુ પડતું એકઠું થાય છે તેમાં પ્રત્યક્ષ-પરોક્ષ અન્યાય, શોષણ અનીતિ કે અપ્રમાણિકતાનું પાપ હોય - એમ સમજી પાપના પ્રાયશ્ચિત રૂપ એ દાન કરે. એમાં દાન લેનાર સંસ્થા પર એથી કંઈ અહેસાન નથી ચઢતો કે તે ઉપકાર નથી કરતા. ખરેખર તો તેનું ધન સુયોગ્ય રીતે વપરાય છે તેથી સંસ્થાનો ઉપકાર તો ફંડ આપનારે માનવો જોઈએ. ફંડ સ્વમાન અને ગૌરવથી લેવું. આપણું તેજ સહેજ પણ ઝાંખું ન પડે, તેની નાના મોટા બધા કાળજી રાખે.

મુનિશ્રીને આ જ વાત જાહેરમાં મૂકવી જરૂરી લાગી હશે એટલે એમણે લખેલું એમના જ શબ્દોમાં જોઈ લઈએ.

"એક તો હું ભિક્ષુ રહ્યો, એટલે ભિક્ષાનો ધંધો પોતીકો ગણાય આમ

છતાં સમાજને માટે ભિક્ષા માગવાના ઘણા પ્રસંગો તો હું ટાળવા જ મથું છું. ભાલ નળકાંઠાના પ્રયોગમાં મૂડીવાદ સામેનું યુદ્ધ મોખરે હોવાને કારણે મને લાગ્યા જ કર્યું છે કે અમીરાત ભરી ભિક્ષાવૃત્તિ પર નભનાર સંઘને મુસીબત ભલે વેઠવી પડે, પણ એ જ મુસીબત એનું અને આપનારનું તેજ વધારનારી બને એ વિશે મને તલભાર શંકા નથી." (વિ. વા. તા. ૧-૪-૪૯)

"સત્તા અને ધનની અનુચિત ખુશામત કર્યા વિના, એટલું જ નહિ પરંતુ વિશેષમાં એ બંનેને પોતપોતાનાં યોગ્ય સ્થાનો બતાવી આપવાનું લક્ષ ચૂક્યા વિના, દુષ્કાળ જેવી અણીને ટાંકણે કામ કરવું ભારે મુશ્કેલ છે.

**માણસ અને પશુને જીવાડવાનો જ ખ્યાલ હશે તો આ સંગ્રામમાં ટકી નહિ શકાય."** (વિ. વા. ૧૬-૨-૪૯ અગ્રલેખ)

સુપાત્ર દાનનો મહિમા અને દાનની મહત્તા વિષે મુનિશ્રી લખે છે : "જૈન આગમોમાં સુપાત્ર દાનનો મહિમા ઘણો મોટો છે તે નીચેનો નીતિગ્રંથમાંનો શ્લોક એ દૃષ્ટિએ મનનીય છે;

**શતેષુ જાયતે શૂર, સહસ્રેષુ ચ પંડિતઃ**
**વક્તા દશ સહસ્રેષુ, દાતા ભવતિ વા ન વા.**

એટલે કે સેંકડો માનવીઓમાંથી કોઈક જ શૂર નીકળે છે, હજારો માણસોમાંથી માંડ એકાદ પંડિત નીપજે છે, લાખોમાં કોઈક જ સાચો અને નિર્દોષ વક્તા પાકે છે, જ્યારે લાખોમાં પણ માંડ એકાદ દાતા પાકે અથવા નયે પાકે.

નિસ્પૃહી દાતા જેમ દુર્લભ છે તેમ નિસ્પૃહી યાચક પણ દુર્લભ છે આજે જરૂર છે નિસ્પૃહી દાતાઓની અને નિસ્પૃહી યાચકોની."

"ધનદાતાઓને માત્ર પ્રતિષ્ઠાની લાલચથી દોરવીને પણ કામ કઢાવી લેવામાં જેઓ માને છે, તેમણે એ ન ભૂલવું જોઈએ કે તેઓ પ્રજામાં સ્થળૂ લાભ તો પહોંચાડી શકે છે; પણ સાથે સાથે દાન લીધા પછી પ્રજાનું તેજ વધારવું જોઈએ તેટલું વધારી શકતા નથી. આ ખોટ પેલી રાહતના લાભ કરતાં અનેક ગણી વધુ અને દુઃખદ છે.... જ્યાં ફાળા ઉપરાંત યોગ્ય વિનિમય અને ઘડતરનું કામ હોય ત્યાં માત્ર ફાળો ઠીક મળશે કે સાધનો મળશે એવી કોઈ લાલચે ધનિકોને મુખ્ય સ્થાન આપવા જતાં આપણે જાતે જ ધનની પ્રતિષ્ઠા વધારીએ છીએ. સમય તો ખોટાં મૂલ્યાંકનનો ધરમૂળથી પણ પલટી નાખવાનો છે.

(વિ. વા. ૧૬-૧-૪૯)

મુનિશ્રીએ આ લખાણના અનુસંધાનમાં જ લખ્યું છે : "ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘની નિયામક સમિતિમાં યોગ્ય ધનિક મળવા છતાં પણ હાલ ન લેવાના મારા આગ્રહમાં ઉપલી દૃષ્ટિ છે. તેમાં ધનિકો સામે સંઘને ઘૃણા છે એમ કોઈ ન કલ્પે તેમજ સંઘ ધનિકો પાસેથી ધનની આશા છોડી દે છે એમ પણ નથી. માત્ર ધન ખાતર જ સમાજ, રાષ્ટ્ર અને ધાર્મિક ક્ષેત્રોમાં ધનિકોને જ અગ્રસ્થાન મળ્યું છે ને તેને લીધે સમાજમાં શોષણને જે પ્રતિષ્ઠા મળી છે તે અયોગ્ય પ્રતિષ્ઠાને તોડી નાખવાનો જ ઉપરનાં વિધાનમાં મારો આશય છે.

હું ધનિકોને પણ વિનવવા માગું છું કે, હવે તેઓ કોઈ સ્થળે અગ્રપદની આશા ન રાખે અને સેવા માર્ગ સ્વીકારે. આપણે સામાજિક કાર્યોમાં ધનિક વર્ગને અપનાવવો જોઈએ. એટલું જ નહિ પણ પ્રેરવો પણ જોઈએ જ. પરંતુ આથી ધનિક વર્ગની વ્યક્તિઓને સમાજ ઘડતરની સંસ્થાઓમાં પ્રમુખપદ તો આજે નહિ જ આપી શકાય." **'સંતબાલ'**

## દાન કર્તવ્ય દૃષ્ટિએ આપવું

સન ૧૯૪૮-૪૯ની આ વાત છે. મુનિશ્રી અમને કાર્યકરોને - સંઘના સભ્યોને આ મતલબનું એટલા માટે સમજાવતા હતા કે, સન ૧૯૪૮નું ચોમાસું સદંતર નિષ્ફળ જવાથી ભાલ નળકાંઠામાં દુષ્કાળ પડ્યો હતો. શ્રી રવિશંકર મહારાજ તે વખતે સંઘના પ્રમુખ હતા, તેમના અધ્યક્ષ પદે દુષ્કાળમાં કામ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિનું નામ શું રાખવું અને ફંડની અપીલ કરવાની હતી તો તેમાં સંઘની દૃષ્ટિ કેવી હોય એ સમજાવતા હતા.

લાંબી ચર્ચા વિચારણાને અંતે ભાલ નળકાંઠા દુષ્કાળ કર્તવ્ય સમિતિ એ નામ રાખવામાં આવ્યું અને ફંડ લેવામાં રાખવાની કાળજી વિષે સહુ સભાન બન્યા, જાગૃત થયા. જોકે આની ગડ બધાને બેસી ગઈ હશે એની ખાતરી તો નહોતી. કારણ કે ફંડ કેમ થાય છે અને ફંડ આપનાર કેવી અપેક્ષા રાખે છે તેની કંઈક ખબર હોવાથી મુનિશ્રીની વાત તો સામા પૂરે તરવા જેવી તે વખતે લાગે તે સ્વાભાવિક હતું. પણ ધારવા કરતાંયે સારો જવાબ બધેથી મળ્યો અને હેમખેમ દુષ્કાળ પાર પડ્યો.

## સરકારી ગ્રાન્ટ એ ઉપકાર નથી

અને તરત એકાદ વરસમાં જ સને ૧૯૪૯-૫૦માં જ તે વખતની મુંબઈ સરકારે દરેક જિલ્લામાં સર્વોદય યોજના મંજૂર કરી, અમદાવાદ જિલ્લામાં આ

યોજના મુનિશ્રીના કામને કારણે ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘને આપવાનું સરકારે નક્કી કર્યું. દર વર્ષે એક લાખ રૂપિયાની ગ્રાન્ટ મળવાની હતી. મિત્રોમાં ચર્ચા ચાલી કે યોજના લેવી કે ના પાડવી ?

એક અભિપ્રાય એવો હતો કે, ગમે તેમ પણ પૈસા આપનારનો હાથ ઉપર જ રહેતો હોય છે. સંઘનું તેજ જળવાશે નહિ. સરકાર અને તંત્રના અહેસાન નીચે આવી જઈશું. દબાઈ જવાશે, વગેરે વગેરે.

માટે યોજના ન લેવી.

બીજો અભિપ્રાય એવો હતો કે, સરકાર પાસે આવતાં નાણાં પ્રજાનાં જ છે. સરકાર લોકશાહીથી બની છે. પ્રજાના હિતમાં એ નાણાં વાપરવાં. સરકાર આપે તો તે લેવામાં ના ન પાડવી.

ખૂબ ચર્ચાને અંતે મુનિશ્રીએ આ મતલબનું માર્ગદર્શન આપ્યું કે, "સરકાર સામે ચાલીને નાણાં આપે છે. સંઘનો સહકાર માગે છે. સંઘની સ્વાયત્તતા જળવાય અને પોતાના તંત્રથી જ યોજનાનો અમલ કરી શકે તેવી સ્વતંત્રતા હોય તો યોજના લેવી. અનુભવે એમ લાગે કે, સ્વાયત્તતા સચવાતી નથી કે સ્વાતંત્ર્યનો ભોગવટો થઈ શકતો નથી તો યોજના છોડી દેવી."

અને સર્વોદય યોજના સંઘે સ્વીકારી. કહેવું જોઈએ કે સંઘની સ્વાયત્તતા અને સ્વાતંત્ર્ય પૂરેપૂરાં સાચવીને વર્ષો સુધી સંઘે સર્વોદય યોજનાનું સંચાલન કર્યું છે.

## આત્મવિશ્વાસ આપણામાં હોવો જોઈએ

સને ૧૯૮૦-૮૧માં સામે ચાલીને સી.સી.એફ. યોજના લેવાની દરખાસ્ત ગુજરાતમાં પ્રથમ પહેલી વખત ભાલ નળકાંઠા પ્રાયોગિક સંઘ પાસે આવી. વાર્ષિક ચારેક લાખ રૂપિયાની સો ટકા ગ્રાન્ટ મળવાની વાત હતી. યોજનાનો અમલ માત્ર પાંચ-છ ગામ પૂરતા જ નાના કાર્યક્ષેત્રમાં કરવાનો હતો. યોજના પણ સારી હતી. તેમ છતાં યોજના લેવી કે ન લેવી તેનો નિર્ણય તરત કરી શકાયો નહિ. કારણ એ હતું કે, યોજનાનું નામ હતું "ક્રિશ્ચિયન ચિલ્ડ્રન ફંડ". (સી.સી.એફ.) અમેરિકાની આ સંસ્થાનો સંઘને કશો જ પરિચય-અનુભવ નહિ.

કદાચ પ્રચ્છન્નપણે વટાળવૃત્તિનો હેતુ હોય તો ? એમ નામ ઉપરથી જ શંકા કે અનુમાન બાંધીને ચર્ચા ચાલી. એક અભિપ્રાય એવો હતો કે વટાળવૃત્તિ

એવી ઊંડી જડ નાખીને પડી હોય છે કે, અને એવી કુનેહથી કામ લેવામાં આવે છે કે, ૧૦-૧૫ વર્ષ સુધી તો આપણને ગંધ સરખી પણ નહિ આવે કે, આમાં વટાળવૃત્તિ હતી. અને જ્યારે ખ્યાલ આવશે ત્યારે વાત એટલી આગળ નીકળી ગઈ હશે કે, ખુદ લોકો જ સંઘનો વિરોધ કરતા થઈ જઈને ખ્રિસ્તી બની જશે. એટલે ભલે લાખો રૂપિયાની મદદ મળે છે પણ યોજના લેવી નહિ.

છેવટે સંઘે મુનિશ્રીનું માર્ગદર્શન માગ્યું. મુનિશ્રીએ એ મતલબનું માર્ગદર્શન સંઘને આપ્યું કે -

"સવાલ તો સી.સી.એફ. યોજનાનો નહિ, સંઘની નિર્ણયશક્તિનો છે. સંઘ જેવી પ્રયોગ કરનારી સંસ્થા, બધાં પાસાંનો વિચાર કરે તે તો બરાબર છે, પણ તેનું આધારબળ વિશ્વાસ છે. સી.સી.એફ. યોજનાના સંચાલકો જો કહે છે કે, વટાળવૃત્તિ મુદ્દલ નથી, તો પછી સંઘે શંકા ન રાખવી. અલબત્, સાવધાની તો રાખવી જ. પ્રત્યક્ષ-પરોક્ષ કે પ્રછન્નપણે ક્યાંય પણ વટાળવૃત્તિ જેવું લાગે તો, યોજના તે જ ક્ષણે બંધ કરવાનો નિર્ણય તો સંઘે જ કરવાનો છે ને ? પણ શંકા રાખીને યોજના ન લેવી એ તો આત્મવિશ્વાસની ખામી ગણાય. પ્રયોગ કરવામાં તો જાત પર અને બીજા પર વિશ્વાસ રાખવો એ તો પાયાનું કામ છે." વગેરે વગેરે.

## નાણાં એ સાધ્ય નથી સાધન છે એ સમજીએ

અને સી.સી.એફ. યોજના લેવી એવો સંઘે ઠરાવ કર્યો. કહેવું જોઈએ કે ૧૪ વર્ષ જેટલા લાંબા ગાળામાં ક્યાંય પણ વટાળવૃત્તિની છાંટ સરખી જોવા નથી મળી. અને આ ગાળામાં કરોડ સવા કરોડ રૂપિયાની ગ્રાન્ટની મદદ આપવા છતાં સી.સી.એફ. યોજનાના સંચાલકોએ કોઈએ ય પોતે નાણાં આપનાર છે એવો સહેજ પણ ભાવ વ્યક્ત કર્યો નથી. બજેટના અમલીકરણમાં સંપૂર્ણ મોકળાશ રહી છે અને સંઘની સ્વાયત્તતા-સ્વાયંત્ર્ય- પૂરેપૂરાં સચવાયાં છે.

મુનિશ્રીના પ્રયોગ કાર્યમાં કામ કરવાથી અને મુનિશ્રીના સહવાસથી લોકોનું અને લોકસેવકોને નામે ઓળખાતા અમારા જેવા સામાન્ય કાર્યકરોનું જે સહજ રીતે ઘડતર થતું જઈ નક્કર સંસ્કાર પડ્યા તે વર્ષો પછી પણ અને આજના વિષમ વાતાવરણમાંયે કામ આપે છે અને મુનિશ્રીના સહવાસની સ્મૃતિ થતાં ધન્યતા અનુભવાય છે.

# ૨૧ સાથીની ભૂલ નિવારવા અને તેને જોવાનો માર્ગ

કચ્છ જિલ્લા પંચાયતમાં વિસ્તરણ અધિકારીની કાયમી પેન્શનેબલ સરવીસ, નામ હરજીવનભાઈ મહેતા. સંતબાલજી મહારાજના પરિચય પછી ચાલુ સરવીસે વહેલાસર નિવૃત્ત થઈ મહાવીરનગર આંતરરાષ્ટ્રીય કેન્દ્રમાં ચિંચણી રહેવા આવી ગયા. મુનિશ્રી ગોચરી પાણી લેવા જાય ત્યારે સાથે જવું, ટપાલો લખવી, લખાણોની નકલ કરવી, ટપાલ નાખવા જવું, વાતો કરવી - એમ સંત સમાગમ થયા કરતો.

એક દિવસની વાત છે. મુનિશ્રીએ ટપાલ નાખવા આપી તેમાં કવર પણ હતું. હરજીવનભાઈએ એને હાથમાં લઈ વજનનો અંદાજ બાંધ્યો. તો એક કવરનું વધુ વજન લાગતાં વધારાની ટિકિટ ચોડી. મુનિશ્રીને ખબર કે, પોતાની લેટરબુકનાં ચાર પાનાં સુધી વધારાની ટિકિટ લગાવવી પડતી નથી. અને કવરમાં ચાર પાનાથી વધુ લખાયેલ પત્ર નથી એટલે મુનિશ્રીએ હરજીવનભાઈને ટિકિટ ચોડતા જોઈ સૂચવ્યું કે, “વજન કરી જો જો.” હરજીવનભાઈએ જવાબમાં કહ્યું કે, “સારુ” પણ ટિકિટ તો વગર વજન કર્યે વજન વધુ છે એમ સમજીને ચોડી જ દીધી હતી. અને મનમાં વિચાર્યું કે “મુનિશ્રીએ સૂચન કર્યું છે. મેં હા પણ પાડી છે. પણ હવે જો ટિકિટ ચોડી જ દીધી છે તો ભલે ચોડેલી જ રહી. અંદાજ તો છે જ કે વજન વધુ છે, પછી વજન કરવું અને નિયત ધોરણ કરતાં, વધુ વજન ન હોય તો ચોડેલી ટિકિટ ઉખાડવી એ બધી ઝંઝટમાં ક્યાં પડવું ?” એટલે નાનો કાંટો કેન્દ્રમાં હતો છતાં એમણે એ કવરનું વજન ન કર્યું અને ટપાલો ભેગું એ કવર પણ પોસ્ટના ડબામાં નાખવા કેન્દ્રના સેવક છગનભાઈને બધી ટપાલ સાથે નાખવા આપી દીધું. મુનિશ્રીના ધ્યાનમાં સહેજે નજર સામે બનેલી આ હકીકત આવે એ સ્વાભાવિક હતું. હરજીવનભાઈને તો આ બાબતનો કંઈ ખ્યાલ જ નહિ હતો.

બીજે દિવસે સવારે ગોચરી લેવા જતી વખતે હરજીવનભાઈ તો તૈયાર થઈ મુનિશ્રીની સાથે જવા આવી ગયા. પણ મુનિશ્રીએ કહ્યું કે, “આજે ગોચરી લેવાની નથી.” હરજીવનભાઈએ કારણ પૂછ્યું તો માત્ર આછું હસ્યા. પણ કોઈ કારણ કહ્યું નહીં. એટલે હરજીવનભાઈએ કારણ જાણવા આગ્રહ રાખ્યો, એટલે મુનિશ્રીએ કહ્યું :

"ગઈ કાલે તમે કવરનું વજન ન કર્યું. અને વધારાની ટિકિટ ચોડી. ધ્યાન દોરાયા પછી અને હા પાડ્યા પછી આમ બને તે એક જાતની બેજવાબદારી ગણાય. પણ એમ થવામાં તમારી આ ક્ષતિમાં મારી પણ કચાશ હું સમજું છું, સાથે રહેનાર સાથી મિત્રોની ત્રુટી સુધારવા, દૂર કરવા મારે મારી આ કચાશ દૂર કરવી જોઈએ. તપ સિવાય આવી ક્ષતિ દૂર ન થાય તેથી આજે ગોચરી છોડી છે. બીજું કોઈ કારણ નથી."

મુનિશ્રીની આ વાત સાંભળીને હરજીવનભાઈ તો ભારે ચિંતન-મંથનમાં પડી ગયા. અને એક સત્યાર્થી પુરુષ પાસે રહેવામાં કેટલી બધી જાગૃતિ રાખવી પડે એનો વિચાર કરતાં એવી પણ સમજણ એમને થઈ હોવાનું આ પ્રસંગની વાત કરતાં હરજીવનભાઈએ અમને કહ્યું કે,

જૈન તત્ત્વજ્ઞાન સત્યાચરણ કરવું કરાવવું અને અનુમોદન આપવું એમ કહે છે. વળી એમ પણ કહે છે કે, મનથી વચનથી અને કાયાથી-એટલે વિચાર-વાણી અને વર્તનથી આમ કરવાનું કહે છે. મતલબ નવ પ્રકારે સત્યનું આચરણ કરાય ત્યારે જ સત્યનું આચરણ સંપૂર્ણ કર્યું એમ મુનિશ્રીના આ વર્તનથી મને સમજાયું.

વળી હરજીવનભાઈએ એમ પણ કહ્યું કે, પોતાની જાતે સત્યાચરણ કરવા સુધીની વાતનો સ્વીકાર તો સહુ કરે જ છે, પણ સત્યાચરણ કરાવવાની વાત મોટે ભાગે થતી નથી. જ્યારે જૈનોના તીર્થંકર કેવલ ભગવાનનો પોતે તરવાનો અને બીજાને તરવું હોય તો તે તરવાનું શિખવાડવાનો તરણ-તારણ ધર્મ તે-જૈન ધર્મ છે. તેમાં આ અહિંસક રીતે કરાવવાની વાત પણ રહેલી જ છે.

મુનિશ્રીના આ તપની વાતમાંથી મને આવી સમજણ મળી એમ હરજીવનભાઈએ કહ્યું, તે સાંભળીને અમે સહુ સાંભળનારાઓને પણ સંતસમાગમનું સંભારણું પ્રેરક ગણીને ગાંઠે બાંધવા જેવું લાગ્યું.

## ૨૨ ન્યાયનું નાટક

૪૬-૪૭ વર્ષ પહેલાંનો પ્રસંગ છે. તે વખતે અમે ગૂંદી આશ્રમમાં જ રહેતા હતા. પણ સન ૧૯૪૯ નાં મુનિશ્રીનાં ચાતુર્માસ ગૂંદી ગામના સરકારી કસ્ટમ બંગલામાં થવાથી કામચલાઉ અમે ત્યાં રહેવા ગયા હતા. ૧૯૫૦ના ફેબ્રુઆરી, ચોક્કસ તારીખ તો યાદ નથી પણ ફેબ્રુ.ની ૧૫ મી તારીખ આસપાસ મૂળ ધોળી (કમાલપુર) ગામ કે જે ભાલ હડાળા પાસે આવેલું છે ત્યાંના વતની પણ વર્ષોથી ગૂંદી ગામમાં રહેતા હતા તે તળપદા કોળી પટેલ ચતુર સંઘા અને ભીખા જેમા અમારી પાસે બંગલે આવીને કહેવા લાગ્યા :

"તમે કહો તો માથે સગડીઓ મૂકીને મુંબઈ સરકારને કહેવા મુંબઈ આવીએ, પણ હવે આ કાળુ પટેલને કહીને અમારો પ્રશ્ન પતે એવું કાંક કરો. અમે બધું જ કરી છૂટ્યા છીએ. પણ કશું થયું નથી. હવે તો કાં મરીએ ને કાં મારીએ એ જ રસ્તો છે."

એમના કહેવામાં ક્રોધ, અને ભારે જોશ હતું. ધોળીમાં જમીનનો કંઈક પ્રશ્ન હતો. એમને સાંભળ્યા પછી અમારી પાસે તો એનો કંઈ ઉકેલ નથી, એમ અમને લાગ્યું એટલે છેવટે કહ્યું :

"એમ કરો, તા. ૧૯ મીએ આશ્રમમાં મિટિંગ છે એમાં કાળુ પટેલ આવશે. મુનિશ્રી તો આવવાના જ છે. તમે તે દિવસે આવજો. અને વાત કહેજો. કંઈક રસ્તો નીકળશે. આમાં મારવા મરવાની ક્યાં જરૂર છે !"

આમ કહ્યું. તે ગયા. ૧૯મી ફેબ્રુઆરી ૧૯૫૦ આવી અમે ગૂંદી ગામમાંથી ગૂંદી આશ્રમમાં ગયા. મિટિંગો ચાલી મુનિશ્રી અને કાળુ પટેલ પણ આવ્યા જ હતા. ત્રણેક વાગ્યા હશે જલસહાયક સમિતિનું કામ થયું. તે સમિતિના કાળુ પટેલ સભ્ય હતા. તે ઊઠ્યા કહે,

"બાપજી, (મુનિશ્રીને તે બાપજી કહેતા) હું જાઉં છું. ગાડીનો ટાઈમ થવા આવ્યો છે."

મુનિશ્રીએ કહ્યું તો ખરું કે,

"રોકાઈ જાઓને ?" પણ "ખળાં લેવાય છે કામનો પાર નથી જવું જ છે."

ચતુરભાઈ કે ભીખાભાઈ તો આશ્રમમાં આવ્યા નહોતા. પણ મુનિશ્રીને અગાઉ મળેલા અને તે દિવસે પણ સવારે ગૂંદી ગામના બંગલે મળેલા અને કાળુ પટેલ હેરાન કરે છે તે મતલબની વાત કરી હશે એટલે મુનિશ્રીએ પણ તે બંનેને કહ્યું હતું કે આજે બપોરે મિટિંગ છે તેમાં કાળુ પટેલ આવશે. ત્યાં તમે આવજો અને તેમની રૂબરૂમાં વાત સમજ્યા પછી કંઈક રસ્તો કાઢવા પ્રયાસ કરીશું.

કાળુ પટેલ જવાના હતા અને આ બે જણ આવ્યા નહિ એટલે મુનિશ્રીએ કાળુ પટેલને આ બે જણનો શું પ્રશ્ન છે તે પૂછીને જાણી લીધું. પછી કાળુ પટેલ ગૂંદી ગામ નજીક આવેલા ભૂરખી સ્ટેશને જવા રવાના થયા અને અમારું મિટિંગોનું કામ ચાલુ રાખ્યું.

કાળુ પટેલને જવાને થોડી જ વાર થઈ અને બૂમ સંભળાઈ :

"ધોડજો, ધોડજો, કાળુ પટેલને મારે છે."

બૂમ સાંભળીને સહુ પ્રથમ નવલભાઈ શાહ ઊઠતાંકને સ્ટેશનને રસ્તે દોડ્યા. બૂમ ધોલેરાના હરિજન રાણાભાઈ કે જે કાળુ પટેલને ઓળખતા હતા અને એમની પાછળ પાછળ જ સ્ટેશને ટ્રેનમાં બેસવા ચાલતા જતા હતા તેમણે પાડી હતી. નવલભાઈએ બે ખેતર વટીને જોયું તો કાળુ પટેલ ખેતરના શેઢા પાસે વરખડીનાં બે નાનાં નાનાં જાળાં હતાં ત્યાં લોહીલોહાણ હાલતમાં પડ્યા હતા. અને થોડે દૂર બે જણ હાથમાં ધારિયાં સાથે દોડતા સ્ટેશન ભણી ભાગી રહ્યા હતા. નવલભાઈ તેમને પકડવા જોરથી દોડ્યા પણ એ બન્ને જણ રેલવે સ્ટેશનમાં પડેલી માલગાડી વટાવીને નજીક આવેલ ગામમાં ઘૂસી ગયા. ઉનાળાનો ખરો બપોર, તડકામાં નવલભાઈ રેબઝેબ થઈ ગયા. ભારે સાહસ અને હિંમત કરી પકડવા પ્રયાસ તો કર્યો, પણ પકડી શક્યા નહિ. પાછા ફર્યા. બે જણને ઓળખી શક્યા નહિ. નજીકના જ ખેતરોમાં ૧૫-૨૦ મજૂરો ઘઉં વાઢતા હતા. એમણે આ થતું ખૂન અને ભાગતા ખૂનીઓનું દૃશ્ય તો બરાબર જોયું જ હોય. ખૂનીઓને તદ્દન નજીકમાંથી જ દોડતા જતા હતા એટલે ઓળખતા જ હોય. પણ કોઈ જ કશું જ કહેવા તૈયાર નહોતા.

નવલભાઈની પાછળ જ અમે સહુ લગભગ દોડતા ઉતાવળે ત્યાં પહોંચ્યા. મુનિશ્રી પણ આવ્યા. કાળુ પટેલના પડછંદ દેહે બેશુદ્ધિમાં અને લોહીથી લથબથ તરફડીયાં મારતા, હૈડિયાની ઘરઘરાટીનો અવાજ કાઢતા, મુનિશ્રીના ખોળામાં જ છેલ્લા શ્વાસ પૂરા કર્યા. મુનિશ્રીએ તો આવીને શાંતિ મંત્રના જાપ શરૂ કર્યા જ હતા. જલસહાયક સમિતિના પ્રમુખ શ્રી ગુલામરસુલ કુરૈશી, અને સભ્યો છોટુભાઈ મહેતા, કાશીબેન, ડૉ. શાંતિભાઈ, મણિબેન પટેલ, અર્જુનલાલા અને મિટિંગમાં આવેલા ખેડૂતો કાર્યકરોનો નાનો સમૂહ ત્યાં જ રોકાયો.

આ તરફ ધંધૂકા પોલીસ બીજી કોઈ તપાસ માટે ગૂંદી ગામમાં આવેલી તેને ચતુર સંઘા અને ભીખા જેમા એમ બે નામ શકદાર તરીકે અપાયાં તે પરથી એ બંનેને એમના ઘરેથી સાંજકના ઘરના ચૂલા પાસે તાપતા હતા ત્યાંથી પકડીને ગામના ચોરામાં બેસાડી દીધા.

ગૂંદીગામ કોઠ પોલીસથાણા નીચે એટલે કોઠપોલીસને સાંજે ટ્રેનમાં માણસ મોકલી ખબર આપી. તે રાત્રે દશેક વાગે શટલમાં પોલીસ આવી. તેમના કબજામાં આ બે જણને શકદાર તરીકે ચોરામાં જ રાખ્યા.

રાત્રે ધોળીથી કાળુ પટેલનાં પત્ની પાર્વતીબહેન, પુત્ર કેશુભાઈ વગેરે આવ્યા. કેશુભાઈના કલ્પાંતનું તો કહેવું જ શું ? પણ બહાદુર પાર્વતીબેન કેશુભાઈને આશ્વાસન આપતાં કહ્યું :

"બાપુના પગ આગળ ખોળામાં દેહ છોડ્યો છે ને ? આથી વધુ સારું મોત બીજે ક્યાં આવવાનું હતું, બેટા ? હિમ્મત હાર્યે શું વળે ?"

બીજે દિવસે સવારની ટ્રેનમાં પ્રાયોગિક સંઘના પ્રમુખ શ્રી રવિશંકર મહારાજ મુનિશ્રીને મળવા આવ્યા. તેમની સાથે આ કિસ્સાની ચર્ચા થયા પછી બપોરના મુનિશ્રી, રવિશંકર મહારાજ અને અમે કાર્યકરો સહુ ગૂંદી ગામમાં ગયા. ગૂંદીમાં એક નાનું જૈન મંદિર - ઉપાશ્રયની નાની ઓરડી હતી તેમાં બેઠા. થોડા ગામ-આગેવાનો આવ્યા પછી ચોરામાં પોલીસના કબજામાં હતા તે બે જણને બોલાવવાનું વિચાર્યું. ચોરાના બહારના ઓટલા પર બે પોલીસ બેઠી હતી. ચોરાના ઓરડામાં ચતુર સંધા અને ભીખા જેમા હાથકડી વિના જ બેઠા હતા. અમે પોલીસને વાત કરીને તેમની સંમતિથી એ બે જણ સાથે પેલી ઉપાશ્રયની ઓરડીએ પહોંચ્યા. પોલીસ અમારી સાથે નહોતી. તે તો ચોરામાં જ બેઠી હતી.

મુનિશ્રીએ કહ્યું : "જુઓ, જે થવાનું હતું તે તો થઈ જ ગયું છે. હવે સાચું હોય અને જે બન્યું હોય તે કહી દ્યો."

ચતુરે કહ્યું : "અમારાથી કાળમાં ને કાળમાં થઈ ગયું છે. અમને માફ કરો."

મુનિશ્રીએ કહ્યું : "થોડા લોભને ખાતર કેવું ભયંકર કામ કર્યું ? તમારી કોમ માટે એમણે કેટલું બધું કામ કર્યું છે ? ખેર એક પાપ તો થયું હવે સાચું કોર્ટમાં પણ કહેજો. ખોટું બોલીને બીજું પાપ ના વહોરશો. ઈશ્વર જ ઉગારનાર છે. સાચા દિલથી પ્રાયશ્ચિત પણ કરી નાખો."

રવિશંકર મહારાજે પણ સમજાવતાં છેલ્લે કહ્યું : "દિલ ખોલ્યું જ છે તો હવે પૂરું ખોલી જ નાખો. હથિયાર કપડાં વગેરે ક્યાં સંતાડ્યાં છે તે બતાવો."

બન્ને જણ કહેવા લાગ્યા :

"અમારી ભૂલ તો થઈ જ છે હવે અમે સાચું કહીશું. પણ અમારાં બૈરાં છોકરાંની સંભાળ રાખજો."

લગભગ રડતા રડતા આમ બોલ્યા. પછી પંચ રૂબરૂ રવિશંકર મહારાજને હથિયાર કપડાં સંતાડ્યાં હતાં તે જાળામાંથી કાઢીને સોંપી દીધાં.

મુનિશ્રીએ આ પહેલાં પોતાને નવું બળ મળે, આત્મશક્તિ વધે તે હેતુથી ૧૫ દિવસના મૌન સાધના માટે બાજુના અરણેજ ગામના સરકારી પ્રવાસી બંગલા નામે ઓળખાતા મકાનમાં રહેવાનું નક્કી કર્યું જ હતું. તેથી હવે પછીની જે કંઈ

કાર્યવાહી કરવાની આવે તે કરવાની જવાબદારી રવિશંકર મહારાજે સ્વીકારી અને મુનિશ્રી અરણેજ ગયા. અમે સહુ પોતપોતાને સ્થાને ગયા. બન્ને જણને પોલીસ કોઠ પોલીસથાણે લઈ ગઈ. બીજે દિવસે ધોળકા મેજિસ્ટ્રેટ કોર્ટમાં રજૂ કર્યા.

બીજે દિવસે સમાચાર જાણવા મળ્યા કે, કોઇએ ગુજરાતભરમાં જાણીતા અમદાવાદના વકીલ હિંમતલાલ શુકલને રોકી લીધેલા જ છે અને તેમની સલાહ પ્રમાણે આ બન્ને જણે ધોળકા કોર્ટમાં પોતે આ બાબત કંઇ જ જાણતા નથી એમ કહ્યું છે.

મુનિશ્રીની ૧૫ દિવસની મૌન સાધનામાં આ પ્રકરણનું ચિંતન પણ ચાલે તે સ્વાભાવિક છે.

"પોતે જૈન સાધુ, પોતાની પાસે સાચી કબૂલાત કર્યા પછી કોર્ટમાં ખોટી વાત કરી. સત્ય, ન્યાય અને ધર્મની દષ્ટિએ પોતાની કોઇ જવાબદારી ફરજ કે કર્તવ્ય ખરું ?"

શ્રી રવિશંકર મહારાજ સાથે પણ વિચાર વિનિમય થયો. અને બન્નેની સહીથી કોર્ટને જણાવ્યું કે, અમારી પાસે આ પ્રમાણે કબૂલાત એ બન્ને જણે કરી છે.

કેસ તો સેશન કમિટ થઇને ધોળકાથી અમદાવાદની તે વખતે ભદ્રમાં આવેલી સિવિલ કોર્ટમાં ચાલવા પર ગયો. મુનિશ્રીને કોર્ટમાં જુબાની માટે બોલાવ્યા. પણ તે વખતે ચાતુર્માસ કોઠમાં હતા. અને ચાતુર્માસમાં જૈન સાધુ વિહાર ન કરે તેથી કોર્ટે નવી મુદત ૧૨ ડિસે. ૧૯૫૦ આપી. તે દિવસે મુનિશ્રી અને રવિશંકર મહારાજ તથા નવલભાઈ શાહ અને અમે જે કંઇ જાણતા હતા તે જુબાનીમાં કહ્યું.

ખૂનીના બચાવ પક્ષના વકીલ શ્રી હિંમતલાલ શુકલે ઊલટ તપાસમાં બીજું કંઇ પૂછયું જ નહિ. માત્ર આટલું જ કહ્યું :

'આ બન્ને તો સંતપુરુષો છે. તેમણે જે કંઇ કહ્યું તે બાબતમાં મારે તેમને કંઇ જ પૂછવું નથી. મારે માત્ર એ જ જાણવું છે કે, આ બે જણે જયારે કબૂલાત કરી ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતા ?"

રવિશંકર મહારાજે કહ્યું તો ખરું કે, તે વખતે પોલીસ નહોતી. વળી ઉપાશ્રયમાં વાત થઇ હતી વગેરે.

પણ વિદ્વાન વકીલે તો માત્ર એટલું જ જાણવા માગ્યું કે, "પોલીસ મંજૂરી ન આપે તો એ તમારી પાસે આવી શકત ?"

વકીલના પ્રશ્નનો જવાબ 'ના' જ હતો. અને એનો અર્થ કાયદાની ભાષામાં તે પોલીસની કસ્ટડીમાં જ હતા.

વર્તમાન કાયદાની વાસ્તવિકતા એ છે કે, પોલીસ કસ્ટડીમાં કહેલી વાત કે કરેલી કબૂલાત પુરાવામાં ગ્રાહ્ય રાખી શકાય નહિ.

આમ સંતપુરુષો પાસે કરેલી સાચી કબૂલાત પુરાવામાંથી બાદ કરીને કોર્ટે ન્યાય કર્યો અને તરત ચુકાદો એ જ ક્ષણે આપી દીધો અને બન્ને શકદારોને તરત છોડી દીધા.

ન્યાયનું જાણે કે નાટક જ ભજવાઇ ગયું. મુનિશ્રીનો ઉતારો નજીકમાં હતો. અમે સહુ મુનિશ્રીની સાથે ત્યાં પહોંચ્યા સહુનાં મન ભારે વ્યથિત હતાં થોડી જ વારમાં ચતુર સંઘા અને ભીખા જેમા ત્યાં આવ્યા અને મુનિશ્રીને પગે લાગી આશીર્વાદ માગ્યા.

મુનિશ્રી એક શબ્દ પણ ન બોલ્યા. આશીર્વાદ સત્યને હોય, જૂઠું બોલે તેને આશીર્વાદ સત્યાર્થી પુરુષ કેમ આપી શકે ?

પાછળથી જાણવા મળ્યું કે નિર્દોષ છૂટીને ગામમાં ગયા ત્યારે તેમનું સન્માન કરવાની કેટલાકે તૈયારી કરી હતી. પણ પછી તો તેનો ખેડૂત મંડળના આગેવાનો, જે ગૂંદી ગામમાં રહેતા તેમણે વિરોધ કરવાથી તે તો બંધ રહ્યું.

વર્ષ બે વર્ષ પછી સ્થાનિક ગૂંદી સોસાયટી કે જે ભાલ નળકાંઠા ખેડૂત મંડળના સંચાલન નીચે ચાલતી હતી. તેમાં આ બન્નેને સભ્ય તરીકે દાખલ કરવા ગામમાંથી કોઇકે માગણી કરી. પરંતુ તે વખતના ખેડૂત મંડળના પ્રમુખ શ્રી ફુલજીભાઈ ડાભીએ એમ કહીને વિરોધ કર્યો કે કાયદો જે કંઇ કહેતો હોય તે, સંસ્થાઓમાં શુદ્ધિનું તત્ત્વ સાચવવું હશે તો આવાં તત્ત્વો પોતાની ભૂલ કબૂલી તેનો પસ્તાવો અને પ્રાયશ્ચિત લઇ ફરી આવો અપરાધ નહિ કરવાની ખાત્રી આપે તો તેમને સભ્ય તરીકે લઇ શકાય. બાકી સંસ્થાઓનો વહીવટ બગડી જશે.

અને તેમના વિરોધને લઇને ગૂંદી મંડળીની વ્ય.ક. એ સભ્યપદમાં તેમને દાખલ ન કર્યા.

મુનિશ્રીને આજની ન્યાય પદ્ધતિને મૂળમાંથી જ બદલવાનું જરૂરી લાગ્યું 'ન્યાયનું નાટક' એવા મથાળા નીચે મુનિશ્રીએ પોતાના અનુભવના આધારે કેટલાંક સૂચનો કરતો લેખ લખ્યાનું પણ સ્મરણ છે. તે વખતના ગુજરાત સમાચારના તંત્રી શ્રી કપિલરાય મહેતાએ આ ઘટનાને સારી પ્રસિદ્ધિ પણ આપી હતી.

આ ઘટના બની ૧૯૫૦માં તે વખતે, તપોમય પ્રાર્થનાનો સામુદાયિક અને લોકચેતના જગાડતા 'શુદ્ધિ પ્રયોગ'ની શોધ થઇ ન હતી. તે શોધ ૧૯૫૧માં થઇ. એટલે કોર્ટ ચૂકાદાથી જ અટકી જવ યુ કોઇ પગલાં લઇ શકાયાં નહિ સિવાય કે ખેડૂત મંડળના જાગૃત આગેવાનોએ તેમનું સ્વાગત થતું અને સહકારી મંડળીનું સભ્યપદ અટકાવ્યું અને સંસ્થાગત કે સામાજિક પ્રતિષ્ઠા તેમને ન મળી.

આવી ઘટનાઓથી પ્રત્યક્ષ પરોક્ષ ઘડતર કાર્ય તો થતું જ રહ્યું.

## ૨૩ નબળાઈની ખતવણી બીજાના ખાતે ન કરીએ

સને ૧૯૫૬નું ચાતુર્માસ મુનિશ્રીનું ધોળકા ધમકવાડીમાં હતું. મુંબઈનું મહાદ્વિભાષી રાજ્ય રચવાનો નિર્ણય સંસદે લીધો કે તરત મહાગુજરાતની રચના કરવાનું આંદોલન શરૂ થયું. તોફાનો-ગોળીબાર અને માણસોનાં મૃત્યુનો આંક વધતાં મહાભયંકર તોફાનો ગુજરાતભરમાં ફાટી નીકળ્યાં. કેન્દ્રમાં અને ગુજરાતમાં કૉંગ્રેસનું શાસન હોવાથી લોકોના રોષનું નિશાન કૉંગ્રેસ બની. સ્થિતિ એવી થઈ કે, અમદાવાદમાં તો ધોળી ટોપી પહેરીને નીકળવું એ જ જીવનું જોખમ ! મહાદ્વિભાષીની તરફેણમાં કે મહાગુજરાતની વિરોધમાં એક શબ્દ બોલી શકાય નહિ, કૉંગ્રેસી વ્યક્તિએ બહાર નીકળવું ભારે થઈ પડ્યું. ગુજરાત કૉંગ્રેસના આગેવાન શ્રી ઠાકોરભાઈ દેસાઈ એકલ પંડે લોકશાહીના બચાવમાં અને તોફાનોની વિરુદ્ધમાં મરણિયો પ્રયાસ નિર્ભયતાથી કરતા. શ્રી મોરારજી દેસાઈએ પણ ઉપવાસ કર્યા. પંડિતનહેરુની બીજી ઑક્ટબર-૫૬ની જાહેર સભા હતી. તેની સામે શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકની સમાંતર જાહેર સભા પણ યોજવામાં આવી.

પં. નહેરુએ ઘણા વ્યસ્ત હોવા છતાં શ્રી ઢેબરભાઈના પ્રયાસથી ભાલ નળકાંઠા ખેડૂતમંડળના પ્રતિનિધિમંડળને શાહીબાગ સરકીટ હાઉસમાં મુલાકાત આપી. મંડળે દ્વિભાષીના નિર્ણયને આવકારવા સાથે વિકેન્દ્રિત વહીવટ માટેની એક યોજનાનું સૂચન કરતું નિવેદન પંડિતજીને આપ્યું. તે અક્ષરશઃ વાંચીને પંડિતજીએ ધન્યવાદ આપ્યા. અને વહીવટી વિકેન્દ્રિકરણના સૂચનો વિશે પ્રતિભાવ આપતાં કહ્યું કે, "બહુત દૂરીકી બાત હૈ !"

શ્રી નવલભાઈ શાહે 'આંધી અને ઉપવાસ' નામે પુસ્તિકા લખી તે સંસ્થાએ મોટા પ્રમાણમાં છપાવી વહેંચી. સંસ્થાએ ગામડાંઓમાં ઝુંબેશરૂપે પ્રવાસ ગોઠવ્યો

મહાદ્વિભાષીનું સમર્થન તોફાનો વિરોધ અને લોકશાહીની સુરક્ષા વિષે સભા સંમેલનોમાં સમજ આપી ઠરાવો થયા.

પરંતુ અમદાવાદ અને બીજા કસ્બાઓ-શહેરોમાં તો તોફાનો ચાલુ જ રહ્યાં. ૧લી નવેમ્બર ૧૯૫૬ના રોજ મુંબઈના મહાદ્વિભાષી રાજ્યની રચના થવાની હતી.

મુનિશ્રીનું ચિંતન મંથન વધતું ગયું. એમ અવાર-નવાર ધોળકા જતા એમનું માર્ગદર્શન મેળવતા એમનું કહેવું હતું કે, ભિન્ન અભિપ્રાય તો હોઈ શકે. પરંતુ લોકશાહી નિર્ણયને તોફાનોથી ફેરવવાનું જો એક વખત પણ ચાલુ થશે તો તે લોકશાહીને જ ખતમ કરશે આ વાત અમદાવાદ અને ગુજરાતને કહેવી જોઈએ. ભાલ-નળકાંઠાનાં ગામડાં અમદાવાદની નજીક છે, અમદાવાદમાં જઈને ગામડાઓએ આ સમજાવવું જોઈએ.

અમે સાંભળતા ખરા, પણ મૂંગા રહેતા. એક દિવસ મુનિશ્રીએ આ જ વાત ભારપૂર્વક કહી. અમે કહ્યું :

"મહારાજશ્રી અમદાવાદ ભડકે બળે છે. બળતી આગમાં હોમાવા ગામડાંના ખેડૂતો જાય જ નહિ."

મુનિશ્રીએ વેદનાભર્યા અવાજમાં અમને સમજાવતાં કહ્યું : "તમે તમારી માન્યતાને આધારે આમ કહો છો. સંભવ છે કે તમે માનો છો તેમાં ડર હોય, પણ તમે ગામડે જેમ ઠરાવ કરાવ્યા તેમ અમદાવાદ જવાની વાત પણ કરો તો ખરા, તમારી નબળાઈ તમે ખેડૂતોને ખાતે ખતવો નહિ. પ્રયાસ તો કરો. પુરુષાર્થ કર્યા પછી પરિણામ ન આવે તો કુદરતની મરજી સમજી સમાધાન મેળવવું."

છોટુભાઈ, ફૂલજીભાઈ, કદાચ નાનચંદભાઈ (હાલ સાણંદ રહેતા જ્ઞાનચંદ્રજી) હું, વગેરે મુનિશ્રીની વેદનાભરી આ વાણીથી ખૂબ શરમાયા. વિચાર કર્યો અને મુનિશ્રીને ખાતરી આપી કે અમે આવતી કાલથી જ આ કામ (પ્રચારનું) શરૂ કરી દઈશું.

આમ કહીને અમે ધોળકાથી નીકળી ગયા, બીજે જ દિવસે સવારના છાપામાં ગૂંદીમાં સમાચાર વાંચ્યા કે, ભાલ નળકાંઠાના ખેડૂતોની ટુકડીઓ આવતી કાલથી અમદાવાદમાં આવશે.

આમ સમાચાર કઈ રીતે આવ્યા તે કંઈ ખબર પડી નહિ. સંભવ છે ધમકવાડીમાં ચાલેલી વાત વખતે કોઈ છાપાવાળો ત્યાં આવી ચડ્યો હોય અને અમારી વાત સાંભળીને પોતાની સમજ મુજબ સમાચાર આપી દીધા હોય.

તરત નજીકના જવારજ ગામે ફૂલજીભાઈને મળ્યો. સમાચાર છાપામાં આવ્યા. આખું ગુજરાત જાણશે ચાલો પ્રયત્ન તો કરીએ.

કાલે એક ટુકડી અમદાવાદ જાય એટલું આજે ગોઠવી લેવાય તો આજકાલ બે દિવસમાં બીજા ગામોનો સંપર્ક થાય. તે દિવસ ૯ ઑક્ટો. નો હતો. ૩૧ ઑક્ટોબર સુધી ૨૧ દિવસની ૨૧ ટુકડીઓ તૈયાર કરવી એમ વિચાર્યું.

પ્રથમ ટુકડી માટે ભલગામડા (તા. ધંધૂકા)ના ભીમજીભાઈ લક્ષ્મણભાઈ પટેલ અને ગામના આગેવાનો ઉપર નાની ચિઠ્ઠી લખી : મુનિશ્રી ઈચ્છે છે અને સંસ્થા તરફથી આ કાર્યક્રમ આપવાનો છે. ૧૧ જણની ટુકડી લઈને સવારે ટ્રોલીમાં અમદાવાદ આવો. એલિસબ્રિજ (હાલનું ગાંધીનગર) સ્ટેશને ઊતરજો ત્યાં અમે મળીશું. શહેરમાં ફરવાનું છે. સાંજે પાછા વગેરે મતલબ લખી.

ભલગામડામાં આ પહેલાં સભાએ દ્વિભાષીના સમર્થનનો ઠરાવ કર્યો હતો. આખું ગામ ખેડૂતમંડળનું સભ્ય હતું. ધંધૂકાના સહકારી જિનમાં સહુનો પૂરો સહકાર હતો. ગૂંદી આશ્રમની દોરવણીમાં પૂરતો વિશ્વાસ હતો. મુનિશ્રી પ્રત્યે શ્રદ્ધા ભક્તિ અજોડ હતી. ફૂલજીભાઈ અને અમને વિશ્વાસ હતો કે ચિઠ્ઠી વાંચીને પણ લખ્યા પ્રમાણે આવશે.

અને ખરેખર તા. ૧૧ ઑક્ટો. ૫૬ ના રોજ ૧૧ની પ્રથમ ટુકડી ભલગામડાની આવી જ. અમે આ એક દિવસમાં બીજાં ગામડાંઓમાં ફરીને બીજી ટુકડીઓ તૈયાર કરી લીધી. અમદાવાદ ધોળકા સમાચાર મોકલી ત્યાંની વ્યવસ્થા ગોઠવાવી લીધી સૂત્રો-નિવેદન વગેરે તૈયાર કરાવી લીધાં. ફરવાનો રસ્તો પણ નિશ્ચિત કરાવી લીધો. ખરેખર યુદ્ધને ધોરણે અને વીજળીની ગતિથી આ બધું જ થયું. અને સાંગોપાંગ પાર પણ પડ્યું. એક દિવસ માત્ર સ્ત્રીઓની ટુકડી મીરાંબહેનની આગેવાની નીચે ગઈ. એક દિવસ તો ટુકડીમાંથી એક ભરવાડને ઉપાડી જ ગયા. અને ભાડું આપીને લાવ્યા છે એવા લખાણમાં સહી કરવા દબાણ કર્યું. પણ આકરૂ ગામનો આ ભરવાડ મક્કમ રહ્યો. સહી ન જ કરી કારણ સહુ પોતપોતાના ખર્ચે, હિસાબે અને જોખમે, સમજીને જ આવતા હતા. બળતી આગને ઓલવવા જઈએ છીએ. કોગળો પાણી જ છે; પણ આપણી ફરજ છે. કદાચ દાઝીએય ખરા અને કદાચ જાન પણ જાય. આવી સ્પષ્ટ સમજણ આપ્યા પછી સ્વેચ્છાએ નામો લખાવતા અને તે જ આવતા.

તા. ૩૧ ઑક્ટોબર ૫૬ ના છેલ્લા દિવસે ૮૦ ગામના ૭૦૦ ઉપરાંત ગ્રામજનોની મોટી ટુકડી અમદાવાદ આવી. ભદ્રના કૉંગ્રેસ હાઉસના મેદાનમાં

વિશાળ સભામાં ટુકડીના આગેવાન ફૂલજીભાઈ રાહાભાઈ ડાભીએ પ્રેરક પ્રવચનમાં આ ગ્રામટુકડીઓ આવવા પાછળની લોકશાહીની રક્ષાની વાત વિસ્તારથી પોતાની ગામઠી તળપદી લાક્ષણિક ભાષામાં સમજાવી. નજીકના ખાનગી મકાનમાં બેસીને શ્રી ઈન્દુલાલ યાજ્ઞિકે આ પ્રવચન સાંભળ્યું હતું એમ પાછળથી જાણવા મળ્યું.

કૉંગ્રેસ હાઉસમાંથી ગોળીબાર થયેલ તે પ્રથમના દિવસોમાં લોકોએ કરેલા તોફાનોમાં કૉંગ્રેસ હાઉસમાં થયેલી તોડફોડમાં શ્રી મોરારજી દેસાઈનો ફોટો પણ તોફાની ટોળાંએ તોડી ફોડી નાખ્યો હતો. ભાલ નળકાંઠાની સંસ્થાએ મોરારજીભાઈનો નવો ફોટો બનાવરાવી આ છેલ્લા દિવસે કૉંગ્રેસ હાઉસમાં હતો તે જ જગાએ મુકાવરાવ્યો.

મોરારજી દેસાઈએ ગ્રામ ટુકડીના કાર્યક્રમને ધન્યવાદ આપતો તાર પાઠવ્યો. ગુજરાત પ્રદેશના કૉંગ્રેસ મોવડીઓએ આ કાર્યક્રમને બીરદાવીને કૉંગ્રેસને જીવતદાન આપવામાં મહત્ત્વનું પ્રદાન આપ્યું છે એમ પ્રશંસા કરતાં વકતવ્યો આપ્યાં. કૉંગ્રેસ પ્રમુખ શ્રી ઢેબરભાઈએ આ કાર્યક્રમને અસામાન્ય ઘટના ગણાવી. અમે મુખ્ય ગણાતા કાર્યકરોના મનમાં ડર હતા, પુરુષાર્થ જ કર્યો નહોતો, લોકોના ખાતે અમારો ડર ખતવીને અમે નિષ્ક્રિય હતા. લોકોને અન્યાય કરતા હતા.

મુનિશ્રીએ સાતત્યપૂર્વક સમજાવટથી અમને જગાડ્યા. કામે લગાડ્યા. ભય-નિષ્ક્રિયતા ભગાડ્યાં. વામન ગણાતાં સામાન્ય અને અભણ ગ્રામજનોમાં પડેલી વિરાટ શક્તિને અસામાન્ય ફળવતી બનાવીને ભણેલાં શહેરીજનોને સર્વોચ્ચ બોધપાઠ આપ્યો.

# ૨૪ શાંતિસેનાની કામગીરી

વિશ્વવાત્સલ્યના તા. ૧-૧૧-૯૬ના અંકમાં "નબળાઈની ખતવણી બીજાના ખાતે ન કરીએ" મથાળા નીચે અમદાવાદમાં ગયેલી ગ્રામ ટુકડીઓની વિરાટ શક્તિનું દર્શન કરાવતું લખાણ વાચકોએ જોયું હશે.

મુનિશ્રીના સાફ દર્શનમાં શાંતિસેનાની વાત હતી જ. હિંસાને રોકવા, અહિંસક દષ્ટિએ, જરૂર પડ્યે બલિદાન આપવા તૈયાર થાય તેવા શાંતિસૈનિકો પરોક્ષ રીતે, કહ્યા વિના જ, સહજપણે તાલીમ પામે તેવું પ્રયોગ કાર્ય સતત ચાલી રહ્યું હતું.

અને ઑક્ટો-૫૬ના છેલ્લા સપ્તાહમાં મુનિશ્રીએ આ મતલબનું કહ્યું :

"મહાદ્વિભાષી રાજ્ય રચના તા. ૧ નવેમ્બર ૫૬ નક્કી થઈ ગઈ છે, સંભવ છે તે દિવસે અમદાવાદમાં તોફાનો થાય. સરકાર તો સરકારની રીતે

તોફાનો ન થાય અને થાય તો તેને અંકુશમાં રાખવા કામ કરશે.

પણ ધર્મદૃષ્ટિની અથવા અહિંસક સમાજ રચનામાં હિંસાને શમાવવા રોકવા-શાંતિસૈનિકોએ ત્યાં પહોંચી જવું જોઈએ. જેમની તૈયારી હોય તેમણે પોતાના પરિવારની સંમતિ મેળવીને તા. ૧ નવેમ્બરે અમદાવાદ પહોંચી જવું જોઈએ."

આ લેખના લખનાર લેખકની તે વખતે માનસિક તૈયારી હતી જ. બન્ને ભાઈઓ અને માતાપિતા અમદાવાદ રહેતાં હતાં તેમણે તો છેલ્લા નવેક વર્ષ થયાં સમાધાન મેળવી જ લીધું હતું. પુત્રી ચિ. જ્યોત્સ્ના ૧૦ વર્ષની અને પુત્ર ચંદ્રવદન ચાર વર્ષનો તે વખતે હતાં. કમળાની સંમતિ લેવી જરૂરી હતી.

ગૂંદી આશ્રમની ૩૧-૧૦-૫૬ની તે આખી રાત ભૂલાતી નથી, અમે બંનેયે મટકું પણ માર્યા વિના આખી રાત પસાર કરી. કમળાનું કહેવું હતું કે, "બંને સંતાનો નાનાં છે. ત્યાં શું થાય તે કંઈ કહેવાય નહિ. આમનું કોણ ?" સૂઈ ગયેલાં બન્ને બાળકો તરફ જોઈને આંખમાં આંસુ સાથે મને કહેતાં જ રહ્યાં.

"મુનિશ્રીના આશીર્વાદ છે. અને ઈશ્વર ઉપર આપણી શ્રદ્ધા છે. દાંત આપ્યા છે તે ચાવણું આપે જ છે. પોતપોતાનું ભવિષ્ય લઈને જ એ આવ્યાં છે." વગેરે દલીલોથી હું સમજાવતો રહ્યો.

એ નહોતાં સમજતાં એવું તો હું નહોતો માનતો. 'સમજાવતો રહ્યો' એમ લખવાને બદલે કહેતો રહ્યો એમ કહેવું વધુ ઉચિત છે. એમ કહેવું જોઈએ.

આ પ્રથમ જ પ્રસંગ એવો હતો કે આમ આખી રાત પરસ્પરને કહેવામાં ગઈ. જોકે મારા મનમાં તો વિશ્વાસ હતો કે છેવટે સંમતિ આપશે.

અને એ વિશ્વાસ પરોઢ થવા આવ્યું ત્યારે ફળદાયી થઈને રહ્યો. સંમતિ મળી ગઈ. પરોઢના શટલ અમદાવાદ જતી હતી તેમાં નવેક વાગ્યે અમદાવાદ પહોંચ્યો. ન ધારેલી સંખ્યા ૨૬ ભાઈઓ-બહેનો શાંતિસૈનિકની કામગીરી માટે આવી ગયાં. ભદ્રના કૉંગ્રેસ ભવનમાં સહુનો ઉતારો હતો. સરકારી રાહે મહાદ્વિભાષી રાજ્યની શરૂઆત, પૂરતા પોલીસ બંદોબસ્ત સાથે થઈ. સમાચાર મળ્યા કે ઝવેરીવાડના નાકા પાસે કંઈક પ્રમાણમાં મામલો તોફાને ચડ્યો છે. અમે શાંતિસૈનિકના ઝબ્બા ઉપર લગાવેલા નિશાન સાથે ત્યાં પહોંચી ગયા. પોલીસ બંદોબસ્ત પૂરતો હોવાથી હિંસક તોફાન થતું અટકી ગયું હતું. અમારે કંઈ કરવાપણું નહોતું. આખો દિવસ વાતાવરણમાં ઉત્તેજના રહી, પણ શાંતિથી પસાર થઈ ગયો. અમે સહુ અમદાવાદથી હેમખેમ વિદાય લઈ હર્ષ સાથે છાતી ફુલાવતા સહુસહુના ઘેર ગયા. હું રાત્રે નવેક વાગ્યે ટ્રેનથી ભુરખી

સ્ટેશન ઊતરી ગૂંદી આશ્રમ પહોંચી ગયો. પરિવારનાં સહુ જાગતાં બેઠાં જ હતાં, ખુશી આનંદથી પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં.

સંત સમાગમથી કેવું ઘડતર થતું જાય છે તેનો એક વધુ અદ્‌ભુત અને રોમાંચકારી અનુભવ થયો.

## ૨૫ અવધાન એ ચમત્કાર નથી સ્મરણશક્તિ છે

મુનિશ્રીની સ્મરણશક્તિ ઉચ્ચ પ્રકારની હતી. આર્થિક સ્થિતિ કુટુંબની સાવ કંગાળ હોવાથી પ્રાથમિક શિક્ષણ પણ પૂરું કરી શક્યા નહોતા. મોસાળ બાલંભામાં થોડું ભણીને કમાવા મુંબઈ ગયા હતા. બુદ્ધિના તેજસ્વી હોવાથી નોકરી ધંધામાં નાની વયે સારી પ્રગતિ કરી, પણ ભણતર તો ઓછું જ રહ્યું. ૨૫ વર્ષની વયે નાનચંદ્રજી મહારાજ પાસે દીક્ષા લીધા પછી જ અભ્યાસ વધાર્યો. પાંચેક વર્ષમાં તો શાસ્ત્રો કંઠસ્થ કરી લીધાં. ગુજરાતી, સંસ્કૃત અને માગધી ભાષામાં પ્રવીણ થયા. એકાગ્રતા અને સ્મૃતિની તીવ્રતા જોઈ એમને ભણાવનારા પંડિતો પણ આશ્ચર્ય પામતા. અવધાનના પ્રયોગો પણ કરતા થઈ ગયા. શતાવધાની થતાં નાનચંદ્રજી મહારાજ સાથે અજમેરમાં સને ૧૯૩૩માં મળેલા અ.ભા. સાધુ સંમેલનમાં ગયા. ત્યાં અવધાનના પ્રયોગો કરીને આખા સંમેલનને પ્રભાવિત કર્યું 'ભારતરત્ન'નો ખિતાબ મેળવ્યો.

શતાવધાન એ કોઈ ચમત્કાર નથી. સ્મરણશક્તિનો અભ્યાસ કરીને, તેને કેળવી માણસ અવધાનમાં આગળ વધી શકે છે. પરંતુ ત્યારે તો અવધાનને ચમત્કાર સમજવામાં આવતો. સંતબાલજીને પણ આ અવધાનને લઈને લોકો ચમત્કારિક સાધુ તરીકે ઓળખવા લાગ્યા હતા. પણ સંતબાલજીને આનો ખ્યાલ આવી જતાં પછીથી અવધાનના જાહેર પ્રયોગો કરવાનું બંધ રાખ્યું. 'શતાવધાની'નું બિરુદ પણ છોડ્યું.

વિરમગામના સને ૧૯૪૫ ના મુનિશ્રીના ચાતુર્માસ દરમિયાન કોઈ કે તેમને અવધાનના પ્રયોગો કરવા કહ્યું. ત્યારે એમણે એમ કહીને ના પાડી કે એનાથી લોકોમાં ચમત્કારની માન્યતાને ઉત્તેજન મળે છે. ખરેખર તો એ સ્મરણશક્તિ કેળવવાનો વિષય છે. મુનિશ્રીએ 'સ્મરણશક્તિના પ્રયોગો' વિષય ઉપર એક પુસ્તક પણ લખ્યું હતું. તે વાત પણ ત્યારે જાણી.

પછી તો એમ થયું કે, ભલે અવધાનના પ્રયોગો તરીકે નહિ તો, લોકશિક્ષણ

તરીકે સ્મરણશક્તિ કેળવીને આ રીતે કોઈ પણ માણસ અવધાન કરી શકે છે તે સમજાવવા માટે જાહેરસભામાં અવધાન કરી બતાવવાની માગણી મુનિશ્રીએ સ્વીકારી. અને એક દિવસ બપોરે જાહેરમાં મારી સાંભરણ મુજબ ૫૦ અવધાન મુનિશ્રીએ કરી બતાવ્યા હતા.

એ વિષયની સમજૂતી પણ થોડીક તે દિવસે મુનિશ્રીએ આપી તેમાંથી અમે બે-ચાર જુવાનિયાઓએ મુનિશ્રીને વિનંતી કરી કે -

"મહારાજશ્રી, અમને આ શીખવાડો ને ?" અને મુનિશ્રીએ તરત જ ઉમંગથી હા પાડી.

બીજે દિવસથી રોજ સવારે એક કલાકનો સમય અમે બે જણ શીખવા જતા. એક હું અને બીજો એક વિદ્યાર્થી કેશવલાલ શાહ, જેમણે પાછળથી મોટી વયે ધંધાર્થે મુંબઈ જઈને જન્મભૂમિ-પત્રમાં પણ કામ સંભાળ્યું હતું એવો ખ્યાલ છે.

અવધાન શીખવાની રીત કંઈક આવી હતી : મનમાં એક સો ચિત્રો ક્રમબદ્ધ યાદ કરી રાખવાનાં. ગોખી ગોખીને ઘૂંટી ઘૂંટીને મનમાં ભૂલ કર્યા વિના એક પછી એક આ સો ચિત્રો બરાબર પાકાં સ્મૃતિપટ પર અંકિત થઈ જવાં જોઈએ.

આ સો ચિત્રો કયાં કયાં યાદ રાખવાં ? તે દરેકની પોતાની રસરુચિ મુજબ સરળ પડે તેમ નક્કી કરવાનાં હોય છે. સંતબાલજીએ ક્રમ નક્કી કરેલો તેમાં (૧) મા (૨) ગાય (૩) ઘી (૪) ચા (૫) પાઉં એમ ૧ થી ૧૦૦ ચિત્રોનો ક્રમ અભ્યાસમાં તો થોડાંજ ચિત્રોનો ક્રમ યાદ રાખવાનો હતો. અમે તો નવા નિશાળીઆ હતા. એટલે શરૂઆત પાંચેક ચિત્રોથી કરાવીને પછી ક્રમશઃ ૨૫ ચિત્રો સુધી અમે યાદ રાખી લેતાં શીખી ગયા હતા.

ચિત્રોના ક્રમમાં પ્રથમ માનું ચિત્ર એટલા માટે સંતબાલજીએ રાખ્યું હતું કે, દરેકને પ્રથમ પોતાની મા એ નજીકમાં નજીકનું અને વધુમાં વધુ પરિચિત પાત્ર છે. ત્યારપછી આંગણાની ગાય અને ઘી વગેરે નજીકનાં અને પરિચિત ચીજો કે પાત્રો યાદ રાખવાં સરળ પડે પણ આ ચિત્રોનો ક્રમ તો દરેક અવધાન કરનારે પોતાને અનુકૂળ પડે તે જ પસંદ કરી યાદ કરી લેવાનાં હોય છે.

અમારે શરૂઆત બાળપોથીની જેમ હળવા અવધાનથી શીખવાની રીતે કરવાની હતી. તેથી એક પછી એક પાંચ શબ્દો ક્રમ પ્રમાણે બોલાય તે જ ક્રમ પ્રમાણે મનમાં યાદ રાખી લેવાના હતા. અને પછી પાંચેય શબ્દો બોલાયા હોય તે જ ક્રમમાં એક પછી એક બોલી જવાના હતા.

આનું વિજ્ઞાન આવું હતું.

ધારો કે પાંચ જણા વારાફરતી એક પછી એક નીચેના ક્રમમાં પાંચ શબ્દો બોલી ગયા. (૧) કપૂર (૨) ચંદન (૩) પ્રેમ (૪) સવિતા (૫) ફળ આ ક્રમમાં બોલતા શબ્દને મનમાં ક્રમમાં ગોખી પાકા કરેલા ચિત્ર કે ચીજની સાથે નાના વાક્યમાં ગોઠવી લેવાં.

જેમ કે (૧) માના હાથમાં કપૂર છે.
(૨) ગાયને માથે ચંદન લગાડ્યું છે.
(૩) ઘી પ્રેમથી ખવાય છે.
(૪) ચા સવિતા પીએ છે.
(૫) પાંઉ સાથે ફળ ખાઉં છું.

સ્મૃતિની એક ખાસિયત હોય છે. મા ને યાદ કરો કે તરત મા શબ્દની સાથે જોડાયેલી ચીજ તરત યાદ આવે જ.

વર્ષો પહેલાંનો સાવ ભુલાઈ ગયેલો પ્રસંગ પણ તેમાંની એક જ વસ્તુ યાદ આવતાં આખો પ્રસંગ યાદ આવે છે એ અનુભવ સહુને થતો હોય છે. આ જ સ્મૃતિશક્તિને કેળવીને વ્યવસ્થિત કરીને વધારતા જઈએ તો તેમાંથી અવધાન કરવાની શક્તિ મળે છે.

આ સ્મરણશક્તિ ખીલવવામાં ચિત્તની શુદ્ધિ જોઈએ. અને જેટલી ચારિત્ર્યની શુદ્ધિ તેટલી ચિત્તની શુદ્ધિ એટલે સંતબાલજી કહેતા કે ચમત્કાર દેખાય છે તે ચારિત્ર્યનો જ ચમત્કાર છે. આમ ચમત્કાર તરીકે લેખાતી વસ્તુ સુલભ થઈ અને ચારિત્ર્ય ચોખ્ખું કરવા તરફ દૃષ્ટિ વળી એ મોટો લાભ અનાયાસે મળ્યો.

## ૨૬ રોટલાનું સાધન ઝૂંટવાય નહીં

સન ૧૯૫૮ની કોઈ તારીખ હતી. ગુંદી આશ્રમમાં કાર્યાલયમાં બેઠો હતો. અને જવારજથી ફૂલજીભાઈ અને બીજા બે જણ, જેમને હું ઓળખતો નહોતો તે આવ્યા. ફૂલજીભાઈએ સાથે આવેલ બે જણની ઓળખાણ આપી, અને માંડીને વાત કરી. તેનો અને પછી થયેલ કામગીરીનો ટૂંકો અહેવાલ કંઈક આવો છે.

કચ્છ-અંજારના એક ધરમશીભાઈ ઓધવજીભાઈ જેઠવા મિસ્ત્રી, અને બીજા તેમની સાથે આવેલ કુંવરજીભાઈ બંને મુનિશ્રી સંતબાલજી પાસે જઈને મુનિશ્રીના કહેવાથી આવ્યા હતા. તેમની વાત સાંભળીને કંઈ મદદ કરવા જેવી લાગે તો અમારે ભાલ-નળકાંઠા ખેડૂત મંડળે કરવાની હતી.

અંજારમાં મહાભયંકર ધરતીકંપ થયો. તેમાંથી નયા અંજાર વસાવવાનું આયોજન થયું છે. નયાઅંજાર માટે સરકારે જમીનો એક્વાયર કરી છે, તેમાં સુંદર મઝાની વાડીઓની ૬૦ એકર જેટલી જમીન પણ એક્વાયર થઈ ગઈ છે તે પૈકી કેટલીક વાડી-કૂવાનો તો કબજો પણ લેવાઈ ગયો છે. ધરમશીભાઈની વાડીમાંથી મોટા ભાગનો કબજો તો લઈ લીધો છે. પણ ધરમશીભાઈ અને એમનાં બહાદુર પત્ની હરકુંવરબહેનની મક્કમતા, નિર્ભયતા, અને ભલે મરી જવું પડે પણ હઠવું તો નથી જ, એવી પ્રતિકાર શક્તિને લઈને હજુ થોડી જમીનનો કબજો તે રાખીને બેઠા છે. બીજા એક ખેડૂત કાનજીભાઈની વાડીનો તો સંપૂર્ણ કબજો પણ લેવાઈ ગયો છે.

આ ૬૦ એકર જેટલી જમીન પર ૧૧૫ માણસોના રોટલા નીકળે છે. ૯૦ જેટલાં જાનવરો નભે છે. ખૂબ અરજીઓ, મુલાકાતો વિનંતીઓ, વાટાઘાટો વગેરે પછી અને લગભગ દરેક વખતે આશા આપ્યા પછી પણ હજુ સુધી કંઈ થયું નથી.

આ જમીન પર ૧૧૧ પ્લોટ પાડીને ત્યાં મકાન બાંધવાની યોજના મંજૂર થઈ ગઈ છે. પ્લોટ હૉલ્ડરોને મકાન બાંધવા રૂ. ૩૭૫૦ લોન અને ૧૨૫૦ ગ્રાન્ટની રકમ અપાઈ પણ ગઈ છે. વાડીની નજીક મકાનો થાય તેવી સરકારી પડતર જમીન ઉપલબ્ધ થાય તેમ હોવા છતાં આવી સુંદર મજાની ફળદ્રુપ, ઉપજાઉ જમીન એક્વાયર કરવાના આયોજન પાછળની દૃષ્ટિ સમજી ન શકાય તેવી છે. સંભવ છે વાડીના માલિકોને વળતરની રકમ મળવાની હોવાથી તેમની પહોંચ લાંબે સુધી પહોંચતી ન હોય. ગણોતિયા ખેડૂતોનાં હિત અને હકની ચિંતા તો કોણ કરે ? કચ્છ અંજારનું ખેડૂત મંડળ, કચ્છ પ્રાયોગિક સંઘ અને કચ્છ સર્વોદય યોજનાના કાર્યકરો તેમ જ ભાલ નળકાંઠા ખેડૂત મંડળ અને પ્રા. સંઘ કાર્યરત હતા. છતાંયે દોઢેક વર્ષની સતત મથામણ પછી પણ કંઈ જ પરિણામ ન આવ્યું.

મુનિશ્રીનો સંપર્ક કચ્છી સમાજ સાથે સારો હતો, ૧૯૫૫માં તો કચ્છનો પગપાળો પ્રવાસ કરીને જૂનો સંપર્ક તાજો પણ કર્યો હતો. અને ઊંચી વિઘોટીના પ્રશ્નમાં ખેડૂતોને સારા પ્રમાણમાં રાહત મળે તેવા સફળ પ્રયાસો કરીને ખેડૂતો અને આખા કચ્છનું શ્રદ્ધાકેન્દ્ર બન્યા હતા.

મુનિશ્રી સાથે પત્રવ્યવહાર અને જરૂર પડ્યે રૂબરૂ જઈને સલાહ સૂચન-માર્ગદર્શન અમે લેતા. કચ્છમાં પણ અવારનવાર જવાનું રાખતા. કચ્છ પ્રાયોગિક સંઘ અને સ્થાનિક લોકચેતના સક્રિય થાય તેવું વાતાવરણ તૈયાર કરવાનો પ્રયાસ કર્યો.

શ્રી છગનબાપા (કચ્છના અગ્રણી વયોવૃદ્ધ ગર્ભશ્રીમંત અને જાહેર જીવનના પ્રતિષ્ઠિત મોવડી)ને અવારનવાર મળતા રહ્યા. નિષ્ઠાવાન સેવાવ્રતધારી શ્રી મગનલાલ સોની, ચુનીલાલ મહારાજ તેમજ કચ્છના બીજા કાર્યકરોનો સાથ સહકાર મળે તેવા ભરપૂર પ્રયાસો ચાલુ રાખ્યા.

શ્રી ફૂલજીભાઈ અને શ્રી અંબુભાઈ આ નિમિત્તે કચ્છના અને ખાસ કરીને અંજારના ખેડૂતોના સંપર્કમાં સારી પેઠે રહ્યા હતા. સરકારે શ્રી ભવાનજી અરજણ ખીમજીના પ્રમુખસ્થાને ભૂકંપ રાહત સમિતિની રચના કરી જ હતી. કચ્છના એક રાજપુરુષ અને આગેવાન શ્રી પ્રેમજીભાઈ ઠક્કર પણ આ સમિતિમાં મોવડી હતા. અમે એમને પણ મળતા રહ્યા સમજાવટ, વાટાઘાટો ચાલ્યા જ કરી. સરકારની, આ મોવડીઓની ભૂકંપ રાહત સમિતિની થતી દલીલોમાં તથ્ય પણ જણાતું. વાડી બચતી હોય તો બચાવીને નયાઅંજારના આયોજન પ્લાનને આગળ લઈ જવામાં ખાસ હરકત ન આવે તેમ રસ્તો કાઢવાની આશા પણ સૌને રહેતી.

એક તબક્કે તો નક્કી પણ થયું કે ભલે થોડી તો થોડી વાડીની જમીન બચાવવી. લોન-ગ્રાન્ટ અપાયેલી છે તેવા પ્લોટ હોલ્ડરો પૈકી થોડાક બીજી જમીનમાં મકાન કરવામાં સંમત પણ થયા. અને પુનાના કન્સલટીંગ એન્જિનિયરની મંજૂરીની સહી મળી જશે એવી ગણત્રીથી સહુએ રાહતનો શ્વાસ લીધો.

આમ છતાં કંઈ પરિણામ ન આવ્યું. એટલે લોકમતની જાગૃતિના હેતુથી કચ્છ પ્રાયોગિક સંઘના ઉપક્રમે ૨૧ દિવસનો શુદ્ધિપ્રયોગ તપોમય પ્રાર્થનાનો કરવામાં આવ્યો. તે વખતના નાનચંદભાઈ (હાલના જ્ઞાનચંદ્રજી - સાણંદ) અંજાર આવીને આ દિવસોમાં રહ્યા. કચ્છ પ્રા. સંઘના મંત્રી શ્રી મગનભાઈ સોનીના પ્રથમ ત્રણ ઉપવાસ (અઠમ) અને પ્રમુખ શ્રી ગુલાબશંકર ધોળકીયાના છેલ્લા અઠમના ત્રણ ઉપવાસ થયા. ઉપરાંત ૨૫૦૦ જેટલા ઉપવાસ એકાસણાં સહાયક તપશ્ચર્યામાં થયા. વ્યસન પણ કેટલાંકે છોડ્યાં. છાપાં, પત્રિકાઓ, સભા, સૂત્રો વગેરે દ્વારા લોકમત જાગૃત કરવાના પ્રયત્નો થયા.

ખેડૂત અને એક કાર્યકર ધનબાદ ઝરીયા જઈને વાડીના માલિકને પણ મળી આવ્યા. પણ તેમને મન આ કાયદેસરનો સીધો સાદો કિસ્સો છે તેમાં આમ શુદ્ધિપ્રયોગને શું સ્થાન ? એમને કંઈ ગડ જ ન બેઠી.

શ્રી જયપ્રકાશજીની લવાદી પર આ પ્રશ્ન છોડવાની વાત વાડીના માલિક કહે છે તેવી વાત પણ અમારી પાસે આવી. પણ આ પ્રશ્નમાં સ્પષ્ટતા અમારા મનમાં હતી જ કે કોઈ પણ સંજોગોમાં વાડી ન જ બચે તો, એવું જ રોટલાનું સાધન ખેતીની જમીન મળવી જોઈએ. વાટાઘાટોમાં આ વાત સામે કોઈનો

વિરોધ નહોતો. એટલે આવી બાબત લવાદીમાં આવી શકતી નથી એમ સમજીને અમે લવાદીની ના પાડી. કાનજીભાઈની વાડી તો લેવાઈ ગઈ હતી તેને બીજું રોટલાનું સાધન મળી ગયું પરંતુ ધરમશીભાઈની વાડી ન જ બચી છેવટે જમીનની સામે જમીનની વાત સ્વીકારવામાં આવી અને બદલામાં ધરમશીભાઈ આખા કચ્છમાં પસંદ કરે તેવી વાડી તેમને આપવી. તેની પૂરી રકમ ભૂકંપ રાહત સમિતિના ફંડમાંથી ચૂકવવી અને વાડીની પસંદગી ધરમશીભાઈને સાથે રાખી શ્રી છગનબાપા, શ્રી મગનભાઈ સોની અને શ્રી ફૂલજીભાઈ ડાભી એ ત્રણની સમિતિ કરે એમ મુંબઈમાં મુનિશ્રીની ઉપસ્થિતિમાં મળેલી એક બેઠકમાં નક્કી થયું. જોકે આમ નક્કી થતાં પહેલાં બેઠકમાં હાજર રહેલા શ્રી ભવાનજીભાઈ અને શ્રી પ્રેમજીભાઈ ઠક્કરને મુનિશ્રીએ ભારે સંવેદના સાથે કહેવું પડ્યું હતું કે,

"જો રોટલાનું સાધન આમ ઝૂંટવાઈ જાય અને ખેડૂતને રઝળવું પડે તો મારા જેવા સાધુએ વધુ તપ કરવું પડશે."

ધરમશીભાઈ મુનિશ્રીના આ મતલબના શબ્દો ટાંકીને કહેતા હોય છે કે "મુનિશ્રીને તપ કરવું પડે તે સ્થિતિ ભવાનજીભાઈ કે પ્રેમજીભાઈ ન જ ઈચ્છે. અને મુંબઈની બેઠકમાં જ વાડીના બદલામાં તેવી જ ઊપજ આપતી વાડી આપવાની વાત સ્વીકારી લીધી."

ધરમશીભાઈની પસંદગી સાથે કમિટીએ મુંદ્રાની વાડી પસંદ કરી અને તે વાડી ધરમશીભાઈએ ખરીદી લીધી. રકમ ભૂકંપ રાહત સમિતિએ આપી.

આ આખી ઘટના લાંબો વખત ચાલી અનેક ચડાવ ઉતાર, ભરતી ઓટ આવ્યાં. આશા નિરાશાના તબક્કા વટાવીને છેવટે ખૂબ જ સુખદ ઉકેલથી પ્રકરણનો અંત આવ્યો. જાણવા મુજબ આ પ્રકરણની માહિતી ઘટના ચાલુ હતી ત્યારે જ વિનોબાજીએ તેમની કચ્છયાત્રા દરમ્યાન જાણી લીધી હતી. જોકે તેમના પ્રતિભાવો કંઈ જાણવા મળ્યા નહોતા.

ખેડૂત પત્ની હરકુંવરબહેનની નિર્ભયતા અને હિંમત સાથેની મક્કમતા, પત્નીના પ્રેર્યા મક્કમ બનેલા અને ટકી રહેતા ખેડૂત ધરમશીભાઈનું મુનિશ્રી અને પ્રાયોગિક સંઘ ઉપરનું શ્રદ્ધાબળ લોકમતની જાગૃતિ, સંસ્થાગત સાવધતા અને કુનેહ સાથેનાં પગલાં, રાજ્યશાસક સંસ્થા અને શાસનકર્તા વર્ગની શુભેચ્છાઓનું સંકલન થવાથી અને અનુબંધ જોડાવાથી અતિ વિકટ અને ગુંચવાયેલ પ્રશ્ન હતો છતાં નવાં મૂલ્યનો સ્વીકાર થયો અને શુભતત્ત્વોનો વિજય થયો. જેમણે જેમણે આ ઘટનામાં ભાગ લીધો તે સહુનું સુંદર ઘડતર થયું.

ધરમશીભાઈ મુંદ્રામાં આજે સારી રીતે ખેતી કરે છે. બીજી વાડી પણ ખરીદી છે, અવારનવાર ભાલ નળકાંઠા ચિંચણના કાર્યક્રમોમાં આવે છે. અને પોતે આજે સુખી ખેડૂત તરીકે કામ કરે છે તેના મૂળમાં રહેલી આ ઘટનાનું વર્ણન કરી ભાવપૂર્વક તે પ્રસંગને સંભારે છે.

# ૨૭ સેનાપતિ અને સંતોનો અભિગમ

## સત્યાસત્યનો વિવેક કરીએ

મુનિશ્રી 'તત્ત્વાર્થ-સૂત્ર'નું ગુજરાતીમાં ભાષાંતર કરતા હતા. તેના લખાણમાં મદદ કરવા ઘાટકોપરથી પ્રભાબહેન કાન્તિલાલ અજમેરા ચિંચણ આવીને થોડા દિવસો માટે રહ્યાં હતાં. એમણે એક દિવસ પોતાના એક સંબંધીને કાર્ડ લખ્યું. ટપાલ નીકળી ગયા પછી કાર્ડ લખ્યું હોવાથી બીજા દિવસે ટપાલ નીકળે એટલે એમણે કાર્ડમાં બીજા દિવસની તારીખ નાખી, એમણે એ કાર્ડ મુનિશ્રીને વાંચવા આપ્યું. કાર્ડ વાંચીને મુનિશ્રીએ કહ્યું :

"પ્રભા, આજે તો આ તારીખ છે તેં કાલની તારીખ ભૂલમાં લખી લાગે છે !"

પ્રભાબહેન કહે :

"ના, ભૂલમાં નથી લખી, આજે કઈ તારીખ થઈ તે ખબર છે, પણ આજની ટપાલ તો નીકળી ગઈ છે. તેથી ટપાલ તો હવે કાલે જ નીકળવાની ને ? એટલે જ મેં કાલની તારીખ નાખી છે."

"પત્ર લખ્યો આજે અને પત્ર લખ્યા તારીખ લખી આવતી કાલની, સાચી તારીખ ન લખી એ અસત્ય થયું ન ગણાય ?"

મુનિશ્રીએ પ્રભાબહેનને પ્રશ્ન કર્યો. પ્રભાબહેન વિચારમાં તો પડ્યાં. પણ દલીલ કરી.

"એમાં અસત્ય લખવાનો આશય નથી. ટપાલમાં નીકળવાની તારીખ લખી એમાં અસત્ય શાનું ?"

મુનિશ્રીએ કહ્યું : "લખ્યા તારીખ અને ટપાલમાં નાખ્યા તારીખ એમ બન્ને તારીખો લખી શકાય ને ?"

★

શ્રી મણિભાઈની ઘડિયાળ બંધ પડી ગઈ હતી. ચાલુ કરીને સમય મેળવવા મુનિશ્રીને સમય પૂછ્યો.

મુનિશ્રીએ કહ્યું : "લગભગ... આસપાસ થયા હશે." મણિભાઈને મનમાં પ્રશ્ન થયો કે મહારાજશ્રી પાસે ઘડિયાળ છે તેમાં જોઈને ચોક્કસ સમય

કહી શકતા હતા. પછી લગભગ અને આસપાસ એમ કેમ કહેતા હશે ?

એટલે ફરી પણ એ જ પ્રશ્ન કહીને સમય જાણવા માગ્યો.

ફરીથી પણ મુનિશ્રીએ આ જ મતલબનો જવાબ આપ્યો એટલે મણિભાઈએ લગભગ અને આસપાસ શબ્દ શા માટે વપરાયા તે જાણવા માગ્યું.

મુનિશ્રીએ ખુલાસામાં એ મતલબનું કહ્યું કે, "ભારતના સ્ટાન્ડર્ડ સમય પ્રમાણે જ આ ઘડીઆળ છે એની ખાત્રી મને નથી. તમે સમય પૂછ્યો. ઘડીઆળના કાંટા પ્રમાણે જ સમય કહું તો સ્ટાન્ડર્ડ સમય કરતાં કદાચ તેમાં થોડો ફરક હોઈ પણ શકે. અંદાજ કે આસપાસ કહીએ તો અસત્ય કહ્યું એમ ન ગણાય."

પ્રવાસની તારીખો નક્કી થઈ હોય તેમાં એક ટાંક નીચે ઉમેરાતી કે ખાસ સંજોગોમાં કદાચ થોડો ફેરફાર થાય. જોકે અપવાદ કોઈ જ અનિવાર્ય હોય ત્યારે જ લેવાતો. અને તે ફેરફારની જાણ લાગતા વળગતાઓને તરત કરવામાં આવતી. કહ્યા પ્રમાણે સમય પાલનનો આગ્રહ અચૂક રખાતો. કાબૂ બહારનાં કારણોથી થતા ફેરફારનું પ્રાયશ્ચિત પણ લેતા.

આમ સત્યનું પાલન મનથી વચનથી અને વર્તનથી કરવાના આગ્રહને લઈને મુનિશ્રીના પ્રયોગ કાર્યના સાથી મિત્રો કેટલીક વખત અકળાતા.

અલબત્, સાથી મિત્રોને એમણે આ બાબતમાં ટોક્યા નથી. પોતાના જ આચરણથી જે અસર થાય તે થાય. કોઈક વાર તો સમૂહ પ્રાર્થનાની શરૂઆત નિશ્ચિત સમયે કોઈ જ હાજર ન હોય તોયે પોતે એકલા જ પ્રાર્થનાની શરૂઆત કરી દેતા.

## હુકમ અને અણસાર

આ ઉપરના પ્રસંગો સાંભળીને મનમાં થયું કે, સેનાપતિ યુદ્ધ જીતવા માટે લશ્કરને લક્ષ સુધી પહોંચાડવા સારુ માર્ગ પર સૈનિકો આગેકૂચ જારી રાખે તે માટે માર્ગદર્શન આપે છે, પણ સેનાપતિના માર્ગદર્શનમાં હુકમ હોય છે. સૈનિકો પર તે હુકમ લાદેલો જ હોય છે. હુકમનું પાલન, ફરજિયાત પાલન ન કરે તો સજા. સેનાપતિ માર્ગદર્શક ખરા. પણ તેના માર્ગે ચાલવામાં મૃત્યુ સુધીનું જોખમ.

જ્યારે સંતપુરુષ માર્ગદર્શન આપે છે તેમાં પોતાને લાગતા સાચા રસ્તે ચાલવાનો માત્ર ઈશારો કે અણસાર જ હોય છે. સાંભળનાર તે માર્ગે જાય કે ન જાય. શ્રદ્ધા હોય તે માર્ગે ચાલવા માંડે તો કદાચ મોક્ષ સુધી પહોંચી શકે. સંત સાવ નિર્લેપ તે માર્ગ સાંભળનાર ન પકડે તો યે સંતને સહેજ પણ વસવસો ન થાય.

આવા સાચા સંતના સમાગમમાં રહીને કેટલાય સાધક કક્ષાના કાર્યકરોએ પોતાના જીવનમાં ઘટતા ફેરફારો કરવાના પ્રયાસો કરીને જીવન ધન્ય બનાવ્યું છે.